# મહિલા પ્રભાવ નેટવર્ક
## શિષ્યપણું
## મેન્યુઅલ

એસોસીએશન ફોર ઈન્ટરનેશનલ
ડીસાઈપલશીપ એન્ડ એડવાન્સમેન્ટ( એઈડા)
એજ્યુકેશન રીસોર્સોના સહકારમાં

નામ ______________________________

સ્થળ ______________________________

રાજ્ય ______________________________

તારીખ ______________________________

# વીન ડિસાપ્લશીપ મેન્યુઅલ

Copyright ©
Association for International Discipleship Advancement,
(AIDA), New Delhi, India
2019

*આ મેન્યુઅલ તે મહિલા પ્રભાવ નેટવર્ક (વીન) નું પાઠ્યપુસ્તક છે જે મહિલા અને ઈસુ ખ્રિસ્તના ખરા શિષ્ય બનવામાં અને પુનઃસ્થાપિત થવામાં મદદ કરે છે. પછી સાહિત્ય એક વ્યવહારિક વ્યુહરચના દ્વારા મહિલાઓમાં અસરકારક આત્મિક ઘડતર કરે છે જેથી તેઓ અવિશ્વાસીઓને ઈસુ ખ્રિસ્તમાં દોરી લાવી શકે આ વિશ્વાસીઓને સમર્પિત શિષ્ય બનવાની તાલિમ પુરી પાડે છે.*

ER / AIDA *સંસ્થાના આ મહાનુભાવોએ*
*ડિસાપ્લશીપ મેન્યુઅલ લખ્યું છે*

*રેવ. શાન્તા રાવટે*
*શ્રીમતી રોન્ડા ડ્રેગોમીર*
*શ્રીમતી કેરોલીન અકબર*
*શ્રીમતી શીબા બૈજુ*
*શ્રીમતી માર્થા સ્પાર્ક્સ*
*રેવ. સ્ટીફન લીવરસેજ*
*રેવ. રોલેન્ડ બાઉલન*
*રેવ. પૉલ બ્રાઉન*
*રેવ. સ્ટીફન રાવટે*

**વેચાણ માટે નથી માત્ર ખાનગી વિતરણ માટે**

**NOT FOR SALE: FOR PRIVATE CIRCULATION ONLY**

***Printed at : NEW LIFE PRINTERS (P) LTD, Delhi, Ph. : 011-27659883***

# અનુક્રમાણિકા


અર્પણ

| | | |
|---|---|---|
| ૧. | શિષ્યપણાનો આદેશ | ૧ |
| ૨. | શિષ્યપણાની લાક્ષણીકતા | ૭ |
| ૩. | બેથાનિયાની મરિયમ સાચી મહિલા શિષ્ય | ૧૫ |
| ૪. | મહિલા શિષ્યની જીવનશૈલી | ૨૧ |
| ૫. | ઈસુ ખ્રિસ્તમાં | ૩૧ |
| ૬. | મહિલા શિષ્ય અને તેણીનો સંબંધ | ૩૫ |
| ૭. | મહિલા શિષ્ય અને આત્મા જીતનાર | ૪૩ |
| | • આત્મા જીતવાના કારણો ૪૩ | |
| | • કેવી રીતે સાક્ષી આપવી ૪૫ | |
| | • પંજા સુવાર્તા પ્રચાર ૪૮ | |
| | • રોમન રસ્તો ૫૧ | |
| ૮. | સમરૂની સ્ત્રી :<br>આત્મા જીતનાર / સાક્ષી | ૫૭ |
| ૯. | નાઓમી અને રૂથ | ૬૩ |
| | સારા શિષ્યપણા માટે યોગ્ય માર્ગદર્શક | ૬૩ |
| ૧૦. | પ્રિસ્કિલા : શિષ્ય બનાવનાર | ૬૯ |
| ૧૧. | વીન અને વીનર્સ | ૭૫ |
| ૧૨. | વીન જૂથની આગેવાની | ૭૯ |
| | પરિશિષ્ટ | ૮૪ |



# અર્પણ

*થેલ્માંમામાં બ્રાઉન ઓગષ્ટ ૧૩, ૨૦૦૯ના દિવસે તેમના ૯૦માં જન્મદિવસના એક માસ અગાઉ પ્રભુ પાસે ગયા. ૧૩ વર્ષની ઉંમરે ત્રણ મંડળીના પાળક તરીકે તેમણે સેવાની શરૂઆત કરી. કોલેજનો અભ્યાસ પૂરો કર્યા બાદ વહ પોતાના પતિ  ડૉ. વીલીસ કે બ્રાઉન સાથે ૪૫ વર્ષ આફ્રિકામાં મિશનેરી તરીકે સેવા કરી.*

*મામા બ્રાઉને ભારતમાં એઈડા બહેનોની સેવા શરૂ કરી હતી જો કે તેમના જીવનના છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન તેઓ કેન્સરથી પીડાતા હતા છતાંય ભારતના વિવિધ રાજ્યો, નેપાલ, બાંગ્લાદેશ ને મ્યાનમારમાં તેમણે સફર કરી હતી અને મંડળીમાં બહેનોને સુવાર્તાપ્રાચર ને સાક્ષી માટે સુસજ્જ કર્યા હતા.  મંચ ઉપર તેમની હાજરી પ્રેરણાદાયક રહેતી હતી.*

*બીજાઓના જીવનમાં તેમણે પાડેલ પ્રભાવ નીચેના પ્રતિભાવોથી જોઈ શકાય છે.*

*“હું શીખી શકી છું કે મામા બ્રાઉન આ ઉંમરે પણ પ્રભુની સેવા કરી શકતા હોય તો હું પ્રભુની સેવા કોઈપણ સમયે, કોઈપણ સ્થળે, અને ગમે તે સંજોગોમાં ને ઉંમરમાં કરી શકું.” (રેવ. જેન થોમન, હિમાચલ પ્રદેશ)*

*“મેં નક્કી કર્યું જો મામા બ્રાઉન સાત સમુદ્ર પાર કરી દેવની સેવા કરવા આવી શકે તો આપણે પણ મંડળી માટે કામકરતાં રહેવું પડશે.” (રોશની ફિલીપ્સ, વારાણસી, યુ.પી.)*

*“મામા બ્રાઉનને આખો દિવસ બેઠેલા જોઈ અને સાથે અમારા બધા ગોઠવાઈ જતા જોઈ મને ઉત્તેજન મળ્યું છે કે “સુવાર્તાનું કાર્ય મારે ઉપાડી લેવું જોઈએ.” (કેરોલીન અકબર, નાગપુર, મહારાષ્ટ્ર)*

*મામા બ્રાઉનના છેલ્લા સંદેશના શબ્દો હતા,* **“સુવાર્તા પ્રચારક કાર્ય પૂર્ણ થયું નથી. હજુ પૂર્ણ થવાનું બાકી છે. પૃથ્વી પર સૌથી મહાભારત કાર્ય આપણા પ્રભુ ઈસુનો સંદેશ પહોંચાડવાનું છે તે પેરુ કેં પશ્ચિમ બંગાળ અથળા બીજો કોઈ દેશ જે પ્રભુની વાત સાંભળવા રાહ જુએ છે.  યાદ રાખો કાર્ય પૂર્ણ થયું નથી. તમને શુભ સંદેશ ફેલાવવા પ્રભુ આશીર્વાદ આપો.”**

*સાચે જ સુવાર્તા પ્રાચરનું કાર્ય પૂર્ણ થયું નથી. ઈસુ ખ્રિસ્તના દરેક શિષ્યએ તેમના સાક્ષી બનવાનું છે ખરા શિષ્યાની એ લાક્ષણિકતા છે કે તે બીજાને ખ્રિસ્તમાં દોરી લાવે અમે પ્રાર્થના કરીએ છીએ કે દેવની દયાથી દરેક વીનર આત્મા જીવનાર બની જાય પ્રભુને માટે ઘણા ફળ ઉત્પન્ન કરનાર બની જાય. (યોહા. ૧૫ :૨-૬)*

# 1
# શિષ્યપણાનો આદેશ

**ચાવીરૂપ કલમ ૧ કોરંથી ૯ :૧૯**

*"કેમકે સર્વથી સ્વતંત્ર છતાં, ઘણા માણસોને લાવવા સારું હું મારી જાતે સર્વનો દાસ થયો."*

*ઈસુએ પોતાના શિષ્યોને આખરી આદેશ આપ્યો કે, "...* **જાવ અને સર્વ દેશનાઓને શિષ્ય બનાવો.** *(માત્થી ૨૮ :૧૯) શિષ્ય શબ્દનો અર્થ છે શીખનાર : જેઓને શીખવવામાં આવે છે. હકીકતમા બીજું ભાષાંતર કહે છે* **જાવ.. અને સર્વ દેશનાઓને શીખવો**... *કલમ ૨૦ શીખવવાનો હેતુ ખૂબ સ્પષ્ટ કરે છે. જે જે મેં તમને આજ્ઞા આપી તે સર્વ પાળવાનું તેઓને શીખવો." ઈસુ ખ્રિસ્તના શિષ્યો એ છે કે જેઓ તેમનું શિક્ષણ શીખે છે એટલું જ નહિ પરંતુ તેને પાળે છે તેમના શિક્ષણમાં મહાન આદેશ સમાવિષ્ટ છે એટલે ખરા શિષ્યો એ છે કે જેઓ છેવટે બીજાઓને શિષ્ય બનાવે છે અને દેવની બધી આજ્ઞા પાળવાનું શીખવે છે.*

*પૃથ્વી પરની સેવા દરમ્યાન ઘણા લોકો ઈસુને અનુસરતા હતા. લોકોનો મોટો સમુદાય સાજાપણું પામવા તેમની આસપાસ એકત્ર થતો હતો. (માત્થી ૮ :૧૬) તેમના ચમત્કારો જોઈને લોકોના ટોળે ટોળા તેમની પાછળ ચાલતા હતા (યો. ૬ :૨) ઘણાં બધા જેઓ ઈસુની પાછળ ચાલતા તેઓ કહેતા તેમને ઈસુના શિષ્યો બનવું છે અને તેમની પાસેથી શીખવુ ંછે આખરે મોટાભાગના તેમને છોડીને જતા રહ્યા. (યો. ૬ :૬૬) છતાંય તેમના ખરા શિષ્યો એ હતા જેમણે બધાનો ત્યાગ કર્યો અને તેમની પૃથ્વી પરની સેવાના અંત સુધી તેમની પાછળ ચાલ્યા અને તેઓના જીવનના અંત સુધી ઈસુને અનુસર્યા (માર્ક ૧૦ :૨૮) તેઓ તેમને અનુસર્યા અને ગાઢ સબંઘમાં જીવ્યા અને મહત્ત્વનું સત્ય તેમની પાસેથી શીખ્યા અને ઈસુ માટે 'માણસોના પકડનારા' બન્યા.*

*અમેરિકન ટ્રાક્ટ સોસાયટીની ડીક્ષનેરી મુજબ "ઈસુ ખ્રિસ્તના શિષ્યની વ્યાખ્યા છે કે જે તેમના સિદ્ધાંતો માને છે, તેમના બલિદાન પર આધાર રાખે છે, તેમના આત્મામાંથી પીવે છે, તેમના ઉદાહરણનું અનુકરણ કરે છે, અને તેમના કાર્યો કરવા જીવન જીવે છે. "આ દર્શાવે છે કે ઉદ્ધાર પછીનું આગળનું પગલુ તે શિષ્યપણું છે. ઉદ્ધાર એ તો શિષ્ય બનવા શરૂઆત છે. વ્યક્તિ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરી બચાવ પામે છે. ઉદ્ધાર* **"કૃપા દ્વારા વિશ્વાસથી થાય છે." "તે તમારા તરફથી નથી એ તો દેવનું દાન છે."** *(એફેસી ૨ :૮) પરંતુ શિષ્યપણાની પ્રક્રિયા પાછળથી આપણા જીવનોને તારનાર પ્રભુ ઈસુના નમૂના અને આજ્ઞાનુસાર ઘડવાનું છે અને તેની સેવા કરવાનું કામ કરે છે અને મૃત્યુ પર્યંત તેમને વિશ્વાસું રહેવાથી તેમની હાજરીમાં લઈ જવાનું કામ કરે છે.*

*વિશ્વાસીના પક્ષે શિષ્યપણામાં શિસ્ત ને સમર્પણની જરૂર પડે છે શિષ્યપણામાં શિક્ષણ અને શીખવું બંને સમાવિષ્ટ છે. શિષ્ય બનાવનાર શીખવે છે જ્યારે શિષ્ય બનનાર શીખે છે. ચાર સુવાર્તામાં આપણે વાંચીએ છીએ કે ઈસુ ખ્રિસ્તે તેમના શિષ્યોને કેવી રીતે શીખવ્યું. પ્રેરિતોના કૃત્યોમાં આપણે વાંચીએ છીએ કે કેવી રીતે નવા વિશ્વાસીઓને ઈસુ ખ્રિસ્ત ના શબ્દોનું જે શિક્ષણ પ્રેરિતો આપતા હતા તેને વળગી રહ્યા. (શિષ્યોએ શિષ્યો બનાવ્યા, અને તે બધા ખ્રિસ્તીઓ કહેવાયા (પ્રે.કૃ. ૧૧ :૨૬) તે સિવાયનો આખો નવો કરાર ખ્રિસ્તી શિષ્યપણા માટે દેવનું વચન હતો અને છે. તેનો અર્થ કે શિષ્યપણું અને ઈસુ ખ્રિસ્તની ભાત મુજબનું જીવન જીવવું એટલે શાસ્ત્રમાં જે જીવન શૈલી દર્શાવી છે તે મુજબ જીવવું.*

*ઉદ્ધારન કે જેમાં માત્ર એકલા દેવથી છે તેનાથી ઉલટું શિષ્યપણું તે આપણી અને દેવની વચ્ચેની ભાગીદારી છે. જ્યારે આપણો દેવ મારફતે ઉદ્ધાર થયો, આપણે દેવના પવિત્ર આત્માથી ભરપૂર થયા જે દેવને પસંદ પડે તેવું જીવન જીવવા આપણી મદદ કરે છે. (યો. ૧૪ :૨૬, પ્રે.કૃ. ૫ :૩૨, ૧ કોરંથી ૧૨ :૩) આપણે પોતાનો ઉદ્ધાર કરવા કશુ કરી શકતા નથી પવિત્ર આત્મા જેમ શક્તિ આપે તેમ આપણે શિષ્ય, બનવા કશુંક કરીએ છીએ. બાઈબલ કહે છે પવિત્ર આત્મા ઈસુ ખ્રિસ્ત વિષે સાક્ષી આપે છે અને તેને મહિમા આપે છે (યો. ૧૫ :૨૬, ૧૬ :૧૩-૧૪) આપણે પવિત્ર આત્મા સાથે સક્રિય ભાગીદારી અને સહકાર વિના સારા શિષ્યો બની શકતા નથી. પવિત્ર આત્મા શિષ્યપણા માટે જરૂરી શક્તિ પૂરી પાડે છે. આપણા જીવનમાં દેવના વચનોનો ઉપયોગ કરી પવિત્ર આત્મા આ કાર્ય કરે છે.*

જો તમે ઈસુ ખ્રિસ્તના શિષ્ય બનવા માંગો છો તો દેવના વચનની સુચના અનુસાર અને પવિત્ર આત્માની મદદથી તમે તેના શિષ્ય બનવા માટેની બધી આજ્ઞાઓ શિખશો અને પાળશો. તમે તમારો ક્રુસ ઉચકીને પોતાનો નકાર કરી તેની પાછળ ચાલશો (માર્ક ૮:૩૪) તમે જેમણે દેવની કૃપા જાણી છે અને દેવની કૃપા દયાનો અનુભવ કર્યો છે તમારા શરીરનું શરીરનું જીવતુ, પવિત્ર અને દેવને પસંદ પડે તેવું અર્પણ કરશો (રોમન ૧૨:૧). તમે જગત પર અને જગતના વાનાઓ પર પ્રેમ કરવાનું બંધ કરશો (૧ યો ૨:૧૫). તમે એ નક્કી કરો છો આ જગતના રીતરીવાજ, ફિલસૂફી અથવા પ્રણાલિકા મુજબની ટેવો તમારા જીવનમાં નહી પાડો અને તેના જેવા બનશો નહી. પરંતુ દેવની સંપૂર્ણ ઈચ્છા મુજબ પોતાને શિસ્તમાં લાવી જીવન જીવશો (રોમન ૧૨:૨). જ્યારે તમે આ રીતે પોતાની જાતને સમર્પિત કરશો અને પવિત્ર આત્માને તમારા જીવનમાં એવી રીતે કાર્ય કરવા દેશો કે તે તમારામાં "ઈસુ ખ્રિસ્ત જેવી" જીવનશૈલી બનાવે, દેવે જેમણે ઉધ્ધારના સારા કાર્યનો આરંભ તમારામાં કર્યો છે તે ચોક્કસ તેને પૂર્ણ કરશે (ફિલીપી ૧:૬) અને તમારા શિષ્યપણાના પરિણામે તમારામાં ઈસુ ખ્રિસ્તના જેવું ચારિત્ર્ય બનશે. પરંતુ તમે ઘણા શિષ્યોને "માણસોના પકડનારા" બનાવશો. તમારી શિષ્યપણાની જીવનશૈલી તમને શિષ્ય બનાવનાર બનાવશે ને તમે તમારા જેવા ઘણા ખરા શિષ્યો બનાવશો. આ મંડળીનુ જીવન ચક્ર છે જે દરેક ખ્રિસ્તી માટે બનાવાયુ છે. ઈસુ ખ્રિસ્તનો મહાન આદેશમાં આજ ઈરાદો હતો.

આપણી સંસકૃતિના માત્ર થોડા ટકા ખ્રિસ્તીઓ હોવાથી આપણી સમક્ષ મોટી બહુમતીને પહોંચવાનું લક્ષ્ય છે - બધી જાતિના, કુળના ને ભાષાના લોક, ભટકી ગયેલા લોકોને અનંતકાળના નાશમાંથી ખેંચી કાઢી ઈસુ ખ્રિસ્તના ખરા શિષ્યો બનાવવાના છે. આપણા દેશનું ચિત્ર ત્રણ પડકારો રજુ કરે છે.

૧. **વસ્તી** : દુનિયાના કોઈપણ દેશ કરતા વધુ અને (વિશાળ) લોક જૂથો ભારતમાં છે જેમાં ખ્રિસ્તીઓ, મંડળી. અથવા કાર્ય કરનારા નથી.... વિશ્વના બીજા કોઈપણ દેશમાં આટલા બધા સુવાર્તા વિહીન લોકોના સમૂહ નથી (ઓપરેશન વર્લ્ડ ૭ આવૃતિ ૨૦૧૦ પાન નં. ૪૦૫-૪૧૭). હાલમાં ઉપલબ્ધ પૂર્ણ સમયી સુવાર્તિક અને પાળકોથી આ કાર્ય થઈ શકે તેમ નથી.

૨. **જાતિ બાબતે વલણ** *: ઘરોમાં અને બહાર ભારતમાં સ્ત્રીઓને તેમની સ્વતંત્રતા બાબતે ખુબ અડચણો ઉઠાવવી પડે છે. જેથી તેમની સલામતી અને સ્વાસ્થય જોખમમાં મુકાય છે. આજના દિવસોમાં જ્યારે ભારે મોટા આધુનિક જીવનશૈલીના પરિવર્તનો થઈ રહ્યા છે. ત્યારે ઘણાઓ નિ:સહાયને આશા વિહીન સ્થિતીમાં છે ન્યાય સમક્ષ તેઓ માંગણી કરે છે રડે છે તેઓ પોતાના હક્કો માટે હવાતીયા મારે છે કે તેમને યોગ્ય ગણવામાં આવે ને વિસાતમાં લેવામાં આવે. પરંતુ તેઓને ખબર પડતી નથી કે તેમની પ્રાથમિક જરૂરીયાત આધ્યાત્મિક ને અનંતકાલીક પ્રકારની છે તેઓને કોણ એ પ્રકાશ પહોંચાડશે કે એક તેમના માટે મૃત્યુ પામ્યા છે અને તેમને ખરી યોગ્યતા માટે જીવે છે?*

*૩.* **જાણકારીનો અભાવ** *: દેવ અજાયબ કાર્ય કરી રહ્યા છે અને ઘણા લોકો ખ્રિસ્તપાસે આવે છે. નવા વિશ્વાસીઓ મધ્યે ઘણા બધા પ્રમાણમાં બહેનોની સંખ્યા છે જેમને કેવી રીતે શિષ્ય બનવુ તે શીખવવાનું છે. ગંભીર મૂલ્યાકંનો દર્શાવે છે કે દેવની ભલાઈમાં તેઓ વિશ્વાસમાં વૃધ્ધિ પામી રહ્યા છે પરંતુ દેવના વચનના શિક્ષણનો અભાવ તેઓમાં છે. તેથી તેમાના ઘણા જ્યારે વિરોધીઓ મારફતે સતાવણીને દબાણ થાય ત્યારે તેઓ વિશ્વાસનો ત્યાગ કરે છે. બીજી તરફ જો તેમને ખરા શિષ્યની તાલિમ અપાય તો તેઓ દેવના રાજય માટે કામ કરનારા થઈ જાય મધપુડાની સેવક મધમાખીની જેમ - આયોજન કરશે, મહેનત કરશે અને બીજાઓને ખ્રિસ્ત પાસે લાવશે.*

*તેથી બહેનો મધ્યે દેવના વધુ મજુરો, ઈસુના ખ્રિસ્તના સાક્ષીઓ અને શિષ્યો બનાવવાનારાની જરૂર છે. ઘણા મંડળીના આગેવાનોને તે વાત સમજાય છે કે પુરુષો કરતા સ્ત્રીઓ વધુ અસરકારક સુવાર્તિક છે કારણ તેઓ બહેનો ઉપરાંત બાળકો કિશોરોને વૃધ્ધોને પણ પહોંચી શકે છે. શિષ્ય બનાવનાર તરીકેની બહેનોની ક્ષમતાનો પ્રભાવ ભારે મોટો છે.*

*લક્ષ્યની તત્કાલીનતા બે બાબત કરવાની ફરજ પાડે છે.* **પ્રથમ** *આપણે ઈસુ ખ્રિસ્તના શિષ્યો તરીકે પોતાને પુન: સમર્પિત કરવાની અને પ્રાર્થના પૂર્વક સ્વ મૂલ્યાંકન કરવાની તાતી જરૂર છે. (યોહાન ૮:૩૧)*

બીજુ આપણે પોતાની જાતને ધગશ ભરેલા સાક્ષી અને શિષ્ય બનાવનાર બનવા માટે સમર્પિત કરવાની છે.

મહિલા પ્રભાવ નેટવર્ક (વીન) આ બંને લક્ષ્ય પૂર્ણ કરવા બનાવવામાં આવ્યુ છે. જે બહેનો મહિલા પ્રભાવ નેટવર્ક (વીન)માં ભાગ લેશે તેઓ મહાન આદેશ પૂર્ણ કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. દેવે તમને પસંદ કર્યો છે આથી વધુ મોટી કોઈ તક નથી.


મહિલા પ્રભાવ નેટવર્કનું દર્શન :

ખ્રિસ્તી બહેનોને ઘેરા શિષ્યપણાના અનુભવમાં જવાનું આહવાન આપે છે અને બીજી બહેનોમાં આત્મિક ઘડતર કરી તેઓને શિષ્ય બનાવનારા બનવાની તાકાત આપવાનુ છે. ચાલો વીનર્સ બનીએ !

ચાલો મહિલા પ્રભાવ નેટવર્ક દર્શધારી બનીએ (વીન)

દેવને સઘળો મહિમા હો,
ઈસુ ખ્રિસ્તના શિષ્યના જીવનમાં
તેમની કૃપા સર્વ સારા કાર્યનો પાયો છે
ઈસુ ખ્રિસ્તને માટે તમારાં

મહિલા પ્રભાવ નેટવર્ક દર્શનધારી



# 2 શિષ્યની લાક્ષણિકતાઓ

**ચાવીરૂપ કલમ કલોસી ૧: ૧૦**

*તમે પૂર્ણ રીતે પ્રભુને પ્રસન્ન કરવાને સારું યોગ્ય રીતે વર્તો, અને સર્વ સારા કામમાં તેનું ફળ ઉપજાવો અને "દેવ વિષેના જ્ઞાનમાં વધતા જાઓ."*

**પ્રસ્તાવના :-**

૧. ઘણાઓ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે છે પરંતુ શિષ્ય તેમના પર પ્રેમ રાખે છે ને નીકટતાથી તેમની સાથે ચાલે છે.

અ. લોકોના ટોળા ઈસુ ખ્રિસ્તની પાછળ, ભોજન, ચમત્કાર, સાજાપણું, છુટકારો અને રાજકીય સ્વતંત્રતા માટે ચાલતા હતા. તેઓ ઈસુ ખ્રિસ્તના શિષ્યો હતા (યો ૬:૧૪-૧૫) ?

બ. બાર પ્રેરિતોએ પોતાનું વ્યક્તિગત જીવન મુકી દીધુ હતુ અને તેઓ ઈસુ ખ્રિસ્તની પાછળ ચાલતા હતા. તેઆકે તેના શિષ્યો હતા (માથ્થી ૪:૧૯-૨૦)?

૨. આ પાઠમાં આપણે ઈસુ ખ્રિસ્તના ખરા શિષ્યની લાક્ષણિકતાઓ શોધી કાઢીશું અને આપણે કેવી રીતે ખરા શિષ્ય બની શકીએ તે શીખીશું.

**ઈસુ ખ્રિસ્તના ખરા શિષ્યની લાક્ષણિકતાઓ**

૧. ખરો શિષ્ય **બીજી બધી બાબતો કરતા દેવ પર વધુ પ્રેમ રાખે** છે. (લૂક ૧૪:૧૬-૨૬)

અ. શિષ્યના જીવનની વધુ દશ્યમાન થતી લાક્ષણિકતા તેનો દેવ પ્રત્યેનો પ્રેમ છે. આપણા ઈસુ ખ્રિસ્ત પરના પ્રેમ સાથેના સંબંધને બીજા કોઈ પ્રેમથી તોલી શકાય નહી. ઈસુ ખ્રિસ્ત પરનો આપણો પ્રેમ આપણે પોતાની જાત પર જે પ્રેમ કરીએ તેથી વિશેષ હોવો જોઈએ, આપણે તેના પર આપણો

ઈચ્છાઓ, સ્વપ્ના, ટેવો, એશઆરામ, મનપસંદ બાબતોથી વિશેષ પ્રેમ રાખવાનો છે.

**બ.** ઈસુ ખ્રિસ્ત પ્રત્યેના શિષ્યના પ્રેમની સરખામણીમાં બીજા બધા પ્રેમ ધિક્કાર બરોબર છે.

★ આપણે જાણીએ છીએ કે આપણે આપણા કુટુંબનો ધિક્કાર કરવાનો નથી. ઉદાહરણ તરીકે પિતરે પોતાની પત્ની ની સેવામાં સામેલ કરી (૧ કોરીંથ ૯:૫)

★ આપણે જાણીએ છીએ કે આપણે આપણા કુટુંબની અને સગાવહાલાની સંભાળ લેવાની છે. બાઈબલ કહે છે જે આ કરતો નથી તે "અવિશ્વાસી કરતા ભૂંડો છે" (૧ તિમોથી ૫:૮).

★ નીતિ ૩૧: ૩૦-૩૧ બહેનોને ઉદ્યમી, દેવનું ભય રાખનારા છે. અને પોતાના ધરનાની સારી રીતે સંભાળ લેવાને ઉત્તેજન આપે છે. નવા કરારમાં ૧ તિમો ૨:૯-૧૦ અને ૧ પીતર. ૩: ૧-૬ નું લખાણ કે જૂના કરારના ઉત્તેજનનું ટુંકુ રૂપ છે.

★ લૂક ૧૪: ૨૬ માં દ્રેષ શબ્દનો અર્થ છે "ઓછો પ્રેમ" આપણે ઈસુ ખ્રિસ્ત પરના પ્રેમ કરતા ઓછો પ્રેમ કુટુંબ અને સગાવહાલા પર કરવાનો છે.

- આપણા કુટુંબ અને સગા કરતા પ્રથમ અગ્રિમતા ઈસુ ખ્રિસ્ત અને તેના કાર્યને આપવાની છે.
- જો તે સુવાર્તા પ્રગટ કરવા આપણને દેવ તેડું આપે તો તેમનો ત્યાગ કરવાની તૈયારી રાખવાની છે.
- જો દેવ તેઓને આપણી પાસેથી લઈ લે તો કોઈ જ કચ કચ વીના દેવને આધીન થવાનુ છે.

ક. ઈસુ ખ્રિસ્ત આ સત્યને માત્થી ૧૦:૩૭ વધુ સાહિત્યીક રીતે રજુ કરે છે. ઈસુ ખ્રિસ્ત પર સર્વ શ્રેષ્ઠ પ્રેમ રાખવાનો છે તે અર્થમાં આ કલમ સમજવલાની છે. જોવા તે નથી તો શિષ્ય કહેવડાવવાને અથવા ખ્રિસ્તી ગણાવાને આપણે યોગ્ય નથી.

ડ. જે શિષ્યા પોતાના જીવનમાં ઈસુ ખ્રિસ્તને પ્રથમ સ્થાન આપશે તેનો બદલો મળશે. (માથ્થી ૬:૩૩, માર્ક ૧૦:૨૮-૩૦)

૨. *ખરી શિષ્યા* **પોતાનો વધસ્તંભ ઉચકે છે** *(લૂક ૧૪:૧૭ માર્ક ૮:૩૪-૩૫).*

*અ. આજના જેમ નહિ પરંતુ શરૂઆતની મંડળીમાં ક્રુસનુ પ્રતિક મૃત્યુની નિશાની હતુ. જો મહિલા પોતાના જીવનમાં ઈસુ ખ્રિસ્તના શિષ્ય બનવાનું પસંદ કરે તો તેણીને દરરોજ પોતાનો ક્રુસ ઉઠાવવો પડશે.*

*બ. આ તો પાઉલના જેવું વલણ આપણે રાખવું પડશે "મારે જીવવુ તે ખ્રિસ્તને મરવુ તે લાભ છે" (ફિલીપી ૧: ૨૧) ઈસુ ખ્રિસ્તને ખાતર ને તેમના કાર્યને ખાતર તેણીએ પોતાના જીવનને ન્યોછાવર કરવા તૈયાર રહેવું પડશે.*

*ક. પોતાના દેહની ઈચ્છાઓ પર કાબુ મેળવવા જાતે તેમનો નકાર કરવો પડવો પડશે. ઈસુ ખ્રિસ્તના અનુયાયીએ દુન્યવી મોજમઝા, સમૃધ્ધિની તૃષ્ણા રાખવાની નથી પરંતુ શિસ્તમાં રહેવાનું છે.તેણીએ ઈસુ ખ્રિસ્તને ખાતર હંમેશા સ્વનકાર અને સર્વસ્વનો ત્યાગ કરવા તૈયાર રહેવાનુ છે તેમા જગીક એશઆરામ અને આનંદ પ્રમોદનો સમાવેશ થાય છે.*

*ડી. ખ્રિસ્તી સેવા કાર્ય માટે જે કાંઈ બોજ દેવ તેને આપે તે મહિલાએ હિંમતપૂર્વક ઉઠાવી લેવાનો છે તથા સાથે સાથે કૌટુંબિક જવાબદારીઓનો બોજ ઉઠાવવાનો છે.*

- *આ કરતી વખતે એ મહત્વનું છે મહિલા શિષ્ય દેવે આપેલ બોજ અને પોતાના અને બીજાના પાપી કૃત્યોના લીધે આવતા બોજ અલગ કરવાના છે. (દા.ત. શોષણ)*
- *શિષ્ય ઈસુ ખ્રિસ્ત સાથે ઝુસરીમાં જોડાયેલી છે.(મા ૧૧:૩૦) જ્યારે બોજો વધુ ભારે લાગે ત્યારે મહિલા શિષ્યએ ઈસુ ખ્રિસ્ત પાસે ડહાપણને મદદ માંગવાની છે અને પાપથી થયેલા બોજાઓને ફેંકી દેવાના છે અને જે બોજા ઉંચકવાની તાકાત દેવ આપે છે તે ઉચકવાના છે.*

૩. *ખરી મહિલા શિષ્ય* **ઈસુ ખ્રિસ્તને અનુસરે છે.** *(લૂક ૧૪:૨૭)*

*અ. ઈસુ ખ્રિસ્તને અનુસરવુ એટલે તેમની આજ્ઞાઓ માનવી જે કોઈ ઈસુ ખ્રિસ્ત પર પ્રેમ કરે છે તે તેમના શિક્ષણને માને છે. અને જેઓ તેમની આજ્ઞાઓ પાળે છે તેઓ તેમના પ્રેમમાં રહે છે (યો. ૧૪:૨૩, યો ૧૫: ૧૦)*

*બ. ઈસુ ખ્રિસ્તને અનુસરવુ એટલે તેમના ઉદાહરણની નકલ કરવી. ખરી મહિલા શિષ્ય સતત ઈસુ ખ્રિસ્તના જીવન અને શિક્ષણ પર મનન કર્યા કરે છે. તેમના નમૂના મુજબ તેણી દરરોજ પોતાને સુધારવાની ને બદલાવાની ટેવ પાડે છે. (ફિલીપી ૨:૪)*

*ક. ઈસુ ખ્રિસ્તને અનુસરવુ એટલે સંપૂર્ણપણે પોતાની જાતને દેવના ઈરાદાઓ માટે સમર્પીત કરી દેવી. પાઉલના જેવુ સમર્પણ જેમણે કહ્યું "મારે જીવવુ તે ખ્રિસ્ત" (ફિલીપી ૧: ૨૧)*

*ડ. ઈસુ ખ્રિસ્તને અનુસરવુ એટલે મરણપર્યંત તેમને વિશ્વાસુ રહેવું. મહિલા શિષ્ય ખ્રિસ્ત પરના વિશ્વાસમાં અડગ રહે છે. તે તેમને કદી ત્યાગ ન કરવાની પ્રતિજ્ઞા કરે છે. જેણે માત્ર આરંભ કર્યો તે નહી પરંતુ જે પૂર્ણ કરે છે. તેને બદલો મળે છે. (ફિલીપી ૩:૧૧-૧૪, પ્રકટી ૨:૧૦)*

૪. *ખરી મહિલા શિષ્ય* **પોતાની વસ્તુ જતી કરવા તૈયાર હોય છે**. *(લૂક ૧૪:૩૩, માર્ક ૧૦:૨૧)*

*અ. શિષ્યો પોતાના જીવનના માલિકો નથી તેઓ માત્ર કારભારી છે (૧ કરીંથ ૬:૧૯)*

*બ. બેથાનિયાની મરિયમે કિંમતી જટામાસીનું અત્તર - જે તેની પોતાની માલિકીનું હતુ - તે ઈસુ ખ્રિસ્તના ચરણોમાં રેડી દીધું. (યો ૧૨:૩)*

*ક. જુવાન અધિકારીમાં એક વાત ખૂટતી હતી : તે પોતાની મિલ્કત પર ઈસુ ખ્રિસ્ત કરતા વધુ પ્રેમ રાખતો હતો તેથી તે તેમને અનુસરતો નથી (માર્ક ૧૦: ૨૧-૨૨)*

૫. *ખરી મહિલા શિષ્ય* **દેવના વચનની જાણકાર છે ને તેમાં વૃધ્ધિ પામે છે**. *(યો. ૮:૩૧)*

અ. ઘણા જેઓ ઈસુ ખ્રિસ્તને અનુસર્યા તેમણે શરૂઆતમાં વિશ્વાસ કર્યો પરંતુ પાછળથી જતા રહ્યા. (યો ૬:૬). ઈસુ ખ્રિસ્તે એ જાહેર કર્યું કે જે તેમના વચનમાં રહે છે તે તેમનો શિષ્ય છે આપણે તેમના વચનના વિશ્વાસમાં લાગુ રહીએ છીએ અને આજ્ઞાધિનતામાં વૃધ્ધિ પામીએ છીએ કે કેમ તે આપણા ઈસુ ખ્રિસ્તના ખરા પ્રેમની પરિક્ષા છે.

બ. જેમ નવુ જન્મેલુ બાળક દૂધ માટે ભૂખ્યું હોય છે તેવી દેવના વચન માટે મહિલા શિષ્યને ઈચ્છા હોય છે (૧ પિ. ૨:૨)

ક. દેવના વચનરૂપી ખોરાક વડે મહિલા શિષ્યોને જીવવાની જરૂર છે જેથી તે આત્મિક રીતે વૃધ્ધિ પામે અને શેતાનને હરાવી શકે. દેવના વચનરૂપી ખોરાક લેવો એટલે આપણે ઈસુ ખ્રિસ્તમાંથી ખોરાક લીધા બરોબર છે (માત્થી ૪:૪, યો ૬:૩૫)

ડ. મહિલા શિષ્ય તેની ઝુંસરી લે છે અને તેમની માતા આજ્ઞા પાળવાને અને દેવના વચનમાં પ્રગટ કરેલ દેવની ઈચ્છા પૂર્ણ કરવાને શીખે છે (માત્થી ૧૧: ૨૯-૩૦)

૬. ખરી મહિલા શિષ્ય **પવિત્ર જીવન જીવીને દેવને પ્રસન્ન કરવા પ્રયત્નશીલ છે** (૧ પી ૧:૧૫)

અ. દેવે ઈસુ ખ્રિસ્તના શિષ્યોને પવિત્ર જીવન માટે તેડુ આવ્યુ છે (૧ થેસ્સા ૪:૭)

બ. ઉધ્ધારના સમયે આપણને ઈસુ ખ્રિસ્તમાં પવિત્ર બનાવાયા હતા અને પવિત્રીકરણમાં સતત જીવવા બોલાવવામાં આવ્યા છે (૧ કંરીથી ૧:૨)

ક. "પવિત્ર" શબ્દનો અર્થ છે આપણી આસપાસના અવિશ્વાસી લોકોની જીવનશૈલીથી અલગ કરાયા છીએ અને દેવને ખાતર ને તેમના માટે સમર્પીત થયા છીએ. જેઓ મહિલા શિષ્યો નથી તેનાથી મહિલા શિષ્ય અલગ જુદી હોવી જોઈએ તેણી જીવંત પવિત્ર દેવને સમર્પિત છે.

ડ. દેવના ઉધ્ધારને શિષ્યના જીવનમાં દેવની હાજરીનું પ્રમાણ પવિત્રતા છે (૧ થેસ્સા ૩:૬-૯)

૭. ખરી મહિલા શિષ્ય બીજી મહિલા શિષ્ય પર પ્રેમ રાખે છે (યો ૧૩:૩૪-૩૫)

અ. ભાઈઓ પ્રત્યેનો એકબીજાનો પ્રેમ પ્રથમની સદી ખ્રિસ્તીઓની ખાસ ધ્યાન ખેંચે તેવી લાક્ષણિકતા હતી કે ઈતિહાસકારે તેમના વિષે લખતા નોંધ્યુ છે "તેઓ એકબીજાને ઓળખ્યા વગર પ્રેમ રાખતા હતા" તેઓ ઈસુ ખ્રિસ્તના અનુયાયી છે તેની આ સાક્ષી છે.

બ. પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા દેવનો મહાન પ્રેમ વ્યક્ત કરવામાં આવ્યો છે તે તેઓએ જોયો હતો માટે શિષ્યો એકબીજા પર પ્રેમ રાખતા હતા.

ક. જે કોઈ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે છે તે દરેક દેવનુ બાળક છે. અને જે કોઈ પિતા પર પ્રેમ રાખે છે તે તેમના બાળકો પર પ્રેમ રાખે છે. (૧યો ૫:૧)

ડી. "પ્રેમ" માટે ગ્રીક ભાષામાં ત્રણ શબ્દો છે - ઈરોસ, ફિલીપે, આગાઓ. ૧ યોહાનમાં "આગાપે" શબ્દ વાપરેલો છે તેનો અર્થ નિસ્વાર્થ પ્રેમ છે. દેવના નિસ્વાર્થ પ્રેમની માફક શિષ્યોએ એકબીજા પર પ્રેમ રાખવાનો છે. (૧ યોહાન ૩: ૧૬-૧૮). આ ખરી સંગતમાં દોરી જાય છે જે સલામતીની ભાવના ઉત્પન્ન કરે છે.

૮. ખરી મહિલા શિષ્ય **પુષ્કળ ફળ ઉત્પન્ન કરે છે**. (યો. ૧૫:૫)

અ. દેવ માળી છે ઈસુ દ્રાક્ષાવેલો છે ને શિષ્યો ડાળીઓ છે અને ડાળીઓ ફળ પેદા કરવા માટે છે. જે ડાળી ફળ આપતી નથી તેને કાપીને બાળી દેવામાં આવે છે ખરા ખ્રિસ્તી શિષ્યપણાની પરિક્ષા દેવ માટે ફળ ઉત્પન્ન કરવામાં છે (યો. ૧૫: ૧-૨,૬)

બ. 'પુષ્કળ ફળ' નો અર્થ સારા કાર્યોમાં ફળવંત બનવુ, હંમેશા દેવના કામમાં વ્યસ્ત રહેવું. આપણો વિશ્વાસ આપણું બદલાણ અને આપણો અનંતકાળનો ઉધ્ધાર કાર્યોના લીધે નથી પરંતુ દેવની કૃપાની મફત ભેટ છે. પરંતુ આપણા નવા જન્મ દ્વારા આપણમાં સારા કાર્યો કરવાની ઈસુ ખ્રિસ્ત દ્વારા અગાઉથી તૈયાર કરી છે તે કરાવે

*છે (એફેસી ૨:૧૦)*

*સી. શિષ્ય આત્માના ફળ પ્રગટ કરે છે. (ગલાતી ૫ :૨૨-૨૫)*

*ડી. મહિલા શિષ્યો ફળ ઉત્પન્ન કરે છે - બીજાઓને ખ્રિસ્ત તરફ દોરવા, અને જે જે આજ્ઞા તેમણે આપી છે તે પાળવાનું શીખવવું (માત્થી ૨૮ : ૧૮-૨૦)*

**સારાંશ** *:*

*૧. ઈસુ ખ્રિસ્ત તેમના બનવા અને બનાવવા માટે તેડુ આપે છે. દુઃખદાયક બાબત એ છે કે બધા ખ્રિસ્તીઓ શિષ્યો નથી.*

*૨. શિષ્યને શિસ્તમાં લાવવામાં આવે છે; તેનો અર્થ કે વિશ્વાસી મહિલા પોતાનું મન માન્યુ નહી પરંતુ તેનો માલિક જે ઈચ્છે છે તે કરે છે.*

*૩. મહિલા શિષ્યને એ જાણકારી છે કે તેણીને કિંમત આપીને ખરીદવામાં આવી છે એ અને તેણીનુ જીવન પોતાનું નથી પરંતુ દેવનું છે.*

*૪. ઈસુ ખ્રિસ્ત તે મહિલા શિષ્યનો પ્રભુ છે તેનો અર્થ એ થયો કે તેણીના જીવનનો માલિક ને સર્વેસર્વા દેવ છે.*

**ચર્ચા માટેના પ્રશ્નો** *:-*

*૧. ખરો શિષ્યો બીજા બધા કરતા દેવ પર વધુ પ્રેમ રાખે છે. જીવનમાં એવી કઈ બાબતો મહિલા શિષ્યને દેવ કરતા પોતાના પર વધુ પ્રેમ કરવા લલચાવતી હશે?*

*૨. તમે દેવ પર પ્રેમ રાખો છો તે બીજા લોકો સમક્ષ પ્રદર્શીત થાય તેવી કઈ બાબતો તમે કરો છો? તમે બીજા લોકો પર પ્રેમ કરો છો તે દર્શાવતી કઈ બાબતો તમે કરો છો?*

*૩. શુ ંબીજાને શિષ્ય બનાવી તમે સક્રીય રીતે ફળ પેદા કરી રહ્યા છો? છેલ્લા મહિનામાં સાક્ષી આપીને તમે શું કોઈને ઈસુ ખ્રિસ્ત માટે જીત્યા છે? જો નથી તો શા માટે તેમ થયુ નથી?*

## પ્રાર્થના

*વહાલા પિતા પ્રભુ મને ઈસુ ખ્રિસ્તની મહિલા શિષ્ય બનાવો કે જેથી હું તેમના પર સર્વશ્રેષ્ઠ પ્રેમ કરું ને પોતાનો સંપૂર્ણ નકાર કરી તેમને અનુસરુ. તેને ખાતર સઘળું ન્યોછાવર કરવા મને મદદ કરો મારું જીવન પણ તેમના માટે ખર્ચી નાંખવા અને તેમના વચનમાં રહીને તમારા માટે પુષ્કળ ફળ ઉત્પન્ન કરવા મદદ કરો આમેન.*

*નોંધ :*

# 3 બેથાનિયાના મરિયમ એક સારી મહિલા શિષ્ય

**ચાવીરૂપ કલમ યોહાન ૧૨:૩**

*"તે વેળા મરિયમે ઘણું મૂલ્યવાન જટામાસીનું એક શેર અત્તર લઈને ઈસુને પગે ચોળ્યું, અને પોતાને ચોટલે તેના પગ લૂછ્યા; અત્તરની સુગંધ આખા ઘરમાં પ્રસરી રહી"*

**બેથાનિની મરિયમ** *વિષે શાસ્ત્રમાં ઉલ્લેખ : લૂક ૧૦: ૩૮-૪૨, યોહાન ૧૧: ૧-૪૫, યોહાન ૧૨: ૧-૮.*

**બેથાનિની મરિયમના નામનો ઉલ્લેખ કર્યા વિના તેનો સંદર્ભ:** *માથ્થી ૨૬:૬-૧૩, માર્ક ૧૪:૩-૯*

**સારી શિષ્યા બનવાના સાત માર્ગ બેથાનિની મરિયમે દર્શાવ્યા છે :**

૧. *ઈસુ ખ્રિસ્ત સાથે મરિયમને અગંત મિત્રતા હતી*
   - એ. *મરિયમ, તેની બહેન માર્થા અને તેમના ભાઈ લાઝરસ ઈસુને પોતાના ઘરમાં આવકાર આપે છે (લૂક ૧૦:૩૮-૩૯)*
   - બી. *મરિયમને ઈસુ પર વિશ્વાસ હતો. તેણી માનતી હતી કે ઈસુ ખ્રિસ્ત તેમના ખરા મિત્ર છે અને તેમને મદદ કરવા ઈચ્છે છે. તેણીને ખાત્રી હતી કે જ્યારે તેણીના ભાઈનું મૃત્યુ થયું ત્યારે ચોક્કસ ઈસુ ખ્રિસ્તે મદદ કરી હોત (યોહાન ૧૧:૩૨)*
   - સી. *મરિયમ માનતી હતી કે ઈસુ ખ્રિસ્ત પાસે મહાન શક્તિ છે તેણીના ભાઈના મૃત્યુને અટકાવવાની શક્તિ પણ તેમનામાં છે. (યોહાન ૧૧:૩૨) ઈસુના શિષ્ય બનવાની પ્રથમ આવશ્યકતા એ છે ઈસુ*

*ખ્રિસ્તને વ્યક્તિગત રીતે ઓળખવા આપણે પોતાના પાપોનો પસ્તાવો કરી ઈસુ ખ્રિસ્તને પોતાના જીવનમાં આમંત્રણ આપવું પડશે. તેમના પર વિશ્વાસ રાખવો તે બીજી આવશ્યકતા છે.*

**૨. મરિયમે ઈસુ ખ્રિસ્તના ચરણોમાં પોતાને મૂકી દીધી.**

*એ. પ્રભુ ઈસુ ખ્રિસ્ત જે કહેતા હતા તે સાંભળવા મરિયમ ઈસુ ખ્રિસ્તના ચરણોમાં બેસી ગઈ. મહિલા શિષ્ય દેવના વચન, બાઈબલનું અધ્યયન કરે છે પ્રાર્થના કરે છે અને દેવની સૂચનાઓ સાંભળે છે (લૂક ૧૦:૩૯)*

*બી. જ્યારે તેણીના ભાઈ લાઝરસની કબર પાસે મરિયમ પ્રભુ ઈસુને મળી ત્યારે નમ્રતાથી તે તેમનામાં ચરણોમાં પડી ગઈ. મરિયમને વિશ્વાસ હતો કે દેવમાં સઘળી તાકાત છે અને નમ્રતાથી તેણે દેવની મદદની માંગણી કરી. મહિલા શિષ્ય દરેક જરૂરીયાત માટે પ્રભુ ઈસુના ચરણોમાં આવે છે (યોહાન ૧૧:૩૨)*

*સી. મરિયમે ઈસુ ખ્રિસ્તનો અભિષેક કર્યો અને વાંકા વળી પોતાના વાળથી ઈસુ ખ્રિસ્તના પગ લૂછ્યા. શિષ્યા ઈસુ ખ્રિસ્તની આરાધના કરે છે (યોહાન ૧૨:૩)*

**૩. દરરોજ જીવનમાં મરિયમ વિશ્વાસથી જીવતી હતી.**

*એ. મરિયમ એક કુટુંબની સભ્ય હતી અને તેના રોજીંદા જીવનમાં તે ઈસુ ખ્રિસ્ત માટે જીવતી હતી (લૂક ૧૦:૩૮-૪૨)*

*બી. ઈસુ ખ્રિસ્તને ખરી રીતે અનુસરનાર હોવાથી અયોગ્ય રીતે પોતાના કુટુંબના સભ્યોના આક્ષેપથી તે બચી શકશે નહી. (લૂક ૧૦:૩૮-૪૦)*

*સી. ઈસુ ખ્રિસ્તના ખરા અનુયાયી હોવાથી જીવનની મુશ્કેલીઓથી કાંઈ મરિયમને બચાવ થયો નહિ (લાઝરસની વાર્તા જુઓ યોહાન ૧૧: ૧-૪૪)*

*ડી. ઈસુ ખ્રિસ્તની શિષ્યા બનવાથી તે કાંઈ લોકોની જાહેર ટીકાઓથી બચી શકી નહી (માથ્થી ૨૬:૮-૯, માર્ક ૧૪:૪-૫, યોહાન ૧૨:૪-૬). ઈસુ ખ્રિસ્ત પર સંપૂર્ણ વિશ્વાસ રાખીને મહિલા શિષ્ય પોતાનો નકાર કરી દરરોજ પોતાના જીવન માટે દેવની ઈચ્છાનો સ્વીકાર કરે છે.*

**૪. મરિયમ પોતાના કાર્યોથી ઓળખાતી હતી.**

*એ. જ્યારે મરિયમે જાણ્યુકે ઈસુ ખ્રિસ્ત તેને બોલાવે છે તેણી તરત જ જ્યાં તે હતા ત્યાં ગઈ. મહિલા શિષ્ય ઈસુ ખ્રિસ્તની પોતાના માટેની ઈચ્છા જાણે છે કે તરત જ તે તેનો અમલ કરે છે (યોહાન ૧૧: ૨૮-૨૯)*

*બી. મરિયમે પોતાનુ શ્રેષ્ઠ, ખૂબ જ મુલ્યવાન ભેટ ઈસુ ખ્રિસ્તને આપી દીધી. ઈસુ ખ્રિસ્તે આપણા માટે એટલુ બધુ કર્યું છે કે તેઓ આપણા ઉત્તમ કાર્યો અને શ્રેષ્ઠ પ્રયત્નોને મેળવવાને યોગ્ય છે. (યોહાન ૧૨:૩)*

*સી. પોતાના જીવનમાંની મૂલ્યવાન અત્તરની ભેટ આપી મરિયમ પોતાને ઈસુ ખ્રિસ્તની સેવામાં સમર્પણના નવા સ્તર પર લઈ ગઈ. શિષ્ય પોતાની જાતને આપી દે છે. આપણું જીવન મૂલ્યવાન અત્તર સમાન છે જેમાંથી પ્રેમ, ભક્તિને સેવા ઈસુ ખ્રિસ્ત માટે રેડી દેવાના છે. (યોહાન ૧૨:૩)*

*ડી. મરિયમે જટામાસીના અત્તરની બાટલી તોડીને ઈસુ ખ્રિસ્ત પર અત્તર ચોળ્યુ. મરિયમની જેમ મહિલા શિષ્યો પોતાના જીવનો ખોલીને ઈસુ ખ્રિસ્ત માટે પોતાને રેડી દે છે. (માર્ક ૧૪:૩)*

**૫. મરિયમ પોતાના ફળવંત જીવન દ્વારા જાણીતી બની.**

*એ. મરિયમના મિત્રો તેણીને અને ઈસુને મળવા આવ્યા ત્યારે તેમણે જોયુ કે ઈસુએ શું કર્યુ છે તેઓએ ઈસુ પર વિશ્વાસ કર્યો. શિષ્યા આત્મા જીતનાર છે (યોહાન ૧૧:૪૫)*

*બી. જ્યારે મરિયમે ઈસુ ઉપર અત્તર રેડ્યું ત્યારે સુગંધ આખા ઘરમાં પ્રસરી ગઈ (યોહાન ૧૨:૩). શિષ્યાની જીવનશૈલી પવિત્ર આત્મા દેવના મીઠા ફળો દર્શાવે છે - પ્રેમ, આનંદ, શાંતી, સહનશીલતા, માયાળુપણુ, ભલાઈ, વિશ્વાસુપણુ, નમ્રતા અને સયંમ (ગલાતી ૫:૨૨-૨૩)*

**૬. મરિયમ ઈસુ ખ્રિસ્તના પ્રતિભાવથી પ્રખ્યાત બની ગઈ.**

*એ. જ્યારે મિરયમની બહેન માર્થાએ તેણીની ટીકા કરી ત્યારે ઈસુએ મરિયમને સાથ આપ્યો (લુક ૧૦:૪૨)*

બી. તેણીના ભાઈ લાજરસના મૃત્યુ પછી જ્યારે ઈસુ બેથાનિયા પહોચ્યાં તેમણે મરિયમને મળવા બોલાવી (યોહાન ૧૧:૨૮)

સી. મરિયમનુ દુઃખ જોઈતેમને સહાનુભૂતિ થઈ અને ઈસુ તેણીની સાથે રડ્યા (યોહાન ૧૧:૩૩-૩૫)

ડી. લાઝરસના મૃત્યુના લીધે મરિયમ અને તેણીનો પરિવાર ભાંગી ગયો હતો ત્યારે લાઝરસને સજીવન કરીને ઈસુ ખ્રિસ્તે તેમને દિલાસો દીધો. (યોહાન ૧૧: ૩૮-૪૪)

ઈ. જ્યારે મરિયમે મૂલ્યવાન અત્તર ઈસુ પર રેડ્યુ તેથી તેણીની ટીકા થઈ ત્યારે ઈસુએ મરિયમનો બચાવ કર્યો (યોહાન ૧૨: ૭-૮)

એફ. જ્યારે મરિયમ અને માર્થાએ પોતાનું ઘર ઈસુ ખ્રિસ્ત માટે ખુલ્લુ કર્યુ ત્યારે ખુશીથી ઈસુ ખ્રિસ્તે તેનો સ્વીકાર કર્યો (લુક ૧૦: ૩૮-૩૯)

- ★ આદરપૂર્વક ઈસુ આપણી ભેટ સ્વીકારે છે (યોહાન ૧૨:૨)
- ★ ઈસુ ખ્રિસ્ત સેવાની આપણી ભેટ સ્વીકારે છે અને પોતાની હાજરીથી આભાર વ્યક્ત કરે છે અને આપણનો આશીર્વાદીતકરે છે (માર્ક ૧૪:૮, યોહાન ૧૨:૨)
- ★ ઈસુ પોતાના શિષ્યોનો સાથ શોધે છે (યોહાન ૧૧:૨૮)
- ★ જેને મહિલાઓ ઈસુ પર પ્રેમ રાખે છે તેમની સાથે ઈસુ સંગત કરવા માંગે છે (લૂક ૧૦:૩૮)

**૭.મરિયમ પોતાના જીવનમાં ઈસુના વિશ્વાસુપણાને લીધે જાણીતી બની.**

એ. આરાધનાના ભાવમાં મરિયમે કરેલા કાર્ય અંગે ગેરસમજ થઈ અને તેની ભારે ટીકા કરવામાં આવી. ઈસુ ખ્રિસ્તે આ જોયુ અને તેમણે મરિયમનો બચાવ કર્યો (માર્ક ૧૪:૪-૯)

બી. મરિયમને માન અપાશે તે ઈસુ ખ્રિસ્તના વચન સત્ય ઠર્યા છે. પવિત્ર આત્માએ માથ્થી અને માર્ક બંનેને પ્રેરણા કરી કે તેઓ મરિયમની વાર્તાની અને ઈસુએ કહેલી વાતની નોંધ

*પોતાની સુવાર્તામાં નોંધે જેથી બધા બાઈબલ વાંચનાર મરિયમે કરેલ કાર્ય અને ઈસુએ તેણીના કૃત્યને આપેલ સ્વીકૃતિ વિષે જાણી શકે છે (માત્થી ૨૬:૧૩, માર્ક ૧૪:૯) આપણે કરેલ કાર્યોનો બદલો અથવા છુટકારો કદાચ તાત્કાલીક ન મળી શકે. કદાચ સ્વર્ગ સુધી તેની વાટ જોવી પડે પરંતુ તેઓ પોતાના મહિલા શિષ્યોને મદદ કરશે અને સન્માન આપશે (માત્થી ૧૯:૨૯)*

**ચર્ચા માટેના પ્રશ્નો**

1. *સારી શિષ્યા બનવા શા માટે પાપોનો પસ્તાવો અને ઈસુ સાથે વ્યક્તિગત સંબંધ બાંધવાની જરૂર છે? દરરોજ ઈસુ ખ્રિસ્ત સાથે વ્યક્તિગત મિત્રતામાં ચાલવા દ્વારા કઈ બાબતો શીખી શકીશ ?*
2. *પોતાના દૈનિક જીવનમાં બેથાનિયાની મરિયમ વિશ્વાસથી જીવન જીવી. શું મારા જીવનમાં એવી કોઈ પરિસ્થિતિઓ છે કે જેમાં મારે પોતાનો કાબુ રાખવાનો પ્રયત્ન મુકી દઈને સંપૂર્ણપણે ઈસુ ખ્રિસ્ત પર આધાર રાખવો જોઈએ?*
3. *મારે કયા ખાસ કાર્યો કરવાની જરૂર છે કે હું ઈસુ ખ્રિસ્તની શિષ્યા છું તે જાણાવામાં મારી આસપાસના લોકોને મદદરૂપ થાય ?*

**પ્રાર્થના**

*સ્વર્ગીય પિતા, મારા પ્યારા ઈસુ ખ્રિસ્ત વ્યક્તિગત રૂપે અહીંયા ઉપસ્થિત નથી જેથી મરિયમની માફક તેમને સ્પર્શી શકુ કે સુગંધીદાર બક્ષિસ આપી શકુ. મને શિખવો તે તમારી શિષ્યા તરીકે હું વધુ સારી રીતે નમ્રતા અને ફળવંત જીવન દર્શાવી શકુ. મને એવી રીતે જીવન જીવવાનુ દર્શાવો કે મારી આસપાસનાં લોકો તમારી હાજરી મારામાંથી પરાવર્તીત થતી જોઈ શકે. આમેન.*



નોંધ :

# 4 મહિલા શિષ્યની જીવનશૈલી
## ચાવીરૂપ કલમ યોહાન ૧૫:૫

**ચાવીરૂપ કલમ યોહાન ૧૫:૫**

*"હું દ્રાક્ષાવેલો છું અને તમે ડાળીઓ છો...."*

**પ્રસ્તાવના :**

*૧. દરેક વૃક્ષ પોતાના ફળથી ઓળખાય છે. હવે જો ઈસુ ખ્રિસ્તનો શિષ્ય તે ખરા દ્રાક્ષાવેલા ઈસુની શાખા છે તો પછી તે આપણા જીવનો દ્વારા દેખાવું જોઈએ.*

*૨. આપણને હંમેશા જગતના મૂલ્યોને પ્રવાહોને અપનાવવા પરિક્ષણ થતુ હોય છે. મહિલાઓએ તેમના જેવા વસ્ત્રો, વાળની સ્ટાઈલ, બુટ, જરજવેરાત પહેરી તેઓના જેવા દેખાવાનો પ્રયત્ન કરે છે. આપણને કદાચ તેમના જેમ વાત કરવા અને વર્તવાને પરિક્ષણ થાય છે. પરંતુ દેવ ઈસુ ખ્રિસ્તના શિષ્યો પાસેથી તેમને પ્રસન્ન કરે તેવી જીવનશૈલીની અપેક્ષા રાખે છે.*

*૩. આપણુ ખ્રિસ્તી જીવન શું દેવને પ્રસન્ન કરનાર છે કે નહીં તેવા અમુક પ્રશ્ન નિયમિત ધોરણે આપણે પોતાને પૂછતા રહેવું જોઈએ તે એક સારી ટેવ છે. ખ્રિસ્તી શિષ્યાની જીવનશૈલી ચાર શિર્ષક હેઠળ સમાવીષ્ટ કરી શકાય.*

**૧. શિષ્યા અને તેણીનો ઉધ્ધાર :**

*૧. બાઈબલ કહે છે; "ભયને કંપારી સહિત તમારુ તારણ સાધી લેવાને યત્ન કરો. કેમકે જે પોતાની પ્રસન્નતા પ્રમાણે તમારામાં ઈચ્છવાની તથા કરવાની પ્રેરણા કરે છે, તે તો દેવ છે " (ફિલીપી ૨:૧૨-૧૩) તેથી,*

એ. **કેવળ દેવ પર ભરોસો રાખો** : તારણ માટે કેવળ દેવ પર ભરોસો રાખો. તારણ પામવા માટે સાજાપણા, બાપ્તિસ્મા માનવી પ્રયત્નો અથવા માનવી કૃત્યો પર વિશ્વાસ રાખી શકાય નહિ. (પ્રે.કૃ. ૪:૧૨; એફેસી ૨: ૮-૯)

બી. **ઈસુ ખ્રિસ્તને તમારા જીવનના પ્રભુ બનાવો.**
ઈસુ ખ્રિસ્ત ખરેખર આપણા જીવનમાં પ્રભુ હોવો જોઈએ. આપણી ઈચ્છા સંપૂર્ણપણે દેવને સમર્પિત હોવી જોઈએ. (લૂક ૯:૨૩, લુક ૧૪:૨૬)

૨. દરરોજના દૈનિક જીવનમાં આપણો ઉધ્ધાર દ્રશ્યમાન થવો જોઈએ **તેથી**

એ. **સમયનો સદ્‌ઉપયોગ કરો** :- આપણે આપણા સમયને કેવી રીતે વાપરીએ છીએ અને કેવી રીતે આપણે અગ્રીમતા ગોઠવીએ છીએ તેમાં ઈસુ ખ્રિસ્ત પ્રત્યેનુ આપણું સમર્પણ દશ્યમાન થવું જોઈએ. (એફેસી ૫:૧૫-૧૬) આપણે જગતની મોજમઝામાં પડવાનું નથી પરંતુ તેના બદલે આપણો સમય દેવના ઈરાદાઓ પૂર્ણ કરવા વાપરવાનો છે. (માથ્થી ૬:૩૩)

બી. **પવિત્ર બનો** :- દેવ આપણા માટે પવિત્રતાનું ધોરણ સિધ્ધ કર્યું છે. (૧ પિતર ૧:૧૫-૧૭)

- ★ આપણે પવિત્ર આત્માથી એટલા ભરાઈ જવાનું છે કે તે આપણામાંથી ઉભરાય ને આપણા જીવનો દ્વારા બીજાના જીવનોને સ્પર્શ કરે. (પ્રે.કૃ. ૧૩:૫૨)
- ★ દરરોજ પવિત્ર આત્માથી ભરપૂર થવાનું અને તેના કાબુ હેઠળ જીવન જીવવાનું છે. (એફેસી ૫:૧૮)
- ★ આપણે જે કાંઈ કરીએ તે દરેકમાં આપણો વ્યવહાર પવિત્ર હોવો જોઈએ (૧ પિતર ૧:૧૩)
- ★ આપણે પવિત્ર આત્મામાં ચાલવાનું છે કે જેથી આપણે દેહની ઈચ્છાઓ પૂર્ણના કરીએ (ગલાતી ૫: ૧૬-૨૬)

સી. **ખ્રિસ્ત ઈસુ જેવુ મન રાખો** :- આપણું મન ખ્રિસ્ત ઈસુ જેવુ હોવુ જોઈએ. (ફિલીપી ૨:૫)

- ★ શુધ્ધ વિચારોથી આપણા દેવને પ્રસન્ન કરીએ. (ફિલીપી ૪:૮-૯)
- ★ આપણે પાપનો ધિક્કાર કરીએ. (ગીત ૧૧૯: ૧૦૪)

★ *આપણે શુધ્ધ અંતઃકરણથી જીવીએ કે આપણે કોઈનું અથવા બીજાઓનું જાણી જોઈને બુરુ ન કરીએ. (પ્ર.કૃ. ૨૪:૧૬)*

★ *મુશ્કેલ સંજોગોમાં પણ ધીરજ અને આનંદમાં રહીએ. (યાકુબ ૧:૨-૩, ૧૭)*

**શિષ્યા અને તેણીના પ્રભુ**

૧. *દેવ સાથે નીકટનો સંબંધ રાખવા માટે આપણે પ્રાર્થનામાં સમય ગાળવો જ પડશે. તેથી,*

એ. **પ્રાર્થનાવાદી મહિલા બનો** *:- પ્રાર્થનામાં દરરોજ દેવ સાથે સંગત કરવામાં ઉત્સાહી રહો. (યાકુબ ૫:૧૬)*

*બી.* **અવિરત રીતે પ્રાર્થનામાં લાગુ રહો** *:- આપણું દીલ હંમેશા દેવ સાથે સંપર્કમાં હોવું જોઈએ. (૧ થેસ્સા ૫:૧૭)*

*સી.* **શુધ્ધ હ્રદયથી પ્રાર્થના કરો** *:- આપણી પ્રાર્થનાઓ નિખાલસ હોવી જોઈએ. (માત્થી ૬:૫-૭)*

*ડી.* **ખાસ ઈરાદાપૂર્વક પ્રાર્થના કરો** *:- આપણે બધા લોકો માટે ખાસ કરીને તેમના ઉધ્ધાર માટે પ્રાર્થના કરવી જોઈએ. (૧ તિમોથી ૨:૧-૪)*

૨. *દેવના વચન બાઈબલમાં તરબોળ થઈ જઈને શિષ્યાએ દેવની સાથે સંગતમાં સમય વીતાવવાનો છે.* **તેથી**

એ. **દેવનું વચન વાંચો** *(પ્રકટી ૧:૩) દેવનું વચન આપણુ જીવન જીવવાનો ખોરાક છે. (લૂક ૪:૪)*

*બી.* **દેવના વચનનો અભ્યાસ કરો** *(૨ તિમોથી ૨:૧૫). આ કરવાથી આપણે બીજાઓને દેવનું વચન શિખવવાને સક્ષમ બનીશું.*

*સી.* **દેવના વચનનું મનન કરો** *(ગીત ૧:૨) દેવના વચન વાંચવામાં અને તેના પર મનન કરવામાં આપણે સમય ગાળીએ છીએ ત્યારે દેવ આપણા વિશ્વાસને વધારે છે (રોમ ૧૦:૧૭)*

*ડી.* **દેવના વચનને કંઠસ્થ કરો** *(ગીત ૧૧૯:૧૧) દેવના વચન આપણા હ્રદયમાં છુપાવી રાખવાથી આપણે પાપથી દૂર રહી શકીએ છીએ.*

*ઈ.* **દેવના વચનને ટાંકો** *(માત્થી ૪:૧-૧૧). દેવના વચનને ટાકવામાં આપણે ઈસુ ખ્રિસ્તના ઉદાહરણને અનુસરવાનું છે (તેમણે કહ્યું : લખેલુ છે). જ્યારે આપણે કોઈ પરિક્ષા અથવા પરિક્ષણમાં હોઈએ ત્યારે આપણે તેના સામર્થ્ય, અધિકારમાં ખાત્રી ધરાવીએ છીએ તે દર્શાવવા આમ કરવું આવશ્યક છે.*

*એફ.* **દેવના વચનનું પાલન કરો** *(યાકુબ ૧:૨૨) દરેક શાસ્ત્ર ઈશ્વર પ્રેરિત છે, તે બોધ, નિષેધ, સુધારા અને ન્યાયીપણાના શિક્ષણને અર્થે ઉપયોગી છે જેથી દેવનો વિશ્વાસી પ્રત્યેક સંપૂર્ણ અને આજ્ઞાકારી થાય. (૨ તિમોથી ૩:૧૬-૧૭)*

૩. **મહિલા શિષ્ય અને બીજાઓ :**

*૧. શિષ્યાએ બધા લોકો માટે દેવનો પ્રેમ પ્રદર્શિત કરવાનો છે. (માર્ક ૧૨:૨૯-૩૧)* **તેથી**

*એ.* **સાથી વિશ્વાસીઓ પ્રત્યે પ્રેમ પ્રદર્શીત કરો.** *ખ્રિસ્તે જેમ તમારા પર પ્રેમ કર્યો તેવો પ્રેમ એકબીજા પર રાખો. જેથી લોકો જાણશે કે તમે મારા ખરા શિષ્ય છો (યોહાન ૧૩:૩૪-૩૫)*

*બી.* **તમારા પાડોશીઓ પર પ્રેમ પ્રદર્શીત કરો** *: જ્યારે આપણે આપણા પડોશીઓ પ્રત્યે કરુણાળુ રહીએ છીએ તેથી તેઓનું બાંધકામ થાય છે. તેઓ એ વાતની નોંધ કરે છે કે આપણે આ જગતના લોકો જેવા નથી (રોમન ૧૫:૨)*

*સી.* **અજાણ્યા લોકો પર પ્રેમ પ્રદર્શીત કરો** *: ખ્રિસ્તી મહિલાઓ તરીકે આપણે અજાણ્યા પર પ્રેમ પ્રદર્શીત કરવાનો છે. કારણકે ઈસુ ખ્રિસ્તે આપણને સ્વીકારીને ઉભરાતો પ્રેમ વહેચ્યો છે. (પુન ૧૦:૧૯)*

*ડ.* **તમારા શત્રુઓ પર પ્રેમ પ્રદર્શીત કરો**. *જેઓ આપણી સતાવણી કરે તેમને માફ કરવાનુ અને તેમના પર આપણે પ્રેમ કરવાનો છે (લુક ૬:૨૭-૩૧, માત્થી ૫:૪૪, રોમન ૧૨: ૧૯-૨૧)*

*૨. મહિલા શિષ્યાએ અન્ય વિશ્વાસી સાથે સંગત કરવાની છે (હેબ્રી ૧૦:૨૫)* **તેથી**

*અ.* **પ્રભુ મંદિરમાં જવાને ઉત્સાહી રહો**. *બાઈબલ આપણને જણાવે છે કે એકઠા મળવાનું પડતુ મૂકીએ નહી (હેબ્રી ૧૦:૨૪-૨૫)*

બ. **તમારા માર્ગદર્શક જૂથમાં : નિયમિત રીતે ભાગ લો.** *મહિલા પ્રભાવ જૂથ સ્થાપવાને એક ઉદ્દેશ એ છે કે બહેનો એકબીજામાં સમજણ પૂર્વક સંગત દ્વારા સુધારણા લાવે (તિતસ ૨:૩-૫)*

ક. **પરોણાગત કરો** *: સગંત માટે અન્ય બહેનોને તમારા ઘરમાં આમંત્રણ આપો. (૧ પિતર ૪:૮-૯)*

૩. *શિષ્યાએ તેમના સંબંધોમાં ઈસુ ખ્રિસ્તના જેવુ વલણ પ્રદર્શીત કરવાનું છે* **તેથી**

એ. **સહેલાઈથી સાથે રહી શકાય તેવી મહિલા બનો**. *આપણે ખુશી અને આનંદી લોકો હોવા જોઈએ (ફિલીપી ૪:૪-૫). આથી આપણા કુટુંબોમાં શાંતિ અને આનંદ આવશે. કારણ આપણા કુટુંબીજનો આપણી સાથે સરળતાથી રહી શકશે (એફેસી ૪:૩૧-૩૨)*

બે. **માફી આપનાર હ્દય રાખો** *: જેઓ આપણું ભૂંડુ કરે તેમને મોકળાશથી માફી આપો (લૂક ૧૭:૩-૪, માત્થી ૬:૧૪-૧૫)*

સી. **કોઈપણ બાબત વિષે કડવાશ રાખો નહી**. *આપણવિરુધ્ધ જે કાંઈ કરવામાં આવ્યું છે તેને યાદ કર્યા કરવું તે કડવાશ છે (યાકુબ ૩:૧૪-૧૮, હેબ્રી ૧૨:૧૫)*

ડી. **સેવક જેવો વ્યવહાર રાખો.** *ઈસુ ખ્રિસ્તના જેવા નમ્ર સેવકો આપણે બનવાનું છે. બીજાઓની સેવા કરીને ખ્રિસ્ત ઈસુનો પ્રેમને પ્રદર્શીત કરો.*

**૪. શિષ્યા અને ઉમેદવાર શિષ્યા :-**

૧. *શિષ્યાએ સતત બીજાઓ સાથે સુવાર્તા વહેંચવાની છેઅને તેઓ તારણ પામે માટે તક આપવાની છે* **તેથી**

એ. **પોતાની સાક્ષી આપનાર શિષ્યા બનો :** *આપણા ઉધ્ધારની સાક્ષી બીજાઓને કહેવાની છે અને આપણા પવિત્ર જીવન દ્વારા તેની સાબિતી આપવાની છે. (માત્થી ૫:૧૬)*

*બી.* **તમારો વિશ્વાસ વહેચવાની તક શોધો :** *તમે ગમે ત્યાં હો અથવા તમે શું કરો છો તમારે બીજાઓને તમારો વિશ્વાસ જણાવવાની તક શોધતા રહેવું જોઈએ. (પ્રે.કૃ. ૧:૮)*

*૨. શિષ્યાએ બીજી શિષ્યા બનાવી સતત ફળવંત રહેવાનું છએ.* **તેથી**

*એ. તેથી મહિલા પ્રભાવ નેટવર્કના વીનસમ* **શિષ્ય બનાવનારા બનો**. *આપણે એવું જીવન જીવીએ કે જેથી બીજાઓ આપણા ઉદાહરણને અનુસરે (૧ કરંથી ૧૨:૧)*

*બી.* **શિષ્યો બનાવવાની ઈસુ ખ્રિસ્તની આજ્ઞાનું પાલન કરો :** *આપણું ઉચ્ચતમતેડુ મહાન આદેશ પૂર્ણ કરવામાં છે. (માત્થી ૨૮:૧૮-૨૦)*

*૩. સૂચના અને સુધારો સ્વીકારી શીખવા માટે તૈયાર રહેનાર સારો શિષ્ય બનાવનાર બની શકે છે (નીતિ ૧૮:૧૫)* **તેથી**

*એ.* **શીખનાર બનો** *ખ્રિસ્તનું શરીર સુધારણા અને શિક્ષણથી મજબૂત બને છે અને દૈવી ઠપકો ભલાઈથી સ્વીકારવો જોઈએ. (ગીત ૧૪૧:૫)*

*બી.* **બીજાઓમાં હળવાશથી સુધારો કરો** *: સુધારો સખતાઈથી નહી પરંતુ માયાળુ કે કરૂણાથી કરવાનો છે (ગલાતી ૬:૧)*

*સી.* **સુધારો નમ્રતાથી સ્વીકારો** *: જો સુધારાને લીધે તમારામાં ક્રોધની લાગણી પેદા થાય છે તો શિષ્યાને પોતાનામાં હૃદયમાં અભિમાનના પાપને તપાસવુ જોઈએ (નીતિ ૮:૧૩)*

*૪. ઉચ્ચતર ખ્રિસ્તી જીવનના વિકાસ અને વૃધ્ધિ માટે સારી શિષ્યાએ એકબીજા સાથે પ્રેમના બંધનમાં જોડાઈ રહેવું જોઈએ.* **માટે**

*એ.* **વયસ્ક બનો** *: ખ્રિસ્તીઓને બાળપણ કે જ્યાં તેઓ માત્ર દૂધ પીવે છે તેમાંથી નીકળીને પુખ્ત ઉમંરની વ્યક્તિ બનવા આહવાન અપાયુ છે. (હેબ્રી ૫:૧૨-૧૪)*

બી. **તમારી ટેવોને શિસ્તમાં લાવો જેથી વૃધ્ધિ થાય**. *શિષ્ય અધ્યયન, શિક્ષણ, સંગતમાં પોતાની જાતને પરોવી દે છે તેથી વિકાસ થાય છે (પ્રે.કૃ ૨:૪૨)*

સી. **માર્ગદર્શક જૂથમાં સક્રિય રહો :** *પ્રત્યેક શિષ્યાનો વૃધ્ધિ માટે નિયમીત માર્ગદર્શનની આવશ્યકતા છે (૧ પી ૫:૧-૫) નાના જૂથમાં પ્રાર્થના, શાસ્ત્ર અભ્યાસ, સેવા, સુવાર્તાપ્રિચાર કે સામાજીક સેવામાં ભાગીદાર બનવાથી ખ્રિસ્તી જવાબદાર બને છે.*

ડી. **શિષ્યપણાના જીવનમાં ચાલુ રહેવા** *પોતાને સમર્પિત કરો ઈસુ ખ્રિસ્તે પ્રાર્થના કરો કે મંડળી તેની સાથે અને પિતાની સાથે એક થાય. સમર્પીત શિષ્યપણા મારફતે સાથે કાર્ય કરીને ખ્રિસ્તમાં પુખ્તવયના બનવા પ્રયત્નશીલ થવાથી આપણે એક બનીશું. (યોહાન ૧૭:૨૧)*

**સારાંશ**

*બાઈબલ આપણને જણાવે છે કે માણસ બહારના દેખાવ તરફ જૂએ છે જ્યારે દેવ હૃદયને જુએ છે (૧ શમુ ૧૬:૭) આપણે ખરેખર કોણ છીએ તે દેવ જૂએ છે. આપણે ઊંચા યા નીચા હોઈએ, કાળા કે ધોળા હોઈએ, દેખાવડા કે સાદા હોઈએ તેની દેવને ચિંતા નથી. દેવને તમારા મનની સ્થિતિ સાથે લેવા દેવા છે. જ્યારે આપણે પ્રાર્થનાપૂર્વક પોતાના હૃદયો તપાસીએ છીએ અને દેવને પૂછીએ છીએ કે તેઓ આપણને કેવા દષ્ટિકોણથી જૂએ છે અને આપણે તેમને પ્રસન્ન કરીએ છીએ કે કેમ ત્યારે આપણી પરિસ્થિતિ પ્રગટ કરાવે છે.*

**પ્રાર્થના**

*પ્રભુ જ્યારે પ્રાર્થનાપૂર્વક હું તમારા વચન અને પવિત્ર આત્માને વફાદાર છુંકે નહીં તે તપાસુ છું. હું તમને વિનંતી કરૂં છું કે જીવનના જે ક્ષેત્રોમાં મારે વિકાસની જરૂર છે તે મને બતાવો. મારા પાપ મને બતાવો. હું પસ્તાવો કરૂ છું તે સાંભળો અને સર્વ અન્યાયથી મને શુધ્ધ કરો. આમેન.*

# આધ્યાત્મિક આત્માખોજ

શાંત સ્થળ શોધી કાઢો અને બાઈબલ ખોલીને નીચેના શાસ્ત્રપાઠો વાંચો અને તે સાથે જણાવેલ પ્રશ્નના પ્રાર્થના ઉત્તર આપો. હા ના ખાનામાં હા ને ના ખાનામાં ના ની નીશાની કરો.

☐ હા ☐ ના ૧. મારા તારણ માટે શું હું માત્ર ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ રાખુ છું. (યોહાન ૩:૧૬, એફેસી ૨:૮-૯)

☐ હા ☐ ના ૨. શું ઈસુ ખ્રિસ્ત મારા પ્રભુ છે? (લુક ૯:૨૩, લુક ૧૪:૨૬)

☐ હા ☐ ના ૩. શુ મારી અગ્રીમતા દેવને પ્રસન્ન કરે છે? (માત્થી ૬:૩૩)

☐ હા ☐ ના ૪. શું હું પવિત્ર આત્માના નિયંત્રણ હેઠળનું જીવન જીવું છું અને ચાલુ છું (ગલાતી ૫:૧૬-૨૬, એફેસી ૫:૧૮)

☐ હા ☐ ના ૫. મારા વૈચારિક જીવનથી દેવ પ્રસન્ન છે? (ફિલીપી ૪: ૮-૯)

☐ હા ☐ ના ૬. શું ખરેખર પાપને ધિક્કારું છું? (ગીત ૧૧૯:૧૦૪)

☐ હા ☐ ના ૭. શું મને સ્વચ્છ અંતર આત્મા છે? (પ્રે.કૃ. ૨૪:૧૬)

☐ હા ☐ ના ૮. શું હું ધીરજ અને આનંદનું વલણ રાખીને મુશ્કેલીઓનો સામનો કરૂં છું? (યાકુબ ૧:૧૨)

☐હા ☐ના ૯. શું મારા પ્રાર્થનાના જીવનથી દેવ પ્રસન્ન છે? (ફિલીપી ૪:૬, ૧ તિમોથી ૨:૧-૪)

☐હા ☐ના ૧૦. શું દેવના વચનો કંઠસ્થ કરું છું તેનો અભ્યાસ કરું છું કે તેમને પાળું છું ? (૨ તિમોથી ૨:૨, ૨:૧૫, ૩:૧૬)

☐હા ☐ના ૧૧. જેમ ખ્રિસ્તે મારા પર પ્રેમ રાખ્યો છે તેવો પ્રેમ શું હું દેવ પર અને મારા પડોશીઓ પર રાખું છં? (લુક ૧૦:૨૭, યોહાન૧૩:૩૪)

☐હા ☐ના ૧૨. ખ્રિસ્તી વિશ્વાસીઓની સંગતમાં શું હું નિયમીત છું? (હેબ્રી ૧૦:૨૫)

☐હા ☐ના ૧૩. શું હું આનંદી વ્યક્તિ છું દા.ત. જેને સાથે રહેવું સહેલું હોય? (એફેસી ૪:૩૧-૩૨)

☐હા ☐ના ૧૪. શું મારું હૃદય સહેલાઈથી સ્વીકારનાર ને માફ કરનાર છે?(માત્થી ૬:૧૪-૧૫)

☐હા ☐ના ૧૫. શું કોઈ બાબત માટે મારા મનમાં કડવાશ છે? (હેબ્રી ૧૨:૧૫)

☐હા ☐ના ૧૬. શું મારું વલણ સેવક જેવું છે? (માત્થી ૨૦:૨૮)

☐હા ☐ના ૧૭. શું મારા જીવનમાં હું ઈસુ ખ્રિસ્તની સાક્ષી આપનારી છું? (પ્રે.કૃ. ૧:૮)

☐હા ☐ના ૧૮. શું હું શિષ્યો બનાવું છું ? (માત્થી ૨૮ :૧૮-૨૦)

☐હા ☐ના ૧૯. શું હું શિખવા તૈયાર છું? (નીતિ ૧૮:૧૫)

☐હા ☐ના ૨૦. નિયમીત રીતે મને કોઈ શિસ્તમાં રાખે છે અથવા માર્ગદર્શન આપે છે (૧ પીતર ૫: ૧-૫)

*દેવના વચનના પ્રકાશમાં તમે પ્રમાણિક ઉત્તર આપશો તો આ આત્મખોજ ઉપયોગી બનશે. જો આ વચનો ને પ્રશ્નો તમને તમારા સમર્પણની નબળી બાજુ દર્શાવે અથવા પાપનું કોઈ ક્ષેત્ર દર્શાવે તો બે અલગ અલગ કાગળ પર તે નોંધી લો કે જ્યાં સુધારાની જરૂર છે ને પાપ કબુલ કરવાની ને માફી આપવાની જરૂર છે. પ્રાર્થનાના સમય બાદ પાપ કબુલ કરી પસ્તાવો કરો. ઈસુ ખ્રિસ્તને તમારું સમર્પણ કરો! પછી ૧ યો. ૧:૯ કલમ કાગળ પર લખો ને તમારી ક્ષમાને પાપ પર વિજયની કબુલાત કરો. છેવટે તમે માફી મેળવી છે તેના પ્રતિક રૂપે તે કાગળ ફાડી નાંખો. જે ક્ષેત્રોમાં ખાસ ફેરફારની આવશ્યકતા છે ત્યાં દેવની મદદ માંગો દેવ પાસે જ્ઞાન માંગો. (યાકુબ ૧:૫) કે તે તમને આ પગલા ભરવા હિંમત અને બળ પુરા પાડે. ત્યાર પછી તમારી આસપાસના લોકોને સુવાર્તા આપી શિષ્ય બનાવવાના પ્રત્યેક તકનો ઉપયોગ કરો.*

*નોંધ :*

# 5 ઈસુ ખ્રિસ્તમાં પવિત્ર જીવન પર પદાર્થપાઠ

**ચાવીરૂપ કલમ ૨ કરંથી ૫:૧૭**

*માટે જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે તો તે નવી ઉત્પતિ છે જે જૂનું હતું તે સર્વ જતુ રહ્યું છે જુઓ તે નવુ થયું છે.*

**શાસ્ત્રના સદંર્ભ** *: કલોસી ૨: ૯-૧૨, રોમન ૮: ૧-૧૧*

**જરૂરી સાધનો** *: ૧ મોટો કાચનો વાટકો, ૧ નાનો કાચનો ગ્લાસ, થોડા પથ્થરના ટુકડા નાના - મોટા, વાટકામાં મુકી શકાય તેવા થોડી રેતી અને માટી.*

**દશ્ય :** *મોટા કાચના કપને પુરેપુરો ભરી દો.*

*ભરવાની જરૂરઈસુ ખ્રિસ્ત વીનાનુ જીવન જીવવાની નિરર્થકતા (એફેસી ૫ :૧૮)*

૧. *મેં આત્માથી ભરપૂર થવા વિષે સાંભળ્યુ છે વાંચ્યુ છે અને ઈચ્છા રાખી છે. સવારમાં હું મનન કરું છું (ગ્લાસને પૂરો ભરી દો) પરંતુ બપોર સુધીમાં હું આત્મામાં "અડધો થઈ જાઉ છું" (ગ્લાસમાંથી હલાવીને પાણી ઢોળી નાખો). હું વધુ ને વધુ ખાલી થતો જાઉં છું જેમ જેમ મુશ્કેલીઓ અથવા પરિક્ષણ આવે છે (ગ્લાસમાંથી પાણી ઢોળવાનું ચાલું રાખો)*

૨. *હું એફેસી ૧ માં "ઈસુ ખ્રિસ્તમાં" વિષે લખેલુ વાંચુ છું.*

ઈસુ ખ્રિસ્તમા ભરપૂરી, રક્ષણ, ઈસુ ખ્રિસ્તમાં લાક્ષણિકતા (ગલાતી ૨ :૨૦)

(મોટા વાસણમાં પાણીમાં ગ્લાસની ડુબાડી દો) ગ્લાસ પાણીથી ભરાઈ જાય છે અને ગ્લાસમાં પાણીમાં ડૂબેલો છે. (કોઈને બોલાવો કે તે પાણીને સ્પર્શ કર્યા વીના ગ્લાસને અટકે), જ્યારે આપણે ઈસુ ખ્રિસ્તમાં હોઈએ છીએ ત્યારે શેતાન આપણી પાસે આવી શકતો નથી (હવે કોઈ પાસે ગ્લાસને પાણીમાં ઊંધો કરાવો) શું તે ખાલી થયો? (પાણીમાંજ ગ્લાસ રાખી તેને ખાલી કરવા પ્રયાસ કરો) પહેલા જ્યારે ગ્લાસ પાણીની બહાર હતો આપણે હલાવ્યો તો ખાલી થઈ ગયો પરંતુ હવે તો તે ભરેલો જ રહે છે.

૩ (ગ્લાસમાં પથ્થરના કાંકરાઓ બદલાણ અગાઉના પાપોને દર્શાવિતા પ્રતિક તરીકે ભરી દો) હવે ત્યારે તમે ગ્લાસને પાણીમાંથી બહાર કાઢો છો. રોમન ૫:૬-૮ વાંચો. પ્રશ્ન પૂછોઃ શું ગ્લાસ ભરેલો છે? હાજી. શું તે પાણીથી ભરેલો છે. પરંતુ ના જી, કારણ પથ્થરના કાંકરાએ પાણીની જગા લઈ લીધી છે. ઘણા લોકો એવું જીવન જીવે છે જેમાં પાપ (કાંકરા) તેમને આત્માથી ભરપૂર થતાં અટકાવે છે. (ગ્લાસમાં બીજા કાંકરા ભરો) અમુક પાપ નાના હોય છે, છુપાયેલા પાપ જે બીજાઓથી અજાણને દેખાતા નથી (૧યો ૧:૮, ૧૦ લુક ૧૧:૨૪-૨૬) (થોડા આરસના ટુકડા ભરો) અમુક પાપો મઝાના પાપ છે. અને ગમતી કુટેવ હું તેને છોડવા માંગતી નથી (૧કરંથી ૯:૧૨) અમુક પાપ "અડચણ કરનાર પાપ" છે આ સારી બાબતો હોઈ શકે પરંતુ જો તેમના પર વધુ પડતો પ્રેમ રાખીએ અને તેમનો ઉપયોગ અયોગ્ય રીતે કરીએ તો તે આપણને નીચા પાડી નાખશે.

પાપ પવિત્ર આત્માને નાખે છે; ગ્લાસ ઉભરાઈ ગયો છે પરંતુ તે (હેબ્રી ૧૨:૧)

*(હેબ્રી ૧૨:૧-૨) તમારા હૃદયમાં એવી કઈ બીજી બાબત છે જે પવિત્ર આત્માનું સ્થાન લઈ લે છે ? તમે શાનાથી ભરાયેલા છો? પાપ (કાંકરા) અથવા ઈસુ ખ્રિસ્ત ? પાણી કદાચ ટોચ સુધી દેખાતુ હશે પરંતુ ગ્લાસમાં કાંકરાને લીધે અર્ધુ જ પાણી હશે.*

> *યાકુબ ૨:૧૦*
> *૧ યોહાન ૧:૯*

૪ **(કાંકરા કાઢીને ગ્લાસને ફરીથી ભરી છે. તેમાં થોડી માટી નાંખો. કોઈને તે પાણી પીવાનું કહો)** *જો કે પાપ અથવા રેતી થોડી જ હોય તે આપણને દુષીત કરે છે. જેમ સ્વર્ગમાંના પિતા સંપૂર્ણ છે તેવા સંપૂર્ણ થવા દેવ આપણને કહે છે (માત્થી ૫:૪૮)*

> *જે અંદર હોય તેજ બહાર આવે છે*
> *યાકુબ ૩: ૯-૧૨*

૫. **(ગ્લાસને પાણીમાં રાખીને પાણી કાઢવા પ્રયાસ કરો)** *જ્યારે હું ગ્લાસને પાણીમાં રાખી પાણી કાઢવા પ્રયત્ન કરું છું તો શુ બહાર નીકળે છે? પાણી. હવે જો કોઈ તમને ગુસ્સે કરે છે તો તમારા મુખમાંથી શું નીકળે છે? શ્રાપ અથવા આશીર્વાદ? ઈસુ ખ્રિસ્તમાં તો આશીર્વાદ જ છે. "પિતા તેઓને માફ કરો." શું મારા ગુસ્સે થયેલા  પતિ તરફદાર મારા માંગણી કરતા બાળકો તરફ, ઝગડ્યા કરતા દુકાનદાર તરફ, ધ્યાન ન રાખનાર ડ્રાઈવર તરફ મારો પ્રત્યુત્તર આવો હોય છે? ખાટા સરકાની માફક મારા દીલમાંથી   કડવાશ જ બહાર આવશે. જો હું ખ્રિસ્તથી ભરાયેલો હોઈશ તો મીઠામધ જેવા ઈસુ ખ્રિસ્ત જ  બહાર આવશે!*

> *જ્યારે કોઈ આપણને ધક્કો મારશે બીજા આશીર્વાદીત થશે*
> *ઉત્પતિ ૧૨:૧-૩*
> *કલોસી ૧:૨૭*
> *રોમન૧૨:૧-૨*

૬. **(કોઈને ગ્લાસ ભરેલો ગ્લાસ પકડવા આપો ને તેની પાસેના ને કહો કે ગ્લાસને હલાવે. જુઓ કે  તેના હાથ પર પાણી ઢળે છે)** *સંપર્કની તો દરેક પરિસ્થિરમાં જે વ્યક્તિના*

*સંપર્કમાં તમે છો તે તમારા જીવનના પવિત્ર આત્માથી પ્રભાવિત થવી જોઈએ. તેઓ તમને હેરાન કરવા માંગતા હોય પરંતુ તમારી નજીક આવવાથી તેમને આશીર્વાદનો અનુભવ થવો જોઈએ. તમે બીજાઓ પર શું ઢોળો છો?*

*તમારા જીવન એક બોટલ સમાન છે તેવી કલ્પના કરો તેને તમે દેવના આત્માના દરિયામાં નાંખી દો ને તેને તેનાથી ભરાઈ જવા દો. ઈસુ ખ્રિસ્તને તમારા જીવનનું સમર્પણ કરો. તે તમને ભરી દેશે. તમારી આસપાસ તમારામાં અને તમને ભેટીને તે રહેશે (યોહાન ૧૭:૧-૨૬)*

**ચર્ચા માટેના પ્રશ્નો :**

૧. *ક્યા "મઝાના નાના પાપ" તમારુ પરિક્ષણ કરે છે.*

૨. *જ્યારે કોઈ તમને ભટકાઈ જાય છે ત્યારે તમારામાંથી શું નીકળે છે ?*

**પ્રાર્થના :**

*તમારા પોતાના શબ્દોમાં તમારા પાપ કબૂલ કરો. ઈસુ ખ્રિસ્તને મદદ કરવા વિનંતી કરો કે તમારા જીવનમાંથી કાંકરા અને રેતી કાઢી નાખે તેની ભરપૂરી અને સમર્પીત થઈ જાવ ઈસુ ખ્રિસ્ત તમારામાં - મહિમાની આશા (કલોસી ૧:૨૭)*

*નોંધ :*

# 6 મહિલા શિષ્યા અને તેણીનો સંબંધો

**ચાવીરૂપ કલમ રોમન ૧૨: ૧૮**

*"જો બની શકે, તો ગમે, તેમ કરીને સઘળા માણસોની સાથે હળી મળીને ચાલો"*

**પ્રસ્તાવના**

૧. *જો કે આપણા માટે તે સમજવુ અઘરું છે પરંતુ દેવ ત્રિએક દેવ છે- ત્રણ વ્યક્તિ પિતા, પુત્ર અને પવિત્ર આતમા - છતાંયે તેઓ એક જ દેવ છે. (પુન ૬:૪)*

૨. *ત્રિએક દેવ સતત એક બીજા સાથે સારા સંબંધમાં છે. તેવી જ રીતે ઈસુ ખ્રિસ્તની શિષ્યાઓએ એકબીજા સાથે તંદુરસ્ત સંબંધમાં જીવવાનું છે.*

**ચાર મહત્વના સંબંધોનું શિષ્યાએ સંવર્ધન કરવાનું છે.**

**૧. શિષ્યાએ પોતાના પતિ સાથેના સંબંધને મૂલ્યવાન સમજી તેનુ સંવર્ધન કરવાનુ છે. (જો તેણી પરીણીત હોય તો)**

અ. *યાદ રાખો શિષ્યાના જીવનની બીજી બધી બાબતોની જેમ તેણીના લગ્ન જીવન દ્વારા તેણીને દેવને માન અને મહિમા આપવાનો છે (૧ કરંથી ૧૦:૩૧)*

બ. *જેમ પ્રભુને તેમ પતિને આધિન થવા બાબતે બાઈબલ પત્નિઓને સૂચના આપે છે પતિને પ્રેમથી ને ખુશીથી આધિન થવાનું છે.*

## તે રાજકુમારીને પરણ્યો

*થેઈમા બ્રાઉનમાંથી અવતરણ*

- ★ *જીવનમાં એકબીજા કરતા પણ વધુ પ્રેમ દેવ પર કરનાર પુરુષ અને સ્ત્રી જેઓ દેવના વચનનુ અધ્યયન કરે છે સાથે મળીને પ્રાર્થના કરે છે તેઓમાં શેતાનના ગમે તેવા હુમલાનો સામનો કરવાની તાકાત હોય છે.*
- ★ *આનંદી વાતાવરણ જો સામાન્ય રીતે જોવા મળે છે તો તે કુંટુંબ મઝાનું કહેવાય.*
- ★ *તમારા પતિની પ્રશંસા કરવાની ટેવ પાડો. પરિણીત વ્યવહારમાં ટીકા ટીપ્પણી કેન્સર સમાન છે.*
- ★ *એકબીજાને નીચા પાડવાની ટેવ પાડતા નહિ. બની તેટલુ કરીને એક બીજાને બાંધો.*
- ★ *તમારા પતિને ઊંચા ચઢાવો. તેને પ્રેમ કરો. તેને દેવની વધુ નીકટ લાવો કારણ જ્યાં સુધી તે સંપૂર્ણ રીતે દેવનો નહી થાય ત્યાં સુધી તે તમારો નહી થાય!*
- ★ *જ્યારે ઈસુ ખ્રિસ્તે આપણને આજ્ઞા આપી કે એકબીજા પર પ્રેમ રાખો ત્યારે તેમાં શું એવો ઉમેરેલુ છે કે સાસુ, સસરા, નણંદ, દિયર, ભાભી, જમાઈ સીવાય ?*
- ★ *જેમ જેમ સમય જાય છે તેમ તેમ કુટુંબની ટીમ વધુ ને વધુ મજબૂત અને ખુશી બનતી જાય છે. દેવમાં રહેવું તે તેની ચાવી છે. દેવ સાથે હોવાથી લગ્નથી વધુ મજબૂત કશું જ નથી અને દેવ વિના લગ્નથી વધુ કોમળ કશું જ નથી. દરેક યુગલ ને શ્રેષ્ઠ સલાહ એ છે કે "દેવની નજદીક રહો."*

દેવની આજ્ઞાનુસાર પતિનું માન રાખો અને તેના અધિકારને આધીન થાવ. (એફેસી ૫:૨૨, ૨૫)

સી. શિષ્યાના જીવનનો વ્યવહાર ઈસુ ખ્રિસ્તના ગુણો દર્શાવનાર હોય કે જેનાથી તેણીનો અવિશ્વાસી પતિ પ્રભાવિત થઈ જાય છે. તેણીના પવિત્ર દેવના ભય સહિતનો પ્રેમાળ વ્યવહાર જેમાં પવિત્ર આત્માના ફળનો રસ મિશ્રીત હોય છે તેનાથી તેના પતિનો વિશ્વાસ તે જીતી લે છે અને તેણીના પ્રભુ પર તે વિશ્વાસ કરવા લાગે છે "જો કોઈ પતિ સુવાર્તાના વચન તે માનનાર ન હોય, તો તેઓ પોતાની સ્ત્રીઓના નિર્મળ આચરણ જોઈને સુવાર્તાના વચન વગર મેળવી લેવાય" (૧ પિતર ૩:૧)

ડી. શિષ્યા પોતાનું સ્વ મૂલ્ય જોઈ શકે છે કે દેવે તેણી માટે પત્નિની ભૂમિકામાં કેટલો મોટો ઈરાદો રાખેલો છે. "તેના માટે મદદગાર" (ઉત્પતિ ૨:૧૮) સારી પત્નિ પતિ પર પ્રેમ રાખે છે (તિતશ ૨:૪) "પોતાની આવરદાના સર્વ દિવસો પર્યંત પત્ની પતિનુ ભલું જ કરે છે અને ભૂંડું કદી નહી." (નીતિ ૩૧:૧૨)


ઈ. ખ્રિસ્તી લગ્નમાં શિષ્યને તક મળે છે કે તે દેવની કૃપાની અને પ્રેમની સેવા સાથીદાર પ્રત્યે દર્શાવે. પતિ અને પત્નિ જો બંને વિશ્વાસી હોય તો તેઓ "કૃપાના સાથી સહવારસો છે." (૧ પિતર ૩:૭) તેઓ ક્ષણભંગુર સારી બાબતોના જ સાથી ભાગીદારો નથી પરંતુ અંનત જીવનના પણ છે. તેઓ પોતાની આત્મિક એકસુત્રતા જાળવી રાખવા દરેક અસંતોષ અને ખોટી બાબતોની અવગણના કરશે અથવા તેની માફી આપી તેનુ નિરાકરણ કરશે. પ્રાર્થનામય જીવનમાં કોઈ વિઘ્ન ન આવે માટે આ જરૂરી છે. (માર્ક ૧૧:૨૫)

એફ. બીજી બધી બાબતોની માફક એ ખૂબ જ મહત્વનું છે કે આપણે પોતાના સાથીદાર સાથે અર્થપૂર્ણ ધેરો સંબંધનો સંપર્ક રાખીએ આ મજબૂત ઐક્યતાનુ બંધન પરિક્ષણ સામે મજબૂત રક્ષણ પૂરુ પાડનાર છે (૧ કરંથી ૭: ૩-૫)

જી. "દેવે કુટુંબની શરૂઆત કરી છેઃ આ દેવનો વિચાર છે, દેવને તે ગમે છે અને એફેસી ૫:૨૨-૨૩ દર્શાવે છે કે"

*લગ્ન સંબંધ આપણા માટે ઈસુ ખ્રિસ્તનો મંડળી પ્રત્યેનો પ્રેમ દર્શાવિતો પદાર્થ પાડે છે, તેમના શુધ્ધ ને સંપૂર્ણ પ્રેમ દર્શાવિરુ જગત માટે ચમકતુ પ્રતિબિંબ બની જાય" મામા થેલ્મા બ્રાઉન તે તેને પવિત્ર અને સુંદર તેમની કન્યા પ્રત્યેના*

૨. **શિષ્યાએ પોતાના બાળકો સાથેના સંબંધને મૂલ્યવાન કરી તેનુ સંવર્ધન કરવાનું છે**



*અ. એફેસી ૬:૪ માતાપિતા "આ કરો" ને " આ ના કરો" ની યાદી આપે છે. તમારા બાળકોને ચીડવો નહિ દેવના ભયને સૂચનમાં તેમને ઉછેરો*

*બ. વધુ પડતા ટીકાખોર, કડક, જલ્દીથી ચીડાઈ જનાર બની, એક છોકરાનો પક્ષ લેનારા બની, એક સરખુ વર્તન ન રાખનાક બનીને માતપિતા બાળકોને ચીડવે છે ને બંડખોર બનાવે છે (યાકૂબ ૧: ૨-૮)*

*સી. પોતાના બાળકોની સાથે ના વ્યવહારમાં પણ જેમ બીજા બધાની સાથે હોય છે તેમ માતપિતાએ દેવના પ્રેમની લાક્ષણિકતા દર્શાવવાની છે. જેમ આકાશમાનો પિતા માયાળુ અને કરૂણાળુ છે તેવા દેવના પ્રેમની લાક્ષણિકતા દર્શાવતી છે. (એફેસી ૪:૩૨)*

*ડી. અને જેવી રીતે દેવ બાપ આપણને શિસ્તમાં રાખે છે તેમ આપણે આપણા બાળકોને જ્યારે જરૂર હોય ત્યારે પ્રેમથી શિસ્તમાં લાવવાના છે. (હેબ્રી ૧૨:૬)*

*ઈ. નીતિ ૨૨:૬ કહે છે, "તારા બાળકોને કયે માર્ગે ચાલવુ તે તું તેને શીખવ... શીખવ જે શબ્દ છે"*

*તેમાં સુધારા ને શિસ્તથી શીખવવાની વાત સમાવીષ્ટ છે*

*એફ. આપણા બાળકો જ્યારે પાપ કરે ત્યારે તેમને "અટકાવવાના" (રોકવા શબ્દનો મૂળ અર્થ સૂચના, સુધારણા અને સામનો છે.) ૧ શમુ ૨:૩૪-૩૫ આપણે વાંચીએ છીએ કે એલીએ પોતાના દિકરાને અટકાવ્યા નહિ અને દેવે દુશ્મનો મારફતે તેમનો નાશ કર્યો.*

*જી. બીજી બધી બાબતોની માફક આપણા બાળક સાથે આપણે સમય ગાળવો જ પડે - એવો સમય કે જેમાં આપણે તેમની સાથે ગાઢ અર્થપૂર્ણ વ્યવહાર કરી શકીએ (લુક ૧:૧૭)*

૩. **શિષ્યાએ કુટુંબના બીજા સભ્યો સાથેના સંબંધનું મૂલ્ય સમજી સંવર્ધન કરવાનું છે.**

*એ. શિષ્યા પોતાના સાસરીયા સાથે સારો સંબંધ જાળવે છે. રૂથ આનુ શ્રેષ્ઠ ઉદાહરણ છે. મુશ્કેલ સંજોગોમાં પણ તેણીએ પોતાની સાસુ પર પ્રેમ રાખ્યો - જો કે તેને સ્વતંત્ર બની જવાની તક હતી તો પણ સંબંધ જાળવ્યો. તેણીએ પોતાનુ જ નહીં પરંતુ સાસુનું ભલુ ઈચ્છયુ, તેણી આ કરી શકી કારણ તે જીવંત દેવ પર વિશ્વાસ કરતી હતી અને તેનો ભય રાખતી હતી. (રૂથ ૧:૧૬-૧૭, ૨:૧૪-૧૮)*

*બી. શિષ્ય પોતાના કુટુંબની તથા નોકરોની સારી સંભાળ રાખે છે. તેણી પોતાની કૌટુંબિક જવાબદારીઓ પૂર્ણ કરવા સવારમાં વહેલી ઉઠે છે ને જરૂર હોય તો રાત્રે મોટા સુધી જાગે છે. તેણી સખત મહેનત કરે છે. અને પોતાના પતિના ઘરનાની પણ કાળજી લે છે. (નીતિ ૩૧:૧૫-૨૭)*

*સી. પોતાનાથી નાની ઉંમરની બહેનો સાથે શિષ્યા સારો સંબંધ રાખે છે ને તેમને માર્ગદર્શન આપે છે (તિતસ ૨:૩) આ માટે તે બકબકાટ કરનારી નથી તેનો અર્થ એ તે પોતાની જીભને કાબુમાં રાખે છે (યાકુબ ૩:૫-૬,૮) તેણી સંયમી છે અને બધા સાથે આદરમય સંબંધ જાળવે છે.*

*ડી. દૈવી ચારિત્રયને પોતાનામાં વિકસાવવા તેણી દેવના વચનો શીખે છે. (૧ પિતર ૧:૫-૬)આ લાક્ષણિકતાઓ તેણીના સંબંધોમાં દશ્યમાન થાય છે.*

*૪.* **શિષ્યાએ કુટુંબની બહારની વ્યક્તિઓ સાથેના સંબંધોનું મૂલ્ય સમજી તેમનું સંવર્ધન કરવાનું છે**

*એ. અવિશ્વાસીઓ સાથે તેણીએ ડહાપણભરી રીતે વર્તવાનું છે. (કલોસી ૪:૫) તેણીનો વ્યવહાર તેઓ સાથે એવો સુવ્યવસ્થિત ને પ્રમાણિક હોવો જોઈએ કે ખ્રિસ્તી વિશ્વાસને કાંઈ લાંછન ન લાગે. તે રીતે તેમને સુવાર્તા આપવાની તેણીને તક મળશે.*

*બી. તેણી પરોણાગત કરનાર હોવી જોઈએ – બીજાઓની જરૂરત પુરી કરનાર અને ખાસ કરીને જેઓ ઈસુ ખ્રિસ્ત માટે મહેનત કરે છે ને દુ:ખ ઉઠાવે છે તેમની (રોમન ૧૨:૧૩) હોવી જોઈએ.*

*સી. તેણી ગરીબોને જરૂરતમંદોનો ઉદારતાથી ખાસ કરીને જેઓ મંડળીના સભ્યો છે તેમને આપનાર હોવી જોઈએ. (૧ યોહાન ૩:૧૭, અયુબ ૨:૧૫)*

*ડી. જેઓ તેણીના આત્મિક સ્વાસ્થય માટે વિશ્વાસુપણે દેવનો ઈરાદો પ્રગટ કરે છે તેમના શિક્ષણ અને ચેતવણી પ્રત્યે આદર રાખી દેવની મંડળીના અધિકારને આધીન રહેવી જોઈએ. (હેબ્રી ૧૩:૧૭)*

*ઈ. જો તેની નોકરી કરતી હોય તો તેના અધિકારીઓનો આદર ને આજ્ઞા માનનાર હોવી જોઈએ. જેમ પ્રભુને તેવી રીતે પોતાની ફરજ બાબતો તેણી વિશ્વાસુ હોવી જોઈએ. (એફેસી ૬:૫-૮) ખ્રિસ્તી વિશ્વાસ અને વચનની વિરુદ્ધનું જે કાંઈ ન હોય તેણીએ માનવું જોઈએ.*

*૫.* **દેવના વચનમાં જેમ સૂચવ્યુ છે તેવી રીતે શિષ્યાએ બીજાઓ સાથે મેળમાં જીવવુ જોઈએ.** *(એક બીજા નામનુ પાનુ જુઓ)*

*દેવને પસંદ પડે તેવુ કેવી રીતે આપણે "એકબીજા સાથે" રહી શકીએ તેના માટેના નવા કરારના સૂચનો અહીં જણાવ્યા છે.*

**એકબીજા પર પ્રેમ રાખો**

૧. ૧ યોહાન ૧:૭ - એક બીજા પર પ્રેમ રાખો.
૨. ૧ પિતર ૪:૮- એક બીજા પર ગાઢ પ્રેમ રાખો.
૩. ૧ પિતર ૧: ૨૨ - એક બીજા પર હદયથી ગાઢ પ્રેમ રાખો.
૪. ૧ પિતર ૩:૮ - એક બીજા સાથે મન મેળમાં રહો.
૫. રોમન ૧૨:૧૦ - ભાઈના પ્રેમમાં એકબીજાને સમર્પીત રહો
૬. ગલાતી ૫: ૧૩ - એકબીજાની પ્રેમથી સેવા કરો.

**એક બીજાનું માન રાખો**

૭. યોહાન ૧૩:૧૪ તમારે એકબીજાના પગ ધોવા જોઈએ.
૮. ૧ પિતર ૫:૫ એકબીજા સાથે નમ્રતાના વસ્ત્ર ધારણ કરો.
૯. ફિલીપી ૨:૩ પોતાના કરતા બીજાને અધીક ગણો.
૧૦. એફેસી ૪:૨ પ્રેમથી ધીરજવાન બની એકબીજાનું સહન કરો.
૧૧. રોમન ૧૫:૭ જેમ ઈસુ ખ્રિસ્તે તમને સ્વીકાર્યા એકબીજાને સ્વીકારો.
૧૨. રોમન ૧૨:૧૦ એકબીજાને માન આપો.
૧૩. એફેસ ૫:૨૧ બીજાને આધીન થાઓ.
૧૪. ફિલીપી ૨:૪ બીજાના હીતને જુઓ.
૧૫. માર્ક ૯:૫ એકબીજા સાથે શાંતિમાં રહો.

**એકબીજાને માફ કરો.**

૧૬. રોમન ૧૪:૧૩ એકબીજાનો ન્યાય કરવાનું બંધ કરો.
૧૭. એફેસી ૪:૩૨ એકબીજા પ્રત્યે માયળુ ને કરૂણાળુ થાઓ એકબીજાને માફ કરો.
૧૮. કલોસી ૩: ૧૩ એકબીજાનું સહન કરો અને અકબીજાને માફી આપો.
૧૯. રોમન ૧૨:૧૪-૧૬ એકસુત્રતામાં જીવો આશીર્વાદ આપો આનંદ કરો ને એકબીજાના દુ:ખમાં દુ:ખી થાઓ.

**એકબીજાને ઉત્તેજન આપો.**

૨૦. ૧ થેસ્સા ૫:૧૧ એકબીજાને ઉત્તેજન આપો.
૨૧. ૧ થેસ્સા ૫:૧૧ એકબીજાને બાંધો.
૨૨. રોમન ૧૪:૧૯ એકબીજાને સુધારો.
૨૩. ગલાતી ૬:૨ એકબીજાના બોજ ઉચકો
૨૪. કલોસી ૩:૧૬ સર્વ જ્ઞાનમાં એકબીજાને શીખવો ઠપકો આપો
૨૫. હેબ્રી ૧૦.૨૪ પ્રેમને સારા કામ માટે એકબીજાને પ્રોત્સાહીત કરો.
૨૬. ૧ પિતર ૪:૧૦ દેવની મહાન કૃપાના સારા કારભારી તરીકે એકબીજાની સેવા કરો.
૨૭. હેબ્રી ૩:૧૩ દરરોજ એકબીજાને ઉત્તેજન આપો.
૨૮. ફિલીપી ૧:૪ એકબીજા માટે પ્રાર્થના કરો.

**આ ના કરશો.**

૨૯. યાકુબ ૪:૧૧ એકબીજાનું ભૂંડું ન બોલો.
૩૦. ગલાતી ૫:૧૫ એકબીજાને કરડો ને ફાડી ખાઓ નહી.
૩૧. ગલાતી ૫:૨૬ એકબીજાને ખીજવી, અદેખાઈ રાખી મિથ્યા બડાઈ મારો ના.
૩૨. યાકુબ ૫:૯ એકબીજા વિરુધ્ધ કચકચ ન કરો.
૩૩. રલોસી ૩:૯ એકબીજા સાથે જૂઠું ન બોલો.
૩૪. રોમન ૧૪:૧૩ તારા ભાઈના માર્ગમાં ઠોકરનો પથ્થર ન મુક.

**ચર્ચા માટેના પ્રશ્નો :-**

૧. *ખ્રિસ્તી મહિલા કેવી રીતે પોતચાના પતિના સંબંધનું "સવંર્ધન" કરી શકે?*

૨. *દેવે પિતા તરીકેના ક્યા ગુણો પ્રગટ કર્યા છે જે ખ્રિસ્તીઓ માટે પોતાના બાળકો માટે નમૂનારૂપ બની શકે?*

૩. *ખ્રિસ્તી મહિલા પોતાના સાસરીયા પર કેવી રીતે પ્રેમ દર્શાવી શકે?*

**પ્રાર્થના**

*પ્રેમાળ પ્રભુ તમારી દયાથી મને મદદ કરો કે તમારા વચનની દોરવણી મુજબ હું સારો ને યોગ્ય વ્યવહાર બીજાઓ સાથે રાખી શકું. દરેક સંબંધની લાક્ષણિકતા મુજબ તેમનું મૂલ્ય જાળવી શકું અને મારા બીજાઓ સાથેના સંબંધમાં તમારો મહિમા પ્રગટ કરી શકું.*

*નોંધ*

# 7

# મહિલા શિષ્ય અને આત્મા જીતનાર

**ચાવી રૂપ કલમ નીતિ ૧૧:૩૦**

*જે જ્ઞાની છે તે બીજાઓના આત્માને બચાવે છે.*

*ભારતમાં મહિલાને પ્રેરણા આપનાર થેલ્મા બ્રાઉન દ્વારા લખાયેલ પુસ્તક સાત - પગથિયા-આત્મા -જીતવાના સેમિનાર પુસ્તકમાંથી વીન શિષ્યાપણાની મેન્યુઅલનું આ પ્રકરણ લેવામાં આવ્યુ છે. તેઓ "મામા" તરીકે જાણીતા હતા. તેમના વિષે વધુ જાણવા અર્પણનું પાનું વાંચશો તેમના સંપર્કમાં આવનાર માટે તેણી પ્રેરણામૂર્તિ હતા.*

*આ પુસ્તક સાક્ષીને આત્મા જીતવાની પધ્ધતિઓ દર્શાવે છે. અને તેના સાત પાઠ સાત "પગથિયા" કહેવાય છે. આ મેન્યુઅલમાં તેમાંના પાંચ પાઠનો સમાવેશ કરેલ છે પ્રથમ પાઠ આત્મા જીતવાના કારણો પર ભાર મૂકે છે અને બીજા ચાર અસરકારક સુવાર્તા આપવાની રીતો દર્શાવે છે.*

## 1 આત્મા જીતવાના કારણો

*થોડા લોકોને ઉપદેશક થવા તેડુ અપાયુ છે પરંતુ દરેક નવો જન્મ પામેલ ખ્રિસ્તીને આત્મા જીતવાને તેડવામાં આવેલ છે તમારે તમારા લોકોને આત્મા જીતવાના આનંદમાં દોરી જવા જોઈએ.*

*આત્મા જીતવુ એ એક ચોક્કસ પ્રયત્ન છે જે દ્વારા ચોક્કસ વ્યક્તિને ચોક્કસ તારનારનો સ્વીકાર કરવા ચોક્કસ સમયે દોરવામાં આવે છે*

**બીલી સન્ડે**

**આત્મા જીતનાર બનવાના કારણો**

૧. આત્માનું મૂલ્ય (માર્ક ૮:૩૫-૩૮)
૨. નર્કની વાસ્તવિકતા (લુક ૧૨:૪-૫)
૩. દરેક પાપી માટે ઈસુ ખ્રિસ્તે ક્રુસ પર દુઃખ વેઠ્યુ છે. (૧પિતર ૩:૧૮)
૪. આ જગતનું ખાલીપણું ને વ્યર્થતા (૧ પિતર ૧:૨૪-૨૫)
૫. સ્વર્ગમાં કુટુંબનું વર્તુળ પૂર્ણ થાય તેવી ઈચ્છા (૧ થેસ્સા ૪:૧૬-૧૭)
૬. સ્વર્ગમાં મહિમા (યોહાન ૧૪:૨-૩)
૭. વિશ્વાસુ આત્મા જીતનારાને મળનાર વ્યક્તિગત બદલાનું વચન. (દાની ૧૨:૩)

**વ્યક્તિગત કાર્ય કરનારની જરૂર**

૧. તેણી ઉધ્ધાર પામેલ હોવી જોઈએ અને તારણની ખાત્રી હોવી જોઈએ. (૨ પીત ૧:૧૦-૧૧)
૨. તેણી શુધ્ધ જીવન જીવતી હોવી જોઈએ (૨ પિતર ૩:૧૪)
૩. તેણીએ પ્રેમના આત્માથી કાર્ય કરવાનું છે. (૧ પિતર ૧:૨૨-૨૩)
૪. તેણીને બાઈબલની જાણકારી હોવી જરૂરી છે ને તેનો ઉપયોગ કરતા આવડવું જોઈએ. (૨તિમોથી ૨:૧૫)
૫. તેણી પ્રાર્થનાવાદી મહિલા હોવા જોઈએ. (એફેસી ૬:૧૮)
૬. તેણી પવિત્ર આત્માથી ભરપૂર મહિલા હોવી જોઈએ. (એફેસી ૫:૧૮)
૭. ખોવાયેલા આત્મા માટે તેણીને બોજ હોવો જરૂરી છે. (યહુદા ૨૩)

**ચર્ચા માટેનો પ્રશ્નઃ-**

ઉપર દર્શાવેલ યાદીમાં જણાવેલ યોગ્યતા કેમ શું મહત્વની છે ?

## 2 કેવી રીતે સાક્ષી આપવી

*આપણા પ્રભુની ઈચ્છા છે કે કોઈનો નાશ ન થાય પરંતુ બધા પસ્તાવો કરી પાછા આવે (૨ પિતર ૩:૯). દેવની ઈચ્છા છે કે દરેક વ્યક્તિને સુવાર્તાનો સંદેશ સાંભળવાની તક મળે. આ વાતને ધ્યાનમાં રાખતા પ્રત્યેક વિશ્વાસીએ દેવ માટે સાક્ષી આપવાની દરેક તક ઝડપી લેવી જોઈએ.*

**કેવી રીતે સાક્ષી આપવી.**

*૧. સાક્ષી આપનાર મહિલા તારણ પામેલી હોવી જોઈએ. (રોમન ૫:૯-૧૧)*

*૨. તમારા બદલાણની સાદી વાત કરો ને તમારા જીવનમાં આવેલ ફેરફાર દર્શાવો. (ગીત ૫૧:૧૨-૧૩)*

*૩. તમને મળેલ પ્રાર્થનાના ઉત્તર જણાવો. (ગીત ૫૦:૧૫)*

*૪. તમે કેવી રીતે ઈસુ ખ્રિસ્તથી સંતુષ્ટ છો તે જણાવો. (ગીત ૧૦૭:૮-૯)*

*૫. વ્યક્તિગત પાપ ને પરિક્ષણ ઉપર મળેલ વિજયની વાત કરો. (૧યો ૫:૪-૫)*

*૬. બાઈબલની તમારી પ્રિય કલમ તેમને જણાવો. શાસ્ત્રના ખાસ શાસ્ત્રભાગમાંથી આજ સવારે દેવે તમારી સાથે કેવી રીતે વાત કરી તે જણાવો.*

*૭. તમારા મિત્રોને ઈસુ ખ્રિસ્તની સુવાર્તા આપો. તેમને ઈસુ ખ્રિસ્તવિષે જણાવો. (રોમન ૧:૧૬)*

*૮. તેમને આવી ને જોવા માટે આમંત્રણ આપો. (યોહાન ૧:૨૯-૫૧)*

*૯. ઈસુને અનુસરો (માત્થી ૪:૧૨-૨૦, માર્ક ૧:૧૬-૨૦)*

**ઈસુ ખ્રિસ્તને કબુલ કરવામાં આવતી અડચણો :-**

*૧. માણસોની બીક (૨ તિમોથી ૧:૭, ૧ યો૪:૧૮, ફિલીપી ૪:૧૩)*

*૨. શરમ લાગવી (૨ તિમોથી ૧:૮)*

*૩. અશુધ્ધ જીવન (૧ યોહાન ૧:૯)*

*નોંધ : હઝકીએલ ૩૩:૮ વાંચો સાક્ષી ન આપવામાં રહેલ જોખમો શોધી કાઢો!*

**તમારી વ્યક્તિગત સાક્ષીને વિકસાવો.**

*તમારા પોતાના જીવનમાં ઈસુ ખ્રિસ્ત સાથેનો સંબંધ અને તે તમારા જીવનને કેવી રીતે પ્રભાવિત કરે છે તે સાક્ષી માટેનું તમારુ અસરકારક શસ્ત્ર છે. પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિએ સાજા થઈને ધાર્મિક આગેવાનોને સાક્ષી આપી કે "એક વાત હું જાણું છું હું અંધ હતો હવે જોઈ શકું છું" (યોહાન ૯:૨૫). અમુક લોકો શાસ્ત્રપાઠ વિષે સૈધ્ધાંતિક દલીલો રજુ કરી અડચણ લાવી શકે પરંતુ ઈસુ ખ્રિસ્તે બદલેલ જીવનની સાક્ષી સામે કશું કહેવું મુશ્કેલ છે.*

**તમારી વ્યક્તિગત સાક્ષીમાં આવતા મુદ્દાઓ :-**

૧. **ખ્રિસ્તી બન્યા અગાઉ તમારું જીવન કેવું હતુ તે જણાવો.** *ઈસુ ખ્રિસ્ત પાસે આવ્યા તે અગાઉના તમારા જીવનનું વર્ણન કરો અને તેમાં ખાસ ખાલીપણા અને આશાવિહીનતાની લાગણી પર વધુ ભાર મૂકો કારણ અવિશ્વાસી માટે આ સામાન્ય વાત છે. એ વાતનું ધ્યાન રાખો કે કોઈ એક ખાસ પાપ ઉપર વધુ ભાર મુકશો નહી જેથી પાપમય જીવનને મહિમા ના મળે.*

૨. **ક્યારે અને ક્યાં તમે પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિષે સાંભળ્યુ અને શા માટે તમે તેમને તારનાર તરીકે સ્વીકારવાનો નિર્ણય તે વર્ણવો.** *તમે જ્યારે તમોને જે ખાત્રી મળી તેની વાત કરો છો ત્યારે પ્રાર્થના કરો કે સાંભળનારામાં પવિત્ર આત્મા કાર્ય કરે અને તેઓ પસ્તાવો કરે ને પાપ બાબતે દુ:ખ અનુભવે.*

૩. **ખ્રિસ્તી બન્યા બાદ તમારું જીવન કેવી રીતે બદલાઈ ગયુ તેની વાત કરો.** *સ્વર્ગીય રાજયના નાગરિક તરીકે તમને જે આનંદ અને શાંતિ પ્રાપ્ત થયા છે તે જણાવો. તમારા જીવનમાં કઈ રીતે દેવ બદલાવ લાવ્યા છે તે સ્પષ્ટ રીતે જણાવો.*

૪. **બાઈબલની કલમનો ઉપયોગ કરો.**

**ગૃહ કાર્ય**

*ઉપરના દરેક મુદ્દા પર એક ફકરો લખાણ લખો. દેવને વિનંતી કરો કે તે તમને તમારા સાક્ષી સ્પષ્ટ ને અસરકારક બનાવવામાં સહાયતા કરે.*

## *નોંધ*

## 3 પંજા સુવાર્તાપ્રચાર

*સુવાર્તા પ્રચારની સરળ પધ્ધતિમાં ખાસ સાધનોની કે પુસ્તકની જરૂર પડતી નથી. પંજાની આંગળીઓનો ઉપયોગ કરી તારણની યોજના સમજાવી શકાય છે. આ પધ્ધતિમાં તમારે કલમો કંઠસ્થ કરવી પડશે તે ખૂબ જ વ્યવહારું રીત છે કે તે તમને હંમેશા સુવાર્તા વહેંચવા તૈયાર રાખશે. જો સાંભળનાર સંમતિ દર્શાવે તે અને યોગ્ય લાગે તો તમે તેણીના પંજાની આંગળી પકડી તેનો અર્થ તેને સમજાવો.*

**1** **પહેલી આંગળી -દેવ તમારા પર પ્રેમ કરે છે (યોહાન૩ઃ૧૬)**

*"કેમકે દેવે જગત પર એટલી બધી પ્રીતિ કરી કે તેમણે પોતાનો એકનો એક દિકરો આપી દીધો એ સારું કે જે કોઈ તેના પર વિશ્વાસ કેર તેનો નાશ ન થાય પણ તે અનંતજીવન પામે."*

**2** **બીજી આંગળી - સઘળાએ પાપ કર્યું છે** *(રોમન ૩ઃ૨૩)*

*"સઘળા એ પાપ કર્યું છે ને સઘળા દેવના મહિમા વિષે અધૂરા રહે છે."*

**3** **ત્રીજી આંગળી :- આપણા પાપની કિંમત ચૂકવવા ઈસુ ખ્રિસ્ત મૃત્યુ પામ્યા. (૧કરંથી ૧૫-૩-૪)**


*"શાસ્ત્રાનુસાર ઈસુ ખ્રિસ્ત મર્યા, તેમને દફન કરવામાં આવ્યા. ને શાસ્ત્ર પ્રમાણે તેઓ ત્રીજા દિવસે સજીવન થયા."*

**4** **ચોથી આંગળી :- ઈસુ ખ્રિસ્ત તમારા પાપ માટે મૃત્યુ પામ્યા તેવો વિશ્વાસ કરો** *(યોહાન ૧:૧૨)*

*"જેટલાએ તેનો અંગીકાર કર્યો એટલે જેટલાએ તેના નામ પર વિશ્વાસ કર્યો તેટલાને દેવના છોકરા થવાનો અધિકાર આપ્યો."*

**5** **પાચંમી આંગળી :- જ્યારે તમે વિશ્વાસ કર્યો ત્યારે સદાકાળનુંજીવન પામ્યા.** *(રોમન ૬:૨૩)*

*"પાપનો મુસારો મરણ છે પરંતુ ઈસુ ખ્રિસ્તને આશરે અંનતજીવન તે દેવનું દાન છે."*




**સાંભળનારને નિર્ણય કરવા ને તારણની પ્રાર્થના કરવા ઉત્તેજન આપો.**

## નોંધ

# 4 તારણ તરફનો રોમન રસ્તો

*રૂમીયોના પત્રમાંથી કલમનો ઉપયોગ કરી તારણનો માર્ગ દર્શાવી શકાય છે. રસ્તામાં ક્રમાનુસાર જવું પડશે. તમારા બાઈબલમાં કલમોને નોંધી લેશો તો તે મદદરૂપ બનશે. આ પધ્ધતિનો મુખ્ય ફાયદો એ છે કે એક જ પુસ્તકમાંથી બધી કલમો મળી આવે છે જે શોધવી સરળ ને સહેલું બની જાય છે. ચોથો મુદ્દો સાંભળનારને કહ્યા પછી તેણી ઈસુ ખ્રિસ્તને તારનાર તરીકે સ્વીકારવા તૈયાર છે કે કેમ પૂછો.*

**1** **માનવીની જરૂરત (રોમન ૩:૨૩)** *બધાએ પાપ કર્યું છે અને માફીની જરૂર છે.*

*"સઘળાએ પાપ કર્યું છે ને દેવના મહિમા વિષે અધૂરા છે"*

**2** **પાપની શિક્ષા** *(રોમા ૬:૨૩) પાપનું પરિણામ મૃત્યુ છે.*

*"પાપનો મુસારો મરણ છે પરંતુ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે અનંતજીવન તે દેવનું કૃપાદાન છે. "*

**3** **દેવે પુરું પાડ્યુ છે.** *(રોમન ૫:૮) ઈસુ ખ્રિસ્તના મરણ દ્વારા દેવે પાપની શિક્ષા ચુકવવાનો માર્ગ બનાવ્યો છે.*

*"જ્યારે આપણે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે માટે મર્યા એમ કરવામાં દેવ આપણા પરનો પોતાનો પ્રેમ પ્રગટ કરે છે."*

**4** **માનવીનો પ્રત્યુત્તર** *(રોમન ૧૦:૯) પાપની કબુલાત કરો, ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરો અને માફી મેળવી લો.*

*જો તમે તમારા મોઢાથી કબુલ કરશો કે ઈસુ પ્રભુ છે અને હૃદયમાં વિશ્વાસ કરશો કે દેવે તેમને મૃત્યુમાંથી સજીવન કર્યા છે તો તમે તારણ પામશો.*

**ગૃહકાર્ય :**

*તમારા બાઈબલમાં આ ચાર કલમો નોંધી લો અને તેને કંઠસ્થ કરી લો.*

# 5 શબ્દ વગરની ચોપડી

તમે તારણનો સંદેશો તમારા બાઈબલ અને આ અજાયબ નાનકડી પુસ્તિકા દ્વારા કોઈપણ વ્યક્તિને આપી શકો છો. સામેની વ્યક્તિને તમારી સાથે વાત કરવા દો. શાસ્ત્રની કલમો તમારા અભ્યાસ માટે છે. સાક્ષી દરમ્યાન અમુક કલમોનો ઉપયોગ કરો. વાતચીતની શુરૂઆતમાં પોતાની ઓળખાણ આપો પછી તે બહેનનું નામ જાણી લો ને વાતચીત દરમ્યાન તેને નામથી બોલાવો. ખૂબ જ ઉત્સાહપૂર્વક વાત કરો. તમારી સાંભળનાર મહિલા માટે તે તારણનો માર્ગ છે.

**વાર્તા**

શું તમે ચિત્રો કે શબ્દો વગરનું પુસ્તક કદી જોયુ છે? (પુસ્તકના પાના તેની સામે ફેરવો) આ રંગબેરંગી પુસ્તીકા બાઈબલમાંથી એક જીવંતને ખરા દેવ કે જેમણે દુનિયા બનાવી છે તેની વાત કરે છે. હું મારા પુસ્તકને શબ્દ વગરની ચોપડી કહુ છું દરેક પાના પરનો રંગ મને વાર્તાનો એક ભાગ કહે છે. તમારે તે સાંભળવું છે?(તેના પ્રત્યુત્તરની રાહ જુઓ)

**સોનેરી પાનાથી શરૂ કરો.**

(અનુભવે એ સાબિત કર્યું છે કે સોનેરી પાનાથી શરૂ કરવુ ડહાપણ ભર્યું છેત્યાં દેવના પ્રેમ પર ભાર મુકાયો છે )

સોનેરી પાનુ મને સ્વર્ગની યાદ કરાવે છે. તમને ખબર છે સ્વર્ગ શું છે? (પ્રત્યુત્તર માટે રાહ જુઓ) સ્વર્ગ દેવનું ઘર છે બાઈબલ આપણને કહે છે કે સ્વર્ગીય શહેરની શુધ્ધ સ્વચ્છ કાચ જેવી સોનેરી શેરીઓ (પ્રકટી ૨૧:૨૧) છે. દેવ પોતાના ઘર વિષે ઘણી બધી વાત કરે છે ત્યાં કોઈ કદી બિમાર થતુ નથી. ત્યાં કોઈનું મૃત્યુ થતુ નથી. ત્યાં રાત્રી નથી. સ્વર્ગમાં દરેક વ્યક્તિ હંમેશા ખુશખુશાલ હશે (પ્રકટી ૨૧:૪-૨૩). સૌથી અજાયબ બાબત સ્વર્ગમાં એ છે કે ત્યાં ઈશ્વર પિતા, અને તેમના પુત્ર પ્રભુ ઈસુ ખ્રિસ્ત ત્યાં હશે.

દેવ સઘળાનું સર્જન કર્યું છે, તેણે તમારું સર્જન કર્યું છે તે તમારા પર ખૂબ જ પ્રેમ રાખે છે .બાઈબલ કહે છે. "દેવ જગત પર એટલો બધો પ્રેમ કર્યો..." (યોહાન ૩:૧૬) તેનો અર્થ કે તેઓ દરેક વ્યક્તિ પર પ્રેમ રાખે છે તેમાં તમારો ને મારો સમાવેશ થાય છે. દેવે તમને બનાવ્યા છે અને તે તમારા પર પ્રેમ રાખે છે માટે તે પોતાના કુટુંબમાં તમને ભાગીદાર બનાવવા ઈચ્છે છે અને કોઈક દિવસે તમે તેમની સાથે સ્વર્ગમાં હો તેવું ઈચ્છે છે (યોહાન ૧૪:૨) સ્વર્ગ એક ખાસ સ્થળ છે, તે સંપૂર્ણ છે કારણ દેવ સંપૂર્ણ છે પરંતુ એક બાબત કદી સ્વર્ગમાં હોઈ શકે નહી.

**કાળુ પાનુ કાઢો**

*(સાંભળનાર બહેનની આત્મિક જરૂરીયાત દર્શાવવા આ પાનાનો ઉપયોગ કરો. તમે પાપવિષે વાત કરો છો ત્યારે પ્રાર્થના કરો કે પવિત્ર આત્મા તેણીને પાપનુ ભાન કરાવે)*

આ એક બાબત તે પાપ છે. કાળુ પાનુ મને પાપની યાદ અપાવે છે. તમે અને હું પાપી છીએ માટે આપણે દેવના માર્ગે નથી પરંતુપોતાના માર્ગે ચાલીએ છીએ, પોતાનો માર્ગ ઈચ્છવો તે પાપ છે. ભૂંડી બાબતો કરવી, બોલવી કે વિચારવુ તે પાપ છે. દેવના પુસ્તક બાઈબલમાં આપેલ દેવના નિયમોનો ભંગ કરવો તે પાપ છે પાપને કારણે જગતમાં દુ:ખ આવે છે. તમે વિચારી શકો છો કે કઈ બાબતો પાપ છે? દેવનું વચન કહે છે. "સઘળા એ પાપ કર્યું છે" (રોમન ૩:૨૩) સઘળા એટલે આપણામાંના દરેક તેમાં તમારો ને મારો સમાવેશ થાય છે. પાપ તમને અને મને દેવથી અલગ કરી દે છે કારણ દેવ પાપ રહિત સંપૂર્ણ ખરા છે. દેવ જ્યાં હોય ત્યાં પાપ રહી શકે નહિ.

દેવે કહ્યું છે પાપને શિક્ષા થવી જોઈએ. પાપની શિક્ષા મૃત્યુ છે - દેવથી સદાને માટે અલગ થવું (રોમ ૬:૨૩). દેવ જાણતા હતા કે પાપથી છુટવા તમે કંઈ કરી શકતા નથી. દેવ જાણતા હતા કે તેમને પ્રસન્ન કરવા જેટલા સારા તમે બની શકતા નથી પરંતુ તે તમારા પર પ્રેમ રાખે છે ને તમને પોતાના બાળક બનાવવા ઈચ્છે છે તેથી તમને માફી આપવાનો માર્ગ તેમણે બનાવ્યો છે.

**લાલ પાનું કાઢો** *:- (ઈસુ ખ્રિસ્તના મૃત્યુ દ્વારા તારણનો માર્ગ બતાવાયો છે તે પર ભાર મૂકો)*

*લાલ પાનું રસ્તો બતાવે છે. દેવ તમારા પર ખૂબ જ પ્રેમ રાખે છે.તેમણે સ્વર્ગથી પોતાના પુત્ર ઈસુ ખ્રિસ્તને મોકલ્યા છે. તે નાના બાળક તરીકે જન્મ્યા મોટા થયા ને પુખ્ત વયના માનવ બન્યા. દુનિયા પર જીવતા કોઈપણ વ્યક્તિ કરતા તેઓ જુદા હતા. તેમણે કદી કશુ ખોટુ કર્યું નહિ. તે સંપૂર્ણ માનવી હતા.*

*પરંતુ એક દિવસે દુષ્ટ લોકોએ તેમના માથા પર કાંટાળો મુંગટ મૂક્યો ને ઈસુ ખ્રિસ્તને ક્રૂસ પર ખીલાથી જડી દીધા. બાઈબલ કહે છે જ્યારે તેઓ ક્રૂસ પર લટકતા હતા ત્યારે દેવે આપણા બધાના પાપનો ભાર તેમના પર મૂક્યો (યશાયા ૫૩:૬). તમારો બધો ક્રોધ, તમારા જુઠાણાં, તમારા હલકી હરકતો - તમારા સઘળા પાપ દેવના દિકરા પર મૂકવામાં આવ્યા.*

*જ્યારે ઈસુ ખ્રિસ્તને ક્રૂસ પર જડવામાં આવ્યા ત્યારે તેમના હાથને પગમાંથી શું નીકળ્યું? (રક્ત) બાઈબલ કહે છે કે રક્ત વહેવડાવ્યા વીના પાપોની માફી મળતી નથી (હેબ્રી ૯:૨૨) ઈસુ ખ્રિસ્તે તમારા પાપની શિક્ષા મૃત્યુ પોતે લીધી. તેમણે દુ:ખ વેઠ્યુ છેવટે મોટા અવાજે તેમણે કહ્યુ "સંપૂર્ણ થયું" પ્રભુ ઈસુ ખ્રિસ્ત જગતમાં આપણા પાપની શિક્ષા લેવા આવ્યા અને ક્રૂસ પર મૃત્યુ પામીને તેમણે કાર્ય પૂર્ણ કર્યું બાઈબલ કહે છે "ઈસુ ખ્રિસ્ત આપણા પાપો માટે દફન થયા" (૧કરંથી ૫:૩) પરંતુ ત્રણ દિવસ બાદ અજાયબ ઘટના બની. દેવે તેમનામાં જીવનનો સંચાર કર્યો દેવ ઈસુ ખ્રિસ્તને મૃત્યુમાંથી સજીવન કર્યા. ઈસુ જીવંત તારનાર છે.(૧ કરંથી ૧૫:૪) તમને પાપથી બચાવી તે તમારા તારનાર બનવા ચાહે છે.*

*(તેણીને નિર્ણય કરવા જણાવો ને ઈસુ ખ્રિસ્તને અપનાવવા પ્રાર્થના કરો,)*

**સફેદ પાનુ ખોલો** *(આ પાનાનો ઉપયોગ સાંભળનારના કાર્યને દર્શાવે છે - તેણીના વ્યક્તિગત તારનાર તરીકે તે ઈસુનો સ્વીકાર કરે)*

*આ પાનું મને યાદ કરાવે છે કે તમે તમારા પાપોથી શુધ્ધ થઈ શકો છો.(ગીત ૫૧:૭) બાઈબલમાં દેવ તે વિષે આપણને જણાવે છે. (સાંભળનારને આખી કલમ વાંચવા દો) "દેવ જગત પર એટલી બધી પ્રીતિ કરી કે તેમણે પોતાનો એકનો એક દિકરો આપી દીધો.*

*કે જે કોઈ તેના નામ પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય. પરંતુ તે અનંતજીવન પામે" (યોહાન ૩:૧૬) હાજી દેવ તમારા પર પ્રેમ રાખે છે. દેવ કહે છે જો તમે ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરશો તો તમારો નાશ નહી થાય - તમે દેવથી સદાકાળને માટે અલગ નહી થાવ તે તમારા પાપની માફી આપશે ને દેવની દષ્ટિમાં તમને શુધ્ધ કરશે દેવે કહે છે, "જે કોઈ વિશ્વાસ કરશે" જે કોઈની જગાએ આપણે તમારું નામ મૂકી શકીએ. જો તમે ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરશો તો તે તમને અનતજીવન આપશે. સ્વર્ગમાં દેવની સાથે તમારે તેવું જીવન જીવવાનું છે. જો તમે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર તારનાર તરીકે વિશ્વાસ કરશો તે તમારા પાપ માફ કરશે. અને તે હંમેશા તમારી સાથે રહેશે અને દેવની આજ્ઞા પાળવાને તમને શક્તિ આપશે. તમે આજે ઈસુ ખ્રિસ્તને કહી શકો છો કે તમે પાપી છો અને તેમ વિશ્વાસ કરો છો કે તે તમારા માટે મૃત્યુ પામ્યા છે. બાઈબલ કહે છે કે જો તમે પસ્તાવો કરશો (તેનો અર્થ કે તમે પાછા ફરી જશો) તમારા પાપથી ફરશો. તે તમને શુધ્ધ કરશે (પ્રે.કૃ. ૩:૧૯) તે એમ પણ કહે છે કે જો તમે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરશો તો તમે બચી જશો (પ્રે.કૃ. ૧૬:૩૧). તમે મારી સાથે તે કરવા તૈયાર છો? (ઉત્તર હા હોય તો સાંભળનાર મહિલા સાથે ઈસુ ખ્રિસ્તના સ્વીકારની પ્રાર્થના કરો.)*

**લીલા રંગનું પાનુ ખોલો.** *(આ પાનું અત્મિક વૃધ્ધિ પર ભાર મૂકે છે)*

*લીલો રંગ મને વૃધ્ધિ પામતી વસ્તુઓની યાદ કરાવે છે જેમકે પાંદડા, ઘાસ, ફુલ, વૃક્ષો આ પાનુ મને નવા જીવનની યાદ અપાવે છે. અનંતકાળનું જીવન જે તમને દેવ પાસેથી મળે છે. જ્યારે તમે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ મૂક્યો કે તેણે તમને પાપથી બચાવ્યા છે તમે દેવના કુટુંબમાં નાના બાળક જેમ જન્મ્યા છો. તમે આત્મિક રીતે વૃધ્ધિ પામો તેવું દેવ ઈચ્છે છે. બાઈબલ તમને કહેછે, આપણા પ્રભુ ને તારનાર ઈસુ ખ્રિસ્તના જ્ઞાનમાં વૃધ્ધિ પામો... (૨પિતર ૩:૧૮)*

*જ્યારે તમે બાઈબલમાંથી પ્રભુ ઈસુ વિષે વધુ શીખશો તમે પાપથી દૂર રહેતા શીખશો. (ગીત. ૧૧૯:૧૧) દરરોજ તેને વિષે કે તેમની આજ્ઞા માનવા મદદ કરે. જો તમે પાપ કરી બેસો તો તમે દેવને જણાવો તેને તરત જ પાપ કબુલ કરો. બાઈબલ કહે છે "જો આપણે આપણા પાપ કબુલ કરીએ તો આપણા પાપ માફ કરવાને અને સર્વ અન્યાયથી આપણને*

*શુધ્ધ કરવાને તે વિશ્વાસુ અને ન્યાયી છે. (યોહાન ૧:૯) કે ફરીથી ખોટું તમે ન કરો માટે દેવની મદદ માંગો.*

*(મહિલાને દેવે મદદ માટે આપેલ ખાત્રી માટે આભાર માનવા દોરો )*

૧. *દેવ સાથે વાત કરો - પ્રાર્થના કરો (૧ થેસ્સા ૫:૧૭) બાઈબલ કહે છે સતત પ્રાર્થના કરો.*

૨. *દેવનું સાંભળો - દેવના વચન વાંચી અને કંઠસ્થ કરીને શીખો (ગીત ૧૧૯:૧૧)*

૩. *દેવ માટે વાત કરો : સાક્ષી આપો - બીજાને દેવ વિષે કહો (માર્ક ૧૬:૧૫)*

૪. *દેવની ભક્તિ કરો : સન્ડે સ્કૂલમાં, દેવળમાં, અને નાના શાસ્ત્ર અભ્યાસ જૂથમાં નિયમીત જાવ (હેબ્રી ૧૦:૨૫)*

**વ્યક્તિ જતી રહે તે અગાઉ**

૧. *તેણીને સાહિત્ય અથવા પત્ર વ્યવહારનો અભ્યાસક્રમ આપો.*

૨. *તેણી માટે પ્રભુ ઈસુ ખ્રિસ્તે જે કર્યું છે તે માટે આભારની પ્રાર્થના કરવા જણાવો.*

૩. *નવા વિશ્વાસી બહેન સાથે પ્રાર્થના કરો અને તેની પાસે પ્રાર્થના કરાવો.*

૪. *તેણીનું નામ અને સરનામુ વધુ સંપર્ક માટે મેળવી લો.*

*(શબ્દ વગરની ચોપડીની માહિતી ચાઈલ્ડ ઈવેન્ઝલીઝમ ફેલોશીપના સૌજન્યથી)*

**ચર્ચા માટેના પ્રશ્નઃ-**

૧. *સુવાર્તા આપવા તમારે માટે કઈ પધ્ધતિ વધુ અસરકારક લાગે છે તેનું કારણ જણાવો.*

૨. *શબ્દ વગરની ચોપડીનો ઉપયોગ તમે ક્યા સ્થળોને સમયે કરી શકો તેમ છો?*

**પ્રાર્થના**

*સ્વર્ગીય પિતા મને મદદ કરો કે સાક્ષી આપવા ને સુવાર્તા વહેંચવા હું આ રીતો કંઠસ્થ કરી શકું. મને એવી મહિલાઓ પાસે લઈ જાવ જેઓ સાંભળવા તૈયાર હોય ને હૃદયથી તારણ સ્વીકારવા તત્પર હોય. આમેન*

## *નોંધ*

# 8 સમરૂની સ્ત્રી
# આત્મા જીતનાર સાક્ષી

**ચાવીરૂપ કલમ**

*"સુવાર્તા વિષે શરમ લાગતી નથી કારણ તે વિશ્વાસ કરનારને દેવનું તારણ પમાડનાર પરાક્રમ છે."*

**સમરૂની સ્ત્રી વિષેનો શાસ્ત્ર પાઠ** : *યોહાન ૪:૪-૧૨*

**પ્રસ્તાવના**

૧. *દૈવી મુલાકાત માટે પ્રભુ ઈસુ ખ્રિસ્તને પવિત્ર આત્મા સમરૂનમાંથી જવાની ફરજ પાડે છે.*

૨. *સામાન્ય રીતે યહુદી મુસાફરો સમરૂનને ચકરાવો લઈને છ દિવસની મુસાફરી કરી સમરૂની લોકોનો સંપર્ક ન થાય તેમ જતા હતા. સમરૂનીઓને યહુદી હલકી કોમ ગણતા કારણ તેઓ મિશ્ર યહુદી હતા. તેઓ બીન યહુદીઓ સાથે લગ્ન કરી ઉત્પન્ન થયેલ કોમ હતી.*



૩. *ઈસુ ખ્રિસ્ત પોતાના શિષ્યો સાથે*

*૪૨ માઈલ ચાલીને જીવન બદલનાર અનુભવ મહિલા સાથે કરવાને આવે છે આ દર્શાવે છે કે ઈસુ ખ્રિસ્ત મહિલાઓનું મૂલ્ય ઘણું મોટું આંકતા હતા.* **સમરૂની**

**સ્ત્રીના જીવનમાંથી આત્મા જીતનારાઓની ઉદભવતી લાક્ષણિકતાઓ**

**૧. આત્મા જીતનાર એક પાપી છે જેને ઈસુ ખ્રિસ્તમાં તારણ પ્રાપ્ત થયું છે. (પ્રે.કૃ. ૪ :૧૨)**

*એ. સમરૂની સ્ત્રી આપણ સર્વનું પ્રતિનિધીત્વ કરે છે. શાસ્ત્રમાં તેનું નામ જણાવેલ નથી.*

*બી. તેણી ઘણા પ્રકારના વિઘ્નોનો સામનો કરે છે.*

- **જાતિવાદ** - *તેણી સમરૂની હતી (ક.૯)*
- **સામાજીક** - *તેણી વ્યભિચારી સ્ત્રી હતી (ક.૧૮)*
- **ધાર્મિક** - *તેણી સમરૂની હતી જેઓ યહુદીઓથી જુદી રીતે ભક્તિ કરતા (ક.૨૧-૨૩)*
- *ઈસુએ તેની સાથે વાત કરતા આ વિઘ્નોની અવગણના કરી.*

*સી. તેણી ગંભીર નૈતિક પ્રશ્નોનો સામનો કરતી ગઈ હતી.*

- *તેણી બુરી રીતે પાપની ગુલામ બની ગઈ હતી.*
- *તેણીના આત્માની તરસ છીપાવવામાં આ સબંધો નિષ્ફળ ગયા હતા.*

*ડી. ઈસુ ખ્રિસ્ત સાથેની એક મુલાકાતથી સદાકાળ માટે તેનુ જીવન બદલાઈ ગયુ.*

- *ઈસુ ખ્રિસ્તે ધીરજથી તેના બધા જ પ્રશ્નોના ઉત્તર આપ્યા. (ક ૧૨-૨૬)*
- **ઈસુ ખ્રિસ્ત તેણી** *ને સત્યની પાસે લાવ્યા (ક. ૨૪)*
- *ઈસુ ખ્રિસ્તે તેણીની તારનારની જરૂર પુરી કરી. (ક. ૨૬)*

*ઈ. તેણીને જેની સૌથી વધુ જરૂર હતી તે તારણ ઈસુ ખ્રિસ્ત તેણીને માટે લાવ્યા - નવુ જીવન, સમરૂની સ્ત્રી સાથેના વાતચિતમાં અસરકારક આત્મા જીતનારના નમૂના જેવા ઈસુ ખ્રિસ્ત દેખાય છે.*

- *ઈસુ ખ્રિસ્તે તેણીનું* **અસ્તિત્વ** *બદલી નાખ્યુ - તેણી બધા જ વિઘ્નોની ઉપરવટ જતી રહી. જેઓ એ તેને નાત બહાર કરી હતી તેમને જઈને તેણીએ સુવાર્તા પ્રગટ કરી (ક ૨૮-૨૯)*
- *ઈસુ ખ્રિસ્તે તેણીનું જીવન* **લક્ષ્ય** *બદલી નાખ્યુ - હવે તેના જીવનનો પ્રાથમિક ઉદેશ્ય સાક્ષી બની ગયો. (ક. ૩૯)*
- *ઈસુ ખ્રિસ્તે તેણીનું* **વાતાવરણ** *બદલી નાખ્યુ - તેણીનું આખુ ગામ વિશ્વાસી બની ગયુ. (ક. ૪૨)*
- *છેવટે ઈસુ ખ્રિસ્ત વિશ્વાસીને પોતાની ઉપસ્થિતીનું ભાન કરાવે છે. (નિર્ગ ૩૩:૧૪, માત્થી ૧:૨૩) અને તેઓ આત્મા જીતનાર બની જાય છે.*

૨. **આત્મા જીતનાર વિશ્વાસી જીવંત જળ ઈસુ ખ્રિસ્તથી સંતુષ્ટ છે. (યોહાન ૪:૧૦-૧૫)**

એ. *સદાકાળના મૃત્યુમાંથી બચાવવા માટે ઈસુ ખ્રિસ્ત રૂપી ભેટ દેવે આપી છે માટે વિશ્વાસીઓને ઈસુ ખ્રિસ્તમાં ખરો સંતોષ પ્રાપ્ત થયો હોય છે તે બીજાઓ સાથે આ શુભ સંદેશ વહેંચવા આતુર હોય છે. (ક. ૨૮-૨૯)*

બી. *જીવન માટે પાણી અગત્યનું છે. પૃથ્વી અને માનવ શરીર ૭૦% પાણીથી ભરાયેલું છે. ઈસુ ખ્રિસ્ત કુવાના પાણીના ઉદાહરણનો ઉપયોગ કરી તારણ મારફતે તેઓ જે સંતોષ આપે છે તે સમજાવે છે. ઈસુ ખ્રિસ્ત પૂર્ણ સંતોષ આપે છે કારણકે તેઓ છે :*

- **જીવંત પાણી** *(ક. ૧૦) ઈસુ ખ્રિસ્ત અનંતકાળનું જીવન લાવે છે*
- **સંતુષ્ટ કરતું પાણી : (ક. ૧૩)** *આપણી આત્મિક તરસ ઈસુ ખ્રિસ્ત મળવાથી પૂર્ણ થાય છે. જે કોઈ તેની પાસે આવે છે તે આત્મિક રીતે કદી ભૂખ્યા થશે નહી અને તેના પર વિશ્વાસ કરનારને કદી તરસ લાગશે નહી. (યોહાન ૬:૩૫)*
- **શુધ્ધ કરનાર, જીવન બદલનાર પાણી** *(ક. ૧૬-૧૯) સમરૂની સ્ત્રીના ઈસુ સાથે મુલાકાતે તેણીને પૂર્ણ રીતે બદલી નાખી.*

*તેણીના પાપોથી શુધ્ધ કરી. આ ફેરફાર દશ્યમાન હતો કારણ તેણી બપોરે કસમયે પાણી ભરવા આવી હતી. તેણી જઈને આખા ગામને ઈસુ ખ્રિસ્તનો સંદેશ પ્રગટ કરે છે. (ક. ૨૮-૨૯) આજે પણ ઈસુ ખ્રિસ્તનું રક્ત આપણને સઘળા પાપથી શુધ્ધ કરે છે અને આપણું નવું સર્જન કરે છે. (૨ કંરથી ૫:૧૭)*

- **ઉભરાતુ પાણી** *(ક.૧૪) પાણી (સંતોષ) જે સંતોષ આવે છે તે વિશ્વાસીમાં પાણીનો ઝરો બની જાય છે અને જે વહેવા માંડે છે. (યોહાન ૭:૩૭-૩૯) જ્યારે વિશ્વાસી પવિત્ર આત્માથી ભરપૂર થાય છે ત્યારે ઈસુ ખ્રિસ્ત તેમનામાં સતત જીવન આપનાર શ્રોત બની જાય છે.*

સી. *સમરૂની સ્ત્રની માફક આત્મા જીતનાર મહિલાનું જીવન જીવંત પાણી પીધેલી હોય તેવું પ્રદર્શિત થવું જોઈએ. (તેણી ખ્રિસ્ત ઈસુથી તેને તારણ પ્રાપ્ત થયું છે.) આ જીવન એવું છલકાતું હોવું જોઈએ કે તેના છાંટા બધા પર પડે અને સુવાર્તાથી પહોંચવા વધુ ને વધુ તેણીએ પહોંચવાનું છે.*

૩. **આત્મા જીતનાર એ છે કે જેની પાસે સંદેશો છે (યોહાન ૪:૨૯)** *આત્મા જીતનાર ખ્રિસ્ત ઈસુ દ્વારા બચાવ પામેલછે અને તેણી સતત ખ્રિસ્ત ઈસુથી સંતુષ્ટ છે. તેણીની પાસે સમરૂની સ્ત્રીની માફક વહેંચવા માટે સંદેશ હશે.*

એ. **સત્યનો સંદેશ** *: મેં જે બધુ કર્યું તે જેણે કહી બતાવ્યુ છે તેને આવો અને જૂઓ (ક ૨૯) તેણી બરોબર જાણીતી હતી કે ઈસુ ખ્રિસ્તે જે કર્યું છે તે સત્ય છે. આપણી પાસે ખરા ઈસુનો સંદેશ છે. (યોહાન ૧૪:૬)*

બી. **આશાનો સંદેશ** *: "શું આજ મસિહા હોય શકે?" (ક.૨૯) તેણી પાસે શુભ સંદેશ હતો કે મસિહા તેમના ગામમાં પધાર્યા છે. હકીકતમાં સમરૂનીઓ બિચારા આત્મિક અંધકારમાં હતા કાયદા કાનુનથી વંચીત હતા. તેઓ આતુરતાથી મસિહાની વાટ જોતા હતા. તેઓ માટે આશાનો સંદેશ લાવી.*

*આવનાર મસિહા તે હોય શકે છે? ખરેખર તે છે (ક. ૨૬)*

સી. **પડકારનો સંદેશ** *: "શું આ મસિહા હોય શકે?" (ક. ૨૯) તેણી તેમની વિચારવાનું આતુરતા અને અમલ કરવાની વૃત્તિને વધારો આપતી હતી.*

ડી. **આમંત્રણનો સંદેશ** *: "આવો ને આ માણસોને જુઓ" (ક. ૨૯) તેણીએ સત્ય, આશા ને પડકારના સંદેશ આપ્યો અને આમંત્રણ આપ્યું કે આવીને વ્યક્તિગત રીતે ઈસુ ખ્રિસ્તનો અનુભવ કરો.*

**૪.આત્મા જીતનાર ઉત્સાહી સાક્ષી છે. (યોહાન ૪:૨૮)** *તેણી*

એ. *આનંદમાં છે. (ક. ૨૮) સમરૂની સ્ત્રી એટલી બધી ખુશ હતી કે પાણીની ગાગર મૂકીને ગઈ! તેણીને ઈસુ ખ્રિસ્ત રૂપી જીવંત પાણી મળ્યુ હતુ અને તેણી શુધ્ધ થઈ હતી, ભરાઈ હતી, અને આનંદથી ઉભરાતી છલકાતી હતી કે તેને અનંતકાળનો ફાયદો થયો છે.*

બી. **હિંમતવાન છે** *(ક. ૨૮). જોકે પોતાના ગામમાં તેની છાપ ખરાબ હતી તો પણ તે ત્યાં પાછી ગઈ. જે લોકોએ તેને નાત બહાર કરી હતી તેમને જ મળવાને તે ગઈ.*

સી. **સાહસિક છે**. *(ક. ૨૯) તેણીએ તેઓને પડકાર આપ્યા, "આવો ને જુઓ" તેણીએ જાહેર કર્યું કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે અને તેને જોવાની તેઓની આતુરતા પર આધાર રાખ્યો.*

ડી. **શરમાતી નથી** *(ક. ૨૯) તેણીએ કહ્યુ, "તેણે મને બધુ જ કહી બતાવ્યુ છે." આ કહેવા દ્વારા તેણીએ પોતે જે કર્યુ છે તે સ્વીકાર્યું. આ અગાઉ તેના માટે આ સંકોચની વાત હતી. પરંતુ ઈસુ ખ્રિસ્તે તેને શુધ્ધ કરી હતી. અને પોતાના રૂપાંતરની સાક્ષી આપતા તેણીને શરમ લાગતી નથી.*

ઈ. **ઉત્સાહી હતી.** *(ક. ૨૯) તરત જે તેણીએ સાક્ષી આપી, તેણીએ સમય બગાડ્યો નહિ. તેણીએ કોઈની સલાહ લીધી નહી. પોતાની હિંમતના પરિણામની તેની બીક નહોતી તેણીએ તે યોગ્ય સમયે તે કર્યું - ઈસુ બીજા નગરમાં જવાને પ્રવાસે હતા.*

એફ. **ફળવંત** *(ક.૩૯-૪૨) તેણીની સાક્ષીના લીધે ગામના ઘણા બધા સમરૂની લોકોએ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો. તેમણે તેઓને ટુકાણમાં શિષ્યપણા વિષે શીખવ્યુ કે જેથી તેમનો વિશ્વાસ દરેકનો અંગત વિશ્વાસ બની જાય. તેઓને વિશ્વાસ ઈસુ ખ્રિસ્તમાં હતો નહી કે સમરૂની સ્ત્રીમાં સારા સાક્ષીની આ સારી નિશાની છે- તેણી લોકોને ઈસુ ખ્રિસ્ત પર અગંત વિશ્વાસમાં લઈ આવી.*

**ચર્ચા માટેના પ્રશ્નો :**

૧. *પોતાની પાપી જીવનશેલીના લીધે સમાજ તરફથી તે ન્યાયનો સામનો કરતી હતી ઈસુએ આ વિધ્ન પાર કરી તેણીને સાક્ષી આપી. સુવાર્તા પ્રગટ કરવાના પ્રયાસમાં આવનાર સંસ્કૃતિનાં વિધ્નોને તમે કેવી રીતે પાર કરશો?*

૨. *સમરૂની સ્ત્રીની માફક સુવાર્તા માટે તત્પર એવી મહિલામાં ક્યા છ ગુણો હોવા જોઈએ? શું તમે સાક્ષી આપવા ઉત્સાહી છો? શા માટે અથવા શા માટે નહિ?*

**પ્રાર્થના :**

*પ્રભુ મને ફળવંત આત્મા જીતનાર બનાવો. મને સદા ખુશમાં રાખો કે હું નિડરતા અને સાહસિકતાથી દરેકને ઈસુ ખ્રિસ્ત વિષે કહી શકું. કે ઈસુ જીવંત પાણી છે. મને મદદ કરો કે હું શિષ્ય બનાવનાર બનુ અને જેઓને હું શિષ્ય બનાવુ તેઓ સારા ફળ ઉત્પન્ન કરનાર બને ત્યાં સુધી તેમને મદદરૂપ બનું. આમેન*



# 9 નાઓમી અને રૂથ
## સારા શિષ્યપણા માટે યોગ્ય માર્ગદર્શક

**ચાવીરૂપ કલમ તિતસ ૨:૩-૪**

*"વૃધ્ધ સ્ત્રીઓને કહેવું, કે તમારે ધર્માનુસાર આચરણ કરનારી, કૂથલી કરનારી નહિ, ઘણો દ્રાક્ષારસ પીનારી નહિ પણ સારી શિખામણ આપનારી થવું જોઈએ એ સારું કે તેઓ જુવાન સ્ત્રીઓને સમજાવે."*

**શાસ્ત્રપાઠ : રૂથનું પુસ્તક**

**પ્રસ્તાવના :**

૧. *શિષ્યપણાનો સિધ્ધાંત ઈસુ ખ્રિસ્ત દ્વારા રજુ થયો છે. તેમણે નિકટના બાર શિષ્યો પસંદ કર્યા પરંતુ પછી તેમાંથી ત્રણને નિકટના શિષ્યપણા માટે પસંદ કર્યા (પિતર, યાકુબ અને યોહાન) તેઓ થોડો સમય સાથે રહ્યા પરંતુ તે ગુણકારી સમય હતો.*

૨. *શિષ્ય બનાવનારીનો લક્ષ્ય એ છે કે તેણી આગેવાનીની ક્ષમતા ધરાવતી બહેનોની વૃધ્ધિને ઉત્તેજન આપવું અને સેવા માટે તેમને સુસજ્જ કરવી (૨ તિમોથી ૪:૧-૨). શિષ્ય બનાવનારનું બીજુ નામ છે તે માર્ગદર્શક છે. એટલે કે તે "શાણો અથવા વિશ્વાસુ શિક્ષક અથવા સલાહકાર છે." જેને માર્ગદર્શક શીખવે છે તેને "માર્ગદર્શન લેનાર" કહી શકાય.*

૩. *બાઈબલમાં આ સિધ્ધાંત રૂથ (માર્ગદર્શન લેનાર) ના પુસ્તકમાં આ સિધ્ધાંત દેખાય છે. નાઓમી (માર્ગદર્શક) તેનો અભ્યાસ કરતા નજરે પડે છે.*

**સારા  માર્ગદર્શકની લાક્ષણિકતાઓ**

૧. *સારા માર્ગદર્શક* **સાંસ્કૃતિક અને સામાજીક વિઘ્નો પર ધ્યાન આપતી નથી.** *(૧:૩-૪) નાઓમી યહુદી છે રૂથ મોઆબણ છે.*

   *એ. વંશીય, સામાજીક અને સાંસ્કૃતિક વિઘ્નો આપણા જગતનો હિસ્સો છે પરંતુ તેઓ દેવના રાજ્યનો હિસ્સો નથી .*

   *બી. દેવના રાજ્યનો નિયમ પ્રેમ છે. જેઓ આપણને પસંદ નથી તેઓ સુધી પહોંચવાની પ્રેમ આપણને ફરજ પાડે છે.*

   *સી. આપણે દેવની માફક સંસ્કૃતિ અને વંશીય વિઘ્નો પ્રત્યે આંખ આડા કાન કરી વ્યક્તિને માર્ગદર્શન આપવાનું છે.*

૨. *સારા માર્ગદર્શકને* **દર્શન/ લક્ષ્ય છે** *(૧:૬-૭) નાઓમીને ખબર હતી તેણી ક્યાં જાય છે. તેણી યહુદાહ પાછી ફરતી હતી.*

   *એ. માર્ગદર્શનના મનમાં નિર્ધારિત સ્થળ હોવું જોઈએ તે વિષે આ સંબંધનું આખરી પરિણામ કેવું આવશે. (નીતિ ૨૯:૧૮)*

   *બી. શિષ્યપણું તે સ્વસુધારણાથી વિશેષ છે. આ તો કોઈને ઈસુ ખ્રિસ્ત જેવા બનવાનું શીખવવાની વાત છે (૨કરંથી ૩:૧૮)*

૩. *સારી માર્ગદર્શક* **સ્વનિર્ધાર કરવા દે છે.** *(૧:૮-૯) નાઓમીએ રૂથ અને ઓરપાહને તેમણે શું કરવું છે તેનો નિર્ણય જાતે કરવા દીધો.*

   *એ. દેવ માનવીને તેમણે શું કરવું તે પસંદગીનો હક્ક આવ્યો છે. (પુન ૩૦:૧૯)*

   *બી. જેને માર્ગદર્શન આપવામાં  આવે છે તેના પર માર્ગદર્શક મહિલા કાર્યનો માર્ગ જાતે પસંદ કરી તેણી પર ઠોકી બેસાડવી નથી.*

   *સી. સારી મહિલા માર્ગદર્શક યોગ્ય માર્ગ સ્પષ્ટ રીતે રજૂ કરે છે અને પછી તે પસંદ કરવા અથવા ન કરવાનો નિર્ણય જે તે મહિલા પર છોડે છે.*

ડી. માર્ગદર્શક પ્રેમાળને દઢ નિશ્ચયી હોવી જોઈએ. ભલેને શીખનાર ભૂલ કરે તો પણ ભલેને શીખનાર ભૂલ કરે તો પણ માર્ગદર્શક પ્રેમાળ ને દઢ નિશ્ચયી હોવી જોઈએ.

૪. ભલા માર્ગદર્શક દૈવી દષ્ટિનો ઉપયોગ કરે છે (૨:૧૯) નાઓમીએ રૂથને ઉત્તેજન આપ્યુ કે તે હિસાબ આપનાર બને.

એ. માર્ગદર્શક શીખનાર સાથે સંપર્કમાં રહી તો ખોટા કૃત્યમાં હળવેથી શીખામણ આપે છે.

બી. જવાબદારી એ કોઈ કાબુ રાખવાના ઈરાદાથી નથી પરંતુ શિક્ષણને વિકાસ માટે છે.

૫. સારા માર્ગદર્શક પોતાનું જ્ઞાન અને ડહાપણ વહેંચે છે. (૨:૨૦) નાઓમી યહુદી રીવાજો ને સંસ્કૉતિ જાણતી હતી. રૂથ નહોતી જાણતી નાઓમીએ રૂથને યોગ્ય માહિતી આપી અને યોગ્ય પગલે જવા તેને દોરવણી આપી.

એ. જે નવા જીવનમાં શીખનાર આગળ વધી રહી છે તેમાં ગોઠવાવા માટે જરૂરી જ્ઞાન ને કૌશલ્ય માર્ગદર્શક આપે છે.

બી. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ને સેવા માટે જરૂરી ડહાપણ દેવના વચન જાણવાથી અને દેવ સાથે સંબધ ગાળવાથી મળે છે.

સી. સારા માર્ગદર્શકનું લક્ષ્ય એ હોય છે કે શીખનાર પોતાના નહી પરંતુ જ્ઞાન ને ડહાપણ પર આધાર રાખતા શીખે.

૬. **સારી માર્ગદર્શક દૈવી સલાહ સૂચના આપે છે.** (૨:૨૨, ૩:૩-૪) નાઓમીએ તેણીનું જ્ઞાન રૂથને સારી સલાહ આપવામાં વાપર્યું.

એ. દૈવી સલાહ દેવના વચનમાંથી મળે છે. શિષ્યપણા દરમ્યાન માનવી જ્ઞાન અથવા નિરીક્ષણ પર આંધારિત સલાહ અપાય નહી. (નીતિ ૨:૬)

બી. સલાહમાં માત્ર કહેવાનું નથી પરંતુ સાંભળવાનું પણ સમાવિષ્ટ છે. (યાકુબ ૧:૧૯)

સી. માર્ગદર્શકનું દૈવી જીવન શીખનારને હકારાત્મક રીતે તેણીના અધિકારને પ્રત્યુત્તર આપવામાં મદદરૂપ બને છે.

૭. સારી માર્ગદર્શકને **કાળજી રાખનાર હૃદય** (૩:૧) હોય છે. નાઓમીને રૂથની સુખાકારી માટે ચિંતા હતી.

એ. માર્ગદર્શકે યાદ રાખવાનું કે તે દેવની પ્રતિનિધી છે અને તેણે દેવના પ્રેમની નીક જેમને શીખવે છે તેમના માટે બનવાનું છે.

બી. પાપ વિરુધ્ધ નીડર ઠપકા સાથે કાળજી અને માયાળુપણું યોગ્ય સમતુલન લાવે છે. (એફેસી ૪:૩૨)

**શીખનારની લાક્ષણિકતાઓ**

૧. સારી શીખનાર પોતાનો **માર્ગદર્શક પ્રત્યે વફાદારી દર્શાવે છે.** (૧:૧૪-૧૭) રૂથ નાઓમીને વફાદાર હતી તેના પ્રત્યે આદર રાખતી પ્રેમ દર્શાવતી ને કાળજી લેતી હતી.

એ. તેણી નાઓમીના દેવ સાથે પોતાને જોડી દેવાથી કાયમ માટે અન્ય દેવદેવીઓની ભક્તિ છોડવા તૈયાર હતી. (નીતિ ૨૮:૧૩, પ્રે.કૃ. ૩:૧૯)

બી. પોતાની માના ઘરે પાછા જવાના બદલે નાઓમી સાથે રહેવાની ઈચ્છા રૂથના પ્રેમને પ્રદર્શીત કરે છે. (૧ પિતર ૧:૨૨)

૨. સારી શીખનાર **આજ્ઞાકારી** (૩:૫) હોય છે.જ્યારે નાઓમીએ જે તે સૂચના રૂથને આપી તેનું તેણે અક્ષરસહ પાલન કર્યું.

એ. આજ્ઞકારી હદય નમ્ર હદય હોય છે અને સફળ શિષ્યપણાના સંબંધની તે ચાવી છે. (ગીત ૫૧:૧૦-૧૨)

બી. જેઓ દેવ પાસે આવે તેમણે માત્ર પોતાના વિચારો જ નહી. પરંતુ હદયો સાથે આવવાનું છે. (યોહાન ૪:૨૪)

૩. સારી શીખનાર પાસે **પોતાના આગવા વિચારો** (૨:૨) હોય છે. રૂથ નાઓમીને પૂછે છે કે તે ખેતરમાં સળો કરવા જાય કે કેમ.

*એ. શીખનારે રચનાત્મક વિચારવાનું છે અને નવા વિચારો જેનો કદી ઉપયોગ થયો ન હોય તેવા લાવવાના છે. (યશા ૪૩:૧૯)*

*બી. કાંઈક નવુ કરતા અસફળ થવાય તેવુ લાગે પરંતુ આ રીતે શિષ્ય શીખે છે અને વૃધ્ધિ પામે છે.*

૪. *સારી શીખનાર* **પ્રમાણિક ને પૂરેપૂરો અહેવાલ આપે છે.** *(૨:૧૯-૨૨)*

*એ. કોઈ જાતના ભય વિના રૂથે નાઓમીના દરેક પ્રાર્થનાના ઉત્તર આપ્યા.*

*બી. તેણીએ પ્રમાણિકપણે અને પૂરેપૂરા ઉત્તર આપ્યા જેથી નાઓમીને જરૂરી માહિતી મળી શકી ને યોગ્ય સારી સલાહ તેણી આપી શકી. (૧ પિતર ૩:૧૫)*

**સલાહ સંબંધનો આશીર્વાદ**

૧. *માર્ગદર્શક અને સલાહ લેનાર બંને* **દેવના આશીર્વાદના ભાગીદાર બને છે** *(૩:૧૬-૧૮, ૪:૧૪-૧૬), નાઓમી રૂથના આશીર્વાદમાં ભાગીદાર બની.*

*એ. સલાહસંબંધનો આખરી ધ્યેય એ છે કે દેવના રાજ્યને ફાયદો થાય અને ભાગ લેનાર દરેક સાથે આશીર્વાદીત થાય.*

*બી. શીખનાર આગળ જતા પોતે માર્ગદર્શક બનશે તેથી આશીર્વાદ બીજાઓ સુધી વહેંચાતો રહેવો જોઈએ.*

*સી. શીખનાર આગળ જતા પોતે માર્ગદર્શક બનશે તેથી આશીર્વાદ બીજાઓ સુધી વહેંચાતો રહેવો જોઈએ.*

૨. *શીખનાર ને માર્ગદર્શક બંને સાથે* **દેવના રાજ્ય માટે અને બીજાઓ માટે આશીર્વાદ લાવનાર બને છે**. *(૪:૧૮-૨૨) નાઓમી અને રૂથના સંબંધ મારફતે અને પછી રૂથ અને બોઆઝના લગ્નથી નવા કુટુંબની સ્થાપના થઈ ને તે દ્વારા બધા માટે આશીર્વાદ ને આનંદ આવ્યા.*

*જ્યારે દેવના લોકો એક સુત્રતામાં કામ કરે છે ત્યારે દેવનું રાજ્ય આશીર્વાદીત થાય છે. (ગીત ૧૩૩:૧) રૂથ અને બોઆઝના વંશજ ઈસુ ખ્રિસ્ત દ્વારા સમગ્ર વિશ્વ આશીર્વાદીત બન્યું. (૧ કરંથી ૧૫:૨૨)*

**ચર્ચા માટેના પ્રશ્નો**

૧. *સારી માર્ગદર્શકના મહત્વના લક્ષણો ક્યા છે? શું તમારામાં તે લક્ષણો છે? તમારા માટે ક્યાનો નમૂના આપવો વધુ અઘરું છે અને શા માટે?*

૨. *શીખનારના મહત્વના લક્ષણો ક્યાં છે? શું તમારામાં તે લક્ષણો છે?તમારા માટે કયાનો નમૂનો આપવો વધુ અઘરું છે અને શા માટે?*

**પ્રાર્થના**

*પ્રભુ ઈસુ મને મદદ કરો હું ભલાઈને પ્રેમ દર્શવાનાર સારી માર્ગદર્શક બનું. અને તમે મને જે ડહાપણ આપ્યું છે તે બીજાઓને જણાવી શકું. મારે કોને સલાહ આપવી તે કૃપા કરી મને બતાવો અને મને તમારા માર્ગો શીખવનાર માર્ગદર્શકના સારા વિશ્વાસુ શીખનાર બનવા મદદ કરો. સારા શિષ્યપણા માટે માર્ગદર્શકના સંબંધમાં ભાગ લઈને મારા દ્વારા વિશ્વ આર્શીવાદીત બનો. આમેન*



# 10 પ્રિસ્કિલા શિષ્ય બનાવનાર

**ચાવીરૂપ કલમ ૨ તિમોથી ૪:૨**

*"તું સુવાર્તા પ્રગટ કર અનુકૂળ તથા પ્રતિકૂળ પ્રસંગે તત્પર રહે,*
*સંપૂર્ણ સહનશીલતાથી ઉપદેશ કરીને ઠપકો આપ,*
*ધમકાવ તથા ઉત્તેજન આપ."*

**પ્રિસ્કિલાનું નામ દર્શાવતા શાસ્ત્રપાઠ** *: પ્રે.કૃ. ૧૮:૧-૪, ૧૮-૨૨, ૨૪-૨૬, રોમન ૧૬:૩-૪, ૧ કરંથી ૧૬-૧૯, ૨ તિમોથી ૪:૧૯*

**પ્રસ્તાવના :**

૧. *આકૂલસ ઈટાલીના પોન્તસનો યહુદી હતો અને તે પોતાની પત્નિ પ્રસ્કિલા સાથે કોરીંથ શહેરમાં રહેતો હતો (પ્રે.કૃ. ૧૮:૨) ઈ.સ. ૫૨ માં સમ્રાટ કલોડીયસના ફરમાનથી રોમ શહેરમાંથી યહુદીઓને કાઢી મુકવામાં આવ્યા હતા.પ્રસ્કિલા અને આકુલસનો નવા કરારમાં છ વાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. (ઉપરના શાસ્ત્રપાઠ જૂઓ)*

૨. *તેઓના ઉલ્લેખ દંપતિ તરીકે થયો છે કદી વ્યક્તિગત એકનું નામ નથી.*

૩. *ચાર સ્થળમાં પ્રિસ્કિલાનું નામ પ્રથમ છે. પુરુષ પ્રધાન સમાજમાં મહિલાનો આવો વિશિષ્ટ ઉલ્લેખ નોંધનીય છે.*

૪. *શિષ્ય બનાવનાર તરીકે કેવી રીતે પરિશ્રમ કરવો જોઈએ તેની છ લાક્ષણિકતાઓ પ્રિસ્કિલાને આકુલસની સેવામાંથી શીખવાની મળે છે.*

**શિષ્ય બનાવનારની છ લાક્ષણિકતા (જે પ્રિસ્કિલાના જીવનમાં દેખાય છે)**

**૧. શિષ્ય બનાવનારે દેવના વચનો શીખવા જોઈએ અને શીખવાનું સતત ચાલુ રાખવુ જોઈએ. (પ્ર.કૃ. ૧૮:૧-૨૨,૨૬)**

*એ. એ બહુ સ્પષ્ટ છે કે પ્રિસ્કિલાને આફૂલસ સમર્પિત ખ્રિસ્તીઓ હતા.*

*બી. દેવે તેમની વ્યવસ્થામાં તેમના તંબુ બનાવવાના ધંધાનો ઉપયોગ પાઉલ સાથે સંપર્ક કરાવવા કર્યો કોરીંથમાં ૧૮ મહિના પાઉલ તેમના ઘરમાં રહ્યો તે દરમ્યાન તેમને દેવના વચનો શીખવ્યા.*

*સી. ત્યારબાદ તેઓ જાતે શીખવવાને સક્ષમ બનતા આપોલસને શીખવ્યું. આમ શિષ્યા પ્રિસ્કિલામાંથી શિક્ષક પ્રિસ્કિલા બની અથવા શિષ્ય બનાવનાર બની.*

*ડી. પ્રિસ્કિલાની સેવા દર્શાવે છે કે તેણી દેવના વચનમાં ચાલુ રહી અને ખરેખર ઈસુ ખ્રિસ્તની શિષ્યા હતા. (યોહાન ૮:૩૧) શિષ્યા બનાવનાર જાતે જ શિષ્ય હોય છે અને જીવન પર્યંત દેવના વચનનો વિદ્યાર્થી હોય છે.*

*ઈ. પતિ અને પત્નિ સાથે દેવના વચનોના શીખનાર હોય અને તેઓ તેના શિક્ષણ અનુસાર જીવતા હોય તેઓ સારી શિષ્ય બનાવનાર ટીમ બને છે.*

**૨. શિષ્ય બનાવનાર પરોણાગત કરનાર હોવી જોઈએ. (પ્ર.કૃ. ૧૮:૩,૨૬, ૧ કંરથી ૧૬:૧૯)**

*એ. પ્રિસ્કિલા* **પરોણાગત કરનાર હતી.**

- *પાઉલની સેવા : જો કે તેઓ જાતે કરિંથ શહેરમાં નિરાશ્રિત હતા. તેમણે પાઉલની પ્રથમ મિશનેરી દરમ્યાન તેને પોતાને ઘરે રાખ્યો હતો.*
- *મંડળીની સેવા : જ્યારે તેઓ પાઉલ સાથે એફેસસમાં ગયા ત્યારે તેમનું ઘર ખ્રિસ્તી આરાધના અને વિશ્વાસીઓને શિષ્યપણાના શિક્ષણ માટે ખુલ્લુ મૂક્યું હતું.*

*એપોલસની સેવા : તેઓએ એપોલસની પરોણાગત કરી અને જ્યારે તેને દેવના માર્ગમાં ચાલવા સૂચનાની ને સુધારાની જરૂર હતી ત્યારે તે આવ્યા.*

*બી. પરોણાગત તે ખ્રિસ્તી અનુકંપાનો મહત્વનો ભાગ છે. (રોમન ૧૨:૧૩)*

*સી. પરોણાગત તે સામાન્ય ભલાઈથી કંઈક વિશેષ છે તેનો અર્થ કે દેવનો પ્રેમ સમજાવવા હલકામાં હલકો, નીચઓને ખોવાયેલ વ્યક્તિને સંગતમાં પ્રેમથી સ્વીકારવો.*

*ડી. શિષ્યોને આરાધના ને શીખવવા દ્વારા મહાન આદેશ પૂર્ણ કરવા માટે પરોણાગત કેન્દ્ર સ્થાને છે. ઘર સુવાર્તા પ્રચાર અને શિષ્યની તાલીમ માટે મહત્વનું સાધન છે.*

**૩. શિષ્ય બનાવનાર પારખનાર હોવો જોઈએ. (પ્રે.કૃ. ૧૮:૨૪-૨૬)**

*એ. પ્રિસ્કિલા અને આકૂલાએ પારખી ગયા હતા કે એપોલસના શિક્ષણમાં ભૂલ છે.*

- *એપોલસ હિંમતવાન વ્યક્તિ હતો જે ધગશપૂર્વકને યોગ્ય રીતે ઈસુ ખ્રિસ્ત વિષે શિક્ષણ આપતો હતો. પરંતુ જ્યારે પ્રિસ્કિલાને આકુલસે તેને સાંભળ્યો ત્યારે તેના શિક્ષણની ગંભીર ખામી જોઈ શક્યા. તેને માત્ર યોહાનના બાપ્તિસ્માની ખબર હતી.*
- *તેઓ તેને પોતાના ઘરે લઈ ગયા અને સત્યના પૂર્ણ જ્ઞાનમાં તેને લાવ્યા.*

*બી. ઘણા ખોટા શિક્ષકો અને શિક્ષણ આપશે પરંતુ શિષ્યએ દેવનું જાણવું પડશે કે જેથી ભૂલને પારખી શકાય અને સત્યને સમજાવી શકાય. (માત્થી ૨૪:૧૧-૧૪)*

*સી. પારખ શક્તિ તે અવલોકનથી વિશેષ બાબત છે. તે તો પવિત્ર આત્મા દ્વારા દેવનું પ્રકટીકરણ જે સત્ય ને જ્ઞાન આપે છે.*

૪. **શિષ્ય બનાવનાર સમયનો ભોગ આપવા તૈયાર હોવો જોઈએ. (પ્રે.કૃ. ૧૮:૨૪-૨૬)**

એ. *પાઉલ પાસેથી શિક્ષણ મેળવ્યા બાદ પ્રિસ્કિલા અને આકુલા તેના સાથી મિશનેરી બની ગયા. આથી જે સમય તેઓ પોતાના ધંધામાં આપતા હતા તેમાંથી ઘણો વખત તેમણે આમા આપવો પડ્યો હશે.*

બી. *જ્યારે તે ઓપોલસને મળ્યા ત્યારે તેઓ તેને યોગ્ય રીતે દેવનું વચન શીખવવા સમય આપે છે.*

સી. *જ્યારે તેઓ પાઉલ સાથે એફેસસમાં ગયા ત્યારે મંડળી માટે તેમણે પોતાનું ઘર ખુલ્લુ કર્યું. આમા ઘણો સમય જતો હશે.*

ડી. *શિષ્યો બીજા શિષ્યો બનાવે છે. આપણા ઉત્પાદનના ત્રણ પાસા છે. આપણે લોકોને ઈસુ માટે જીતીએ છીએ, દેવના વચનનું બાંધકામ કરીએ છીએ અને બીજાઓને શિષ્ય બનાવવા તેમને મોકલીએ છીએ. ખ્રિસ્તને ખાતર પોતાના સમયનો ભોગ આપીને શિષ્ય સમય આપવા તૈયાર રહે છે.*

૫. **શિષ્ય બનાવનાર મુશ્કેલીઓ વેઠવા તૈયાર હોવો જોઈએ. (રોમન ૧૬:૩, પ્રે.કૃ. ૧૮:૨)**

એ. *સતાવણી અને રોમન બાદશાહના ક્રુર હૂકમને કારણે પ્રિસ્કિલાને આકુલસને રોમ છોડવું પડ્યું હતું પરંતુ તેનાથી તેમના પ્રભાવના ક્ષેત્રનો વિસ્તાર વધ્યો હતો. તેઓ ઓછામાં ઓછું ત્રણ વાર ગયા છે (રોમથી કોરીંથ, કોરીંથથી એફેસસ, એફેસસથી રોમ). દરેક સમયે જે તે શહેરને વ્યક્તિઓની જરૂરતો પ્રત્યે તેઓનો પ્રતિભાવ હકારાત્મક હતો અને તેઓ બદલાવ માટેના દેવના તેડાનો પ્રત્યુતર આપનાર હતા.*

બી. *પ્રિસ્કિલા અને તેણીનો પતિ શિષ્ય બનાવવાની સેવામાં હતા ત્યારે તેઓ પોતાનું ભરણપોષણ તંબુ બનાવીને કરતા હતા આજે આપણને "તંબુ બનાવનારા" - ખ્રિસ્તીઓ જેઓ પોતાનું ભરણપોષણ*

*કોઈ વેપાર અથવા વ્યવસાય દ્વારા કરે અને સુવાર્તિક અને શિષ્ય બનાવવાની સેવા કરે તેની જરૂર છે. બીજાઓ પર નાણાંકીય આધાર રાખ્યા વિના વ્યક્તિ શિષ્ય બનાવનાર બની શકે છે.*

સી. *એવુ લાગે છે કે પાઉલનો બચાવ કરવા રોમમાં તેના સાથી કાર્યકરો તરીકે તેમણે પોતાને ભારે જોખમમાં નાખ્યા હતા. પાઉલનો બચાવ કરીને તેમણે બિન યહૂદીઓને માટે પ્રેરિતના જીવનને બચાવ્યુ હતુ. તેથી જેમ પાઉલ કહે છે તેમ બધા જ બીન યહુદી ખ્રિસ્તીઓ તેમના ઋણી છે.*

ડી. *શિષ્યએ મુશ્કેલીઓની અપેક્ષા રાખવાની છે. તે ચોક્કસ આવશે જ. સેવામાં ટકી રહેવા માટે મુશ્કેલીઓ માટે આત્મિક રીતે તૈયાર રહેવું ઘણું જરૂરી છે.*

**૬. શિષ્ય બનાવનાર સેવામાં બીજાઓ સાથે ભાગીદાર તૈયાર હોવા જોઈએ.** *(રોમન ૧૬:૩-૪)*

એ. *પ્રિસ્કિલા અને આકૂલા એકબીજા સાથે પાઉલ અપોલસ, તિમોથી સાથે કામ કરતા હતા. તેઓ પોતાનો અધિકાર વાપરવામાં નિસ્વાર્થ હતા. નોંધવા જેવું છે કે પ્રિસ્કિલા પુરુષો સાથે સહેલાઈથી ભાગીદારી કરી કામ કરતી હતી ખાસ કરીને પોતાના પતિ સાથે તેમનું લગ્ન જીવન અને ધંધામાં ભાગીદારી બધા ખ્રિસ્તીઓ માટે નમૂનાદાર હતા.*

બી. *પ્રિસ્કિલા અને આકૂલાએ એપોલસને તૈયાર કર્યો જે ઈસુ ખ્રિસ્તની સેવામાં આગળ જતા ખૂબ સફળ થયો. શિષ્ય બનાવનારે ખુલ્લા દિલથી નવા આગેવાનો તૈયાર કરવા જોઈએ અને તેમની સફળતાની ઈર્ષા કરવી જોઈએ નહિ.*

સી. *પતિ સાથેની ભાગીદારીમાં અથવા અન્ય પુરુષ સાથેની ભાગીદારીમાં પત્નિની ભૂમિકા એ છે કે તેણી અધિકાર છીનવી લેતી નથી પરંતુ તેમની સેવામાં વધારો કરાવે છે ને મદદરૂપ બને છે. સેવામાં જ્યારે મહિલા હોય ત્યારે જાહેરમાં તે આગેવાનીની અને ને ખાસ કરીને પુરુષ આગેવાનીની કદી ટીકા કરતી નથી.*

ડી. *એકબીજા સાથે સેવામાં સહકાર અને ભાગીદારી એક માર્ગ છે જે દ્વારા દેવનો પ્રેમ પ્રદર્શિત થાય છે જેથી મંડળી ખ્રિસ્તના શરીર તરીક પ્રગટ થાય છે. પાઉલ એ વાત પર ભાર મૂકે છે કે આપણે સાથે કામ કરનારા અને આપણે દેવ સાથે કામ કરનારા છીએ. (૧ કરંથી ૩:૫-૯)*

**ચર્ચા માટેના પ્રશ્નો**

૧. *સારી શિષ્ય બનાવનાર મહિલા પરોણાગત કરનાર છે. જોકે તમારી પાસે સુંદર ઘર ના હોય અથવા ઘણા નાણાં ન હોય તો પણ તમે કેવી રીતે સારા પરોણાગત કરનાર બની શકો?*

૨. *મહાન આદેશ પૂર્ણ કરવા સારી શિષ્ય બનાવનાર મહિલાએ સમયનો ભોગ આપવો પડશે. શિષ્ય બનાવવા વધુ સમય મળે માટે ક્યા કાર્યો જુદી રીતે કરશો?*

**પ્રાર્થના**

*હે અમારા પ્રભુ, મને સારી શિષ્ય બનાવનાર બનાવો ! મને તમારા વચન પ્રત્યે વધુ પ્રેમ, બીજાઓ સાથે સારા સંબંધો વિકસાવવા, અને નવા આગેવાનો તૈયાર કરવા વધુ સમયનો ભોગ આપવા મારી મદદ કરો. આમેન.*

**નોંધ**

# 11 વિન અને વિનર્સ

**ચાવી રૂપ કલમ ૨ તિમોથી ૨:૨**

*"જે વાતો ઘણા સાક્ષીઓ સમક્ષ તે મારી પાસેથી સાંભળી છે તે બીજાઓને પણ શીખવી શકે એવા વિશ્વાસુ માણસોને સોંપી દે."*

**પ્રસ્તાવના અને દર્શન**

૧. *વિન એટલે મહિલા પ્રભાવ નેટવર્ક* (Women's Impact Network)

  એ. *એસોસીએશન ફોર અન્ટરનેશનલ ડીસાઈવલ એડવાન્યમેન્ટ (એડા) એ બહેનોની નવી ચળવળની શરૂઆત કરી છે. જેનું નામ વીન છે.*

  બી. *આ ચળવળનો ઈરાદો એ છે કે શિષ્યપણા માટે દર અઠવાડિયે ખ્રિસ્તી બહેનો ભેગા મળે.*

  સી. *જે બહેનો બીજી બહેનોને તૈયાર કરવામાં વીન માર્ગદર્શિકાનો ઉપયોગ કરી ભાગ લેશે તેમને "વિનર્સ" કહેવામાં આવશે.*

૨. *દર્શન વિધાન :*

*ખ્રિસ્તી બહેનોને ઘેરા શિષ્યપણાના અનુભવમાં જવાનુ આહવાન આપે છે અને બીજી બહેનોમાં આત્મિક ઘડતર કરી તેઓને શિષ્ય બનાવનારા બનવાની તાકાત આપવાનું છે.*

૩. **મિશન વિધાન**

એ. *વીન સમીટમાં પસંદીત મહિલાઓને ઈસુ ખ્રિસ્તના ખરા શિષ્ય તરીકે સ્થાપિત અથવા પુનઃ સ્થાપિત થવામાં વીન મદદરૂપ બનશે. અને પછી,*

બી. *પછી તેઓને સાહિત્ય અને વ્યવહારુ વ્યુહ રચનાઓ દ્વારા બીજી મહિલાઓને પર અસર પહોંચાડવામાં તૈયાર કરી સુસજ્જ કરવામાં આવશે જેથી તેઓ મહિલાઓમાં બાઈબલ આધારિત આત્મિક ઘડતર અસરકારક રીતે થાય.*

૪. **અભ્યાસક્રમ** *: વીન ડીસાપ્લશીપ મેન્યુઅલ (ડીમ) એક માર્ગદર્શિકા જેમાં શિષ્યપણા, શિષ્ય બનાવવા, સુવાર્તા પ્રચાર, ડીમ બનાવવા, તૈયાર કરવાના કૌશલ્ય, વિષેના પાઠ આપવામાં આવશે. અભ્યાસક્રમ વીન સમીટમાં વાપરવામાં આવશે. નવા વિનર્સ તેમની ટીમને તૈયાર કરવા માટે પાઠ્યપુસ્તક તરીકે વાપરશે.*

૫. **વ્યુહરચના**

એ. *આ ચળવળમાં આગેવાનો તરીકે જે બહેનોની ભલામણ આવશે તેમને માટે ક્ષેત્રીય સ્તરે વીન સમિટ ભરવામાં આવશે.*

બી. *સમિટમાં ભાગ લેનારી મહિલાઓને વીન ડીસાપ્લશીપ મેન્યુઅલનો ઉપયોગ કરી વ્યક્તિગત શિષ્યપણા માટે સૂચના આપી તૈયાર કરાશે.*

સી. *સમિટમાં મહિલાઓને તેમની મંડળીની અને*

**આત્મિક ઘડતર** *એક પ્રક્રિયા છે જેમાં મહિલા શિષ્ય ઈરાદાપૂર્વક પવિત્ર આત્માને પોતાના શિષ્યપણાના સમર્પણમાં વધુ આજ્ઞાધીન બનવા તાકાત પુરી પાડે છે. તે માટે તે આત્મિક શિસ્તનો ઉપયોગ કરે. (દેવના વચનનું નિયમિત મનન, પ્રાર્થના, ઉપવાસ, આરાધના વગેરે) ઉપયોગ કરે છે અને ઈસુ ખ્રિસ્તના પ્રેમને દરેક અરસપરસના પ્રેમમાં પ્રદર્શીત કરે છે.*

*સમાજમાં શિષ્ય બનાવવાના દર્શનથી પડકાર આપવો. આ મહિલાઓ વીનર્સના ૩x૩ કેમ્પેઈનના પડકારમાં જોડાશે તેઓને "પ્રથમ પેઢીના વીનર્સ" કહેવામાં આવશે.*

**૬. વીનર્સનો ૩ x ૩ કેમ્પેઈન -વીન મદદગારોની શૃખલાં**

એ. *દરેક પ્રથમ પેઢી વીનર્સ ઓછામાં ઓછી ત્રણ બહેનોની ટીમને તૈયાર કરશે અને તેમના આજ દર્શન રોપશે. (દા.ત. ઈસુ ખ્રિસ્તને માટે ત્રણ બહેનોને જીતવા) આ ત્રણ બહેનોને બીજી પેઢીના વીનર્સ કહેવામાં આવશે.*

બી. *આ બીજી પેઢીના વીનર્સ બીજા ત્રણ બહેનોમાં આજ દર્શન રોપશે. (દા.ત. ત્રણ બેહનોને ઈસુ ખ્રિસ્ત માટે જીતવા તે તૈયાર કરવા) આ ત્રણ બહેનો ત્રીજી પેઢીની વીનર્સ કહેવાશે.*

સી. *આમ તૈયાર કરવાની શૃખલાં ચાલુ જ રહેશે અને બધી વીનર્સ મહિલાઓ પોતાની મંડળીમાં ભારે મોટી વૃધ્ધિ લાવશે તેને છેવટે દેવનું રાજ્ય વધશે.*

**૭. વીન - ચાલુ રહેતી સેવા**

એ. *તેમના રાજ્ય માટે જે તે વીનર્સ બહેનો રાજ્યના કો. ઓર્ટીનેટર હેઠળ નેટવર્ક બનાવશે.*

બી. *દરેક રાજ્યના કો.ઓર્ટીનેટર દેશ વ્યાપી વીન એસોસિએશન બનાવશે. જે એડાની આગેવાની નીચે વીન ડાયરેકટરની આગેવાનીમાં કાર્ય કરશે.*

સી. *ખ્રિસ્તી મહિલાઓને બાઈબલ આધારિત શિષ્યપણાના શિક્ષણ માટે વીન એડાનુ રાજ્ય કક્ષાએ ને દેશ કક્ષાએ તાલિમ આપનાર એકમ બનશે.*

ડી. *એડા દેવની કૃપા અને માર્ગદર્શક હેઠળ ભારત બહાર અન્ય દેશોમાં વીનનું દર્શન વિસ્તારવા માંગે છે.*

**સમાપન :**

*વહાલા વીનર્સ અમે આપણા પ્રભુના મહાન આદેશને પૂર્ણ કરવામાં વ્યવહારિક રીતે મંડળીની મહિલાઓ તરીકે અમારા દર્શનમાં સામેલ થવા બદલ તમારો આવકાર કરીએ છીએ... મહાન આદેશ છે જાવ અને શિષ્ય બનાવો... પાળાવનું શીખવતા જાવ. (માત્થી ૨૮:૧૯) તમે પ્રાર્થના પૂર્વક તૈયારી કરશો અને તેમના દર્શનને આધિન થશો. અમે અમારી પ્રાર્થનાઓની ખાત્રી તમને આપીએ છીએ. દેવની કૃપાથી ચાલો આગળ વધીએ.*

*- વીન દર્શનધારી*

**ચર્ચા માટેના પ્રશ્ન :-**

*૧. આત્મિક ઘડતરનો અર્થ શો છે?*

*૨. તમે હાલમાં આત્મિક ઘડતરમાં કેવી રીતે જોડાયેલા છો? અને વીનમાં તમારી ભાગીદારી તેમાં શો ફેરફાર લાવી શકે?*

*૩. તમારા શબ્દોમાં "વીનર્સ ૩ × ૩" નો અર્થ સમજાવો.*

**પ્રાર્થના :-**

*પ્રભુ મને વિશ્વાસુ વીનર્સ બનાવો. વીનની ડીસાપલશીપ મેન્યુઅલની મદદથી તમારા વચનો શીખવામાં મારી મદદ કરો. મને મદદ કરો કે હું બીજી વિશ્વાસુ બહેનોને આ શીખવી શકું કે જેઓ અન્ય બીજી બહેનોને શીખવી શકે. આમેન*



# 12 વીન જૂથની આગેવાની

**ચાવી રૂપ કલમ ૧ કરંથી ૨:૧૩**

*"તે જ અમે બોલીએ છીએ, માનવી શીખવેલી ભાષામાં નહિ, પણ પવિત્ર આત્માએ શીખવેલી ભાષામાં, આધ્યાત્મિક બાબતોને આધ્યાત્મિક ભાષાથી સમજાવીએ છીએ"*

**પ્રસ્તાવના**

*પાઠ ૧૧ માં વીનનું દર્શન : મહિલા પ્રભાવ નેટવર્ક* Women's Impact Network *રજુ કરાયુ છે. આપાઠમાં ખરેખર કેવી રીતે અઠવાડીક સભામાં વીન જૂથમાં આગેવાની આપવી તે શીખવવામાં આવશે.*

**વીન જૂથને કેવી રીતે દોરવણી આપવી.**

*૧. દર અઠવાડિયે નિયમિત ધોરણે મળવા માટે સ્થળ અને સમય પસંદ કરો.*

*એ. શક્ય હોય તો તમારા ઘરમાં જ મળો.યાદ રાખો. પ્રિસ્કિલાએ શિષ્ય બનાવવા માટે પરોણાગત પધ્ધતિનો ઉપયોગ કર્યો હતો . (પ્રે.કૃ. ૧૮:૨૬)*

*બી. આપ્તકાલીન કામ વગર કોઈપણ મીટીંગ ચૂકશો નહિ. તમારા જૂથને જણાવો કે દરેક બીજી પ્રવૃતિથી સમયને બચાવો. અને મૂલ્યવાન સમય સાચવો (એફેસી ૫:૧૬) વિશ્વાસુપણાનો નમૂનો રજૂ કરો.*

*સી. જો શક્ય હોય તો સમય ને સ્થળ બદલાય તો તરત ખાત્રી કરો કે દરેકને ખબર આપવામાં આવી છે.*

ડી. *દરેક આરામથી બેસી શકે તેવી વ્યવસ્થા ગોઠવો. કોઈ બીજી અડચણો ન આવે ને એકબીજાની સાથે સહેલાઈથી વાત થઈ શકે તેવી બેઠક વ્યવસ્થા રાખો.*

ઈ. *બીજી અડચણો દૂર રહે તેવી વ્યવસ્થા ગોઠવો. કદાચ સભા દરમ્યાન નાના બાળકોની કાળજી રાખવા વ્યવસ્થા કરવી પડે અથવા ઘરના બીજા સભ્યો માટે અન્ય સુવિધા બનાવવી પડે.*

**૨. તૈયાર રહો.**

એ. *તમે ડીસાપ્લશીપ મેન્યુઅલનો જે પાઠ શીખવવાનો છે તે માટે અગાઉથી તૈયાર રહો (૨ તિમોથી ૨:૧૫)*

બી. *તમારા બાઈબલમાં જરૂરી શાસ્ત્રપાઠ પર નિશાની મુકી રાખો. જેથી તમને તે તરત જ મળી શકે.*

સી. *સારી રીતે શીખવી શકાય માટે નોંધ તૈયાર કરી રાખો.*

ડી. *વીન જૂથ મળે તે અગાઉ તમારા સાહિત્યનું પુનરાવર્તન કરી લો.*

ઈ. *સારો નમૂનો પૂરો પાડોઃ જ્યારે તમે બરોબર તૈયાર હશો ત્યારે તમારા શીખનારા સમજશે કે મીટીંગ પહેલા બરાબર તૈયાર થવું પડશે (૨ તિમો ૪:૨)*

**૩. મીટીંગની શરૂઆત અને અંત પ્રાર્થનાથી કરો.**

એ. *આ સારું ઉદાહરણ પૂરું પાડે છે અને ભાગ લેનારાઓને ઈસુ ખ્રિસ્ત પર ધ્યાન ધરવા મદદરૂપ બને છે. (હેબ્રી ૧૨:૨)*

બી. *યાદ રાખો આ પ્રાર્થનાસભા નથી. તમારા વીન ગ્રુપમાં પાઠ શિખવા બાબતે આશીર્વાદની પ્રાર્થના કરો કે જેથી શિષ્યાપણામાં વૃધ્ધિ થાય. પ્રાર્થના કરો કે ખરા શિષ્યપણા વચ્ચે આવતી અડચણો દૂર થાય અને દરેક ખ્રિસ્તી મહિલા પોતાના જીવનમાં અસરકારક બને.*

સી. *કોઈ માટે તાતી પ્રાર્થનાની જરૂર હોય તો મીટીંગ પછી ખાસ પ્રાર્થનાનો સમય ફાળવો.*

ડી. *તમારી સમાપનની પ્રાર્થનામાં યાદ રાખો કે તમે જનાર મહિલાઓ માટે આશીર્વાદની પ્રાર્થના કરો અને માંગો કે તેઓ સાક્ષી અને શિષ્યપણામાં વધુ ફળવંત અને આશીર્વાદીત બને.*

*ઈ. અઠવાડિયા દરમ્યાન  તમારા વીન ગ્રુપના સભ્યો માટે પ્રાર્થના કરવાનું યાદ રાખો અને તેમની ખાસ વિનંતીઓ અને જરૂરીયાતો યાદ રાખો (એફેસી ૬:૧૮) તમારા માટે તથા બીજાઓ માટે પ્રાર્થના કરવા તેમને ઉત્તેજન આપો.*

**૪. અગાઉથી પાઠનું પુનરાવર્તન કરાવી નવો પાઠ શરૂ કરો.**

*એ. શીખવા માટેની ચાવી વારંવાર દોહરાવવું છે.*

*બી. જો બની શકે તો બહેનો અગાઉના અઠવાડિયે શું શીખ્યા તે કહેવાનું જણાવો. જો તેઓના કહી શકે તો તમારી શીખવવાની રીતેનો વધુ સુધારા વધારા કરો.*

*સી. શીખનારાઓને તક આપો કે  તેઓ જે શીખ્યા તે વ્યવહારમાં મુકવાનો અનુભવ તેઓ ગ્રુપને જણાવી શકે. વિજયની ઉજવણી કરો. પડકારો વિષે તમારી કાળજી દર્શાવો. (રોમન ૧૨:૧૫)*

**૫. યાદ રાખો તમે શિક્ષક છો ઉપદેશક નથી.**

*એ. તમારે વીન ડીસાપ્લશીપ મેન્યુઅલ શીખવવાનું છે ભાષણ ઠોકવાનું નથી.*

*બી. પ્રશ્નો માટે સમય રાખો ને શીખનારાને પોતાના વિચારો વ્યક્ત કરવાની તક આપો. તેમના અભિપ્રાય અને વિચારો આવકારો.*

*સી. તેમના વિચારોને આવકારો ભલે તેમાં થોડા સુધારાની જરૂર હોય. (હેબ્રી ૫:૨)*

*ડી. શીખનારાને ક્ષોભ થાય અથવા તેમની મજાક કદી કરશો નહી. (ફિલીપી ૨:૩)*

**૬. વિષયમાં રહો આમતેમ ભટકી જાવ નહીં.**

*એ. જ્યારે લાકોને ચર્ચામાં ભાગીદાર કરીએ છીએ ત્યારે તેવું બનવું આસાન છે કે પાઠના બદલે બીન જરૂરી ચર્ચા થાય.*

*બી. આવુ બને તો જૂથને પાછા વિષય વસ્તુમાં લાવો - યાદ રાખો તમારે વીન ડીસાપ્લશીપ મેન્યુઅલના વિષય પર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે.*

*સી. જો કોઈ મહત્વની બાબતની ચર્ચા થાય તો પાઠ પૂરો થયા બાદ જે તે સંબંધીત વ્યક્તિ સાથે વાત કરો.*

ડી. ધ્યાન રાખો કોઈ એક વ્યક્તિ ચર્ચાનો હવાલો પોતાના હાથમાં લઈ ન લે. ખુબ હળવાશથી પરિસ્થિતિને કાબુમાં લઈ લો. અને દરેકને ભાગ લેવાની તક આપો. (રોમન ૧૨:૧૦)

**સમાપન**

આ સેવાની સફળતાનો આધાર તમારા વીનર્સ કેમ્પઈન માટેના સમર્પણ પર છે. આભૂમિકા આનંદ પૂર્વક ગંભીર જવાબદારી દેવ સમક્ષ નીભાવવાની છે. સફળ બનવા જરૂરી દાન તે તમને આપશે. જેઓને દેવે આ સેવા માટે તેડુ આપ્યુ છે તેઓને દેવનો ઈરાદો પૂર્ણ કરવામાં પ્રભુ મદદ કરશે.

**ચર્ચા માટેના પ્રશ્ન :**

૧. શીખવા માટે અગાઉથી પાઠનું પુનરાર્તન શા માટે જરૂરી છે?

૨. તમારા અભ્યાસના સમય દરમ્યાન આગેવાન તરીકે વીન ગ્રુપને વિષયમાં રાખવા તમારે શું કરવું પડશે?

**પ્રાર્થના :**

પ્રભુ હું માનું છું કે તમે મને શિષ્યોબનાવવા તેડું આપ્યું છું. અને વીન ગ્રુપની આગેવાન બનવા બોલાવી છે. મને હવે મદદ કરો કે જરૂરી જ્ઞાન, ધીરજ, સતર્કતા, ને ઉત્સાહી શીખવનાર હું બની શકું. શિષ્યપણાના મહાભારત કાર્ય માટે વૃધ્ધિ પામવા પ્રભુ અમ સર્વને તમે મદદ કરો. આમેન



## વીનર્સ ૩x૩કેમ્પેઈન



ઈસુ ખ્રિસ્તની સમર્પિત શિષ્યાઓ કે જેઓ ત્રણ બહેનોમાં અસરકારક આત્મિક ઘડતર થાય માટે નિર્ણય કરે છે. તેમના માટે સંમતિનો કરાર કરો. નીચેના સૂચનો છે.

૧. વધુ શિષ્યપણામાં કઈ ત્રણ બહેનોને લઈ જવી તેની પસંદગી માટે પ્રાર્થનામાં સમય ગાળો. તેઓ તૈયાર થઈ બીજાઓને શિષ્ય બનાવે.

૨. અઠવાડિયા દરમ્યાન તેમના માટે પ્રાર્થના કરો કે દેવ તેમને અર્થપૂર્ણ શિષ્યાપણા માટે તૈયાર કરે.

૩. તેમની સાથે મળો જેથી હિંમતથી તમે દેવની શિષ્યપણાની ઈચ્છા તેમને જણાવી શકો.

૪. તે દરેક સાથે વ્યક્તિગત પ્રાર્થનાકરી ડીસાપ્લશીપ મેન્યુઅલ શીખવા માટે

૫. તમારા વીન ગ્રુપમાં તેમને પ્રાર્થનાને શિષ્યપણાના સમર્પણ માટે બોલાવોય

૬. પ્રાર્થનાપૂર્વક વીન ડીસાપ્લશીપ મેન્યુઅલ શિક્ષણ પૂરું કરો કે જેથી ત્રણે સમર્પીત શિષ્ય બની બીજા ત્રણ જૂથ બનાવવા નિર્ણય કરે. વીન ગ્રુપમાં ત્રણ બહેનોનું જૂથ બનાવશે

## પ્રભુ, મને ખાત્રી છે

૧. તમે મારા માટે મારા પડોશીઓના પાપ માટે ક્રૂસ પર મર્યા (જ્યારે આપણી પાપી હતા ત્યારે ઈસુ મર્યા રોમન૫:૮)

૨. વિશ્વાસથી હું મારો બચાવ કર્યો અને જ્યારે મારા પડોશી તમારા તરફ ફરશે તમારા તરફ તમે તેમને બચાવશો. (જુઓ હું દરવાજા પાસે ઊભો રહીને ઠોકું છું, જો કોઈ મારો અવાજ સાંભળી પોતાના બારણું ઉઘાડશે તો હું માહે આવીશ પ્રકટી ૩:૨૦)

૩. તમે મને બચાવી માટે મારા પડોશીને સાક્ષી આપવી પડે કે તે બચી જાય. ( મેં તમને પસંદ કર્યા છે અને નીમ્યા છે કે તમે ફળ આપો યોહાન ૧૫:૧૬)

૪. તમારા વચનમાં જો હું રહીશ તો ખરો શિષ્ય બની રહીશ (જો તમે મારા વચનમાં રહો તો તમે મારા શિષ્ય છો યોહાન ૮:૩૧)

૫. તમારો શાહી આદેશ મારે માટે છે કે શિષ્ય બનાવું (જાવ સઘળા દેશનાઓને શિષ્ય બનાવો. માત્થી ૨૮:૧૯

૬. તમારી ઈચ્છા છે કે અન્ય ત્રણ બહેનોને હું શિષ્ય બનાવું. જેઓ બીજી ત્રણ બહેનોને શિષ્ય બનાવશે. (અરસપરસ સુબોધ કરો અને એકબીજાને દઢ કરો. ૧ થેસ્સા ૫:૧૧)

૭. મારે અત્યારથી જ મહાન આદેશની બંને જવાબદારી ઉઠાવવાની છે કે ફરી તમે ખોવાએલાને શોધવાના છે અને તેમને શિષ્ય બનાવવાના છે. (રાત્રી આવે છે ત્યારે કોઈ કામ કરી શકતો નથી યો.૯: ૪)

૮. પવિત્ર આત્મા પર આધાર રાખવા માટે હંમણા જ કરાર કરવો જોઈએ કે હું વિશ્વાસુ વિનર્સ બનીશ તમને ને સેવાને જવાબદાર રહીશ. તે દિશામો હું મારો હાથ લંબાવીને મારો ઈરાદો જાહેર કરું છું.

સહી ____________________

તારીખ ____________________

ઈસુ ખ્રિસ્તના માટે ત્રણ બહેનોને હું શિષ્ય બનાવીશ તેમના નામ છે.

૧ ____________________

૨ ____________________

૩ ____________________

## મદદરૂપ વેબસાઈટ

**http://coregroups.org.**
*કોર ગ્રુપ ડિસાપલશીપ. શીષ્યપણાના ગ્રુપ માટે ઉપયોગી સાહિત્ય*

**http://www.telintl.org.**
*સુવાર્તિક આગેવાની તૈયાર  કરનાર. વેચાણ માટે સાહિત્ય*

**http://www.navigators.org.**
*નેવીગેટર્સ શિષ્યપણાને બાઈબલ અભ્યાસ માટે ઉપયોગી સાહિત્ય*

**http://www.gospelcentereddiscipleship.com.**
*શિષ્યપણા પર લેખ ને સાહિત્ય*

**http://www.discipleshiplibrary.com.**
*શિષ્યપણાના અભ્યાસક્રમ માટે જરૂરી ઓડીયો અને પીડીએફ લેખ.*

**http://www.disciplers.org.**
*શિષ્યપણા વીના મૂલ્ય પાઠો.*

## આશાસ્પદ સેવા

*તમે મહિલા તરીકે અસરકારક આત્મા જીતનાર બનવા ઈચ્છો છો અને તમારે ખાસ સેવા માટે  જરૂરી માર્ગદર્શનની જરૂર છે અમારો સંપર્ક કરો. તમને મહિલાઓ માટે વચનદાયક સેવાનું સાહિત્ય આવશે સંપર્ક માટે અમારું સરનામું*

*સરનામું :* **AIDA**
**C-1/ 1493**
**Vsant kunj**
**New Delhi : 1 10070**
**INDIA**
**Email :** **shantarawate@yahoo.in**

**Phone :** **01126122930, 9971671627**